# ટંકારીઆ:
## ઈતિહાસની રોશનીમાં




સંપાદક:

**નાસીરહુસેન લોટીયા**

EST 1967

REGISTERED CHARITY NO. 290979

**TWS UK**

The Tankaria Welfare Society UK

"A little help can make a big difference"

**સૌજન્ય:**

ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.



પ્રવેશદ્વાર

**ટંકારીઆ ગામ શિક્ષણ, તબીબી, સાહિત્ય, સમાજસેવા, વેપાર, રાજકારણ અને રમતગમત જેવા અનેક ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું છે. ટંકારીઆના ૫૦૦થી વધુ શિક્ષકો, મોટી સંખ્યામાં ડૉક્ટરો, ઈજનેરો, સાહિત્યકારો, સમાજસેવકો, રાજકારણીઓ અને રમતવીરોએ ટંકારીઆનું નામ દેશવિદેશમાં રોશન કર્યું છે.**



# ટંકારીઆ:

## ઈતિહાસની રોશનીમાં

ભારતના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાના
ટંકારીઆ ગામનો સંશોધનાત્મક ઈતિહાસ

સંપાદક:
**નાસીરહુસેન લોટીયા**

# ટંકારીઆઃ ઈતિહાસની રોશનીમાં

ભારતના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાના ટંકારીઆ ગામનો સંશોધનાત્મક ઈતિહાસ

**સંશોધન અને સંપાદનઃ**
**નાસીરહુસેન અહમદ લોટીયા**

**ભાગ-૨ : મૌખિક ઇતિહાસ**

**સહ-સંપાદકોઃ**
**મુસ્તાક સુલેમાન દૌલા**
**શકીલ અબ્દુલ્લાહ ભા, યુ.એસ.એ.**

**પ્રથમ આવૃત્તિઃ** ૨૦૨૩

**ટાઇપસેટીંગઃ**
**નાસીરહુસેન અહમદ લોટીયા**

**સંપર્કઃ નાસીરહુસેન અહમદ લોટીયા**
**ટેલિઃ +919624039171**
**ઈ-મેઇલઃ nasirlotiya@gmail.com**

**મુદ્રકઃ આણંદ પ્રેસ,**
**ગામડી-આણંદ, ગુજરાત, ૩૮૮ ૦૦૧, ભારત**
**ફોન નં.: ૯૪૨૮૦ ૭૬૫૬૯**
**ઈ-મેઈલઃ** anandpress@gmail.com

# સૂચિ


પ્રસ્તાવના ........................................ ૭

ઈતિહાસઃ સશક્તિકરણનો સ્રોત ........................................ ૧૩

ટંકારીઆઃ એ નામમાં 'ટંકાર' છે. ........................................ ૧૫

ટંકારીઆઃ ભૂતકાળની ભવ્યતા અને વર્તમાનની ચમક (સંપાદકની કલમે) ... ૧૬

**ભાગ-૧ઃ ઈતિહાસના પ્રમાણભૂત ગ્રંથો અને શિલાલેખમાં સચવાયેલો ઈતિહાસ** ........................................ ૨૬

ટંકારીઆ ગામનું અગાઉનું જૂનું નામ મુસ્તફાબાદ હતું................ ૨૬

મુસ્તફાબાદની જામે મસ્જિદનો ઈતિહાસ (ઈ.સ. ૧૪૫૩)............ ૨૯

ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સીમાં નોંધાયેલ ટંકારીઆ ગામનો ઈતિહાસ (ઈ.સ. ૧૬૧૮)........................ ૩૨

ગામમાં રેલવે ટ્રેક નાંખવા જમીન મોજણી (ઈ.સ. ૧૮૫૬)........... ૩૩

પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ (ઈ.સ. ૧૮૬૩) ..................... ૩૪

ટંકારીઆ ગામની 'સેન્ટ્રલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ સ્કૂલ' (ઈ.સ. ૧૯૦૩) ... ૩૭

ટંકારીઆ ગામના સ્વાતંત્ર્ય સેનાનીઓ (ઈ.સ. ૧૯૩૦) ............. ૩૯

**ભાગ-૨: મુસ્તફાબાદ ટંકારીઆનો મૌખિક ઈતિહાસ (ઈ.સ. ૨૦૦૭).....૪૧**

ટંકારીઆના સાત વડીલોએ જણાવેલ ઈતિહાસની વાતો (ઈ.સ. ૨૦૦૭)...૪૨

ટંકારીઆના ઈતિહાસનો બીજો દ્રષ્ટિકોણ (ઈ.સ. ૨૦૦૭)............૫૩

**ભાગ-૩: સંસ્થાઓ અને સુવિધાઓ** .........................૬૧

ટંકારીઆ ગ્રામ પંચાયત ...............................૬૧

પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ (ઈ.સ. ૧૮૬૩)....................૬૫

બ્રાન્ચ પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ (ઈ.સ. ૨૦૦૫) ..............૬૬

પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ (ઈ.સ. ૧૯૦૨) ....................૬૭

બ્રાન્ચ પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ (ઈ.સ. ૨૦૦૫)...............૬૯

ધી ટંકારીઆ હાઈસ્કૂલ ટંકારીઆ (ઈ.સ. ૧૯૫૨) ..................૭૦

ધી ટંકારીઆ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ..............................૭૪

એમ.એ.એમ. હાઈસ્કૂલ (ઈ.સ. ૨૦૦૭) ........................૭૫

આઈ.એન. વિદ્યાલય (ઈ.સ. ૨૦૦૧) ..........................૭૮

જામીઅતુલ બનાત હાઈસ્કૂલ (ઈ.સ. ૨૦૧૯)......................૭૮

મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. (ઈ.સ. ૧૯૮૬)........................૭૯

આંગણવાડી શાળાઓ.......................................૮૨

ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી, યુ.કે. (ઈ.સ. ૧૯૬૭) .............૮૨

ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ, ટંકારીઆ (ઈ.સ. ૧૯૬૮)...............૮૬

મુસ્તફાબાદ યુથ કલબ ટંકારીઆ (ઈ.સ. ૧૯૭૪)...................૯૧

ધી મુસ્તફાબાદ સાર્વજનિક પુસ્તકાલય ટંકારીઆ (ઈ.સ. ૧૯૭૬) .....૯૩

સાર્વજનિક યુવક મંડળ ટંકારીઆ ............................૯૪

હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર ટંકારીઆ (સરકારી દવાખાનું) ............૯૪

અંજુમન સાર્વજનિક દવાખાનું (ઈ.સ. ૨૦૦૨).....................૯૫

મદની શિફાખાના/મદની હોસ્પિટલ (ઈ.સ. ૨૦૨૦) ................૯૯

ટંકારીઆ કોવિડ કેર સેન્ટર (ઈ.સ. ૨૦૨૧) .................... ૧૦૨

ગામની મસ્જિદો ....................................... ૧૦૪

મદ્રસાઓ અને દારૂલ ઉલૂમો .................................. ૧૦૬
ટંકારીઆ સબ-પોષ્ટ ઓફિસ (ઈ.સ. ૧૯૬૬) .................... ૧૦૭
બેંક ઑફ બરોડા ટંકારીઆ બ્રાન્ચ ................................ ૧૦૭
ધી ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી ................. ૧૦૮
સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા ટંકારીઆ બ્રાંચ (ઈ.સ. ૨૦૧૧) ........... ૧૦૮
ધી ભરૂચ તાલુકા ઉચ્ચતર વિભાગ પ્રાથમિક શિક્ષક કો-ઓપરેટીવ
ક્રેડીટ સોસાયટી-ટંકારીઆ (ઈ.સ. ૧૯૯૪) ..................... ૧૦૯
સેવાભાવી પ્રવૃત્તિઓ ........................................... ૧૧૦
દેશવિદેશની વિવિધ સંસ્થાઓમાં ટંકારીઆના લોકોનું યોગદાન...... ૧૧૧
રમતગમત ................................................... ૧૧૪
ટંકારીઆ વૅબસાઈટ (ઈ.સ. ૨૦૦૭) ............................ ૧૧૯
માય ટંકારીઆ વૅબસાઈટ (ઈ.સ. ૨૦૦૭) ...................... ૧૨૧
ટંકારીઆ ચેનલ (ઈ.સ. ૨૦૨૨) ............................... ૧૨૨

**ભાગ-૪: ટંકારીઆના લોકો** .................................... ૧૨૪
ટંકારીઆના પીર બુઝૂર્ગો ....................................... ૧૨૭
ધારાસભા, તાલુકા અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા
સભ્યો/રાજકારણીઓ ........................................... ૧૨૮
ગામની ભૂતકાળમાં થઈ ગયેલ કેટલીક નામાંકિત વ્યક્તિઓ ........ ૧૩૦
ટંકારીઆના ચમકતા સિતારા .................................... ૧૩૨
ડૉક્ટરો અને હકીમો ........................................... ૧૩૨
ટંકારીઆના ભૂતકાળના અને હાલના કવિઓ, સાહિત્ય સર્જકો,
સાહિત્ય રસિકો અને કલા પ્રેમીઓ ............................. ૧૪૦

**English Version:**
History of Tankaria
(Tankaria's glorious past and glittering present) .................. 141
The Tankaria Welfare Society – UK: Journey of
our history and heritage........................................................ 143

EST 1967

REGISTERED CHARITY NO. 290979

TWS UK

The Tankaria
Welfare Society UK

"A little help can make a big difference"

## સૌજન્ય

આ પુસ્તકનું પ્રકાશન ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ના સૌજન્યથી થયું છે એ બદલ આ સંસ્થાના અગાઉના પ્રમુખ **જનાબ શફીકભાઈ પટેલ** અને હાલના પ્રમુખ **એમ. ફારૂકભાઈ ઉઘરાદાર**, તમામ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, સભ્યો, સમર્થકો, શુભેચ્છકો સૌનો આભાર માનું છું. તારીખ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ લેસ્ટર ખાતે યોજાયેલી સંસ્થાની ગોલ્ડન જ્યુબિલી ઉજવણી પ્રસંગે જનાબ અદમ ટંકારવી સાહેબના સૂચનથી જનાબ ઈસ્માઈલ સાહેબ ખૂણાવાલાએ ટંકારીઆના ઈતિહાસને પુસ્તકના રૂપમાં પ્રકાશિત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવે આ પુસ્તકના પ્રકાશન માટે પાયાનું કામ કર્યું હોવાથી આ બેઉ સાહેબોનો આભાર માનું છું.

ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ના આદ્યસ્થાપકોએ એમના વડવાઓની માતૃભૂમિ ટંકારીઆમાં જન્મ લીધો હતો. સારા જીવનધોરણની શોધમાં તેઓએ બ્રિટનમાં ભલે વસવાટ કર્યો પરંતુ પાછળ છોડીને આવેલ માતૃભૂમિ અને એના વસાહતીઓની છબી એમના દિમાગમાં કંડારેલી હતી. સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી ઘણા લોકસેવાના કામો આ સંસ્થા દ્વારા થતા રહ્યા છે. ટંકારીઆ ગામના વિકાસ અને સમાજસેવાના કામોમાં ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ના યોગદાનની નોંધ અવશ્ય લેવાતી રહેશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

## પ્રસ્તાવના

ટંકારીઆ ગામ ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ની વસ્તી ધરાવતું ભારતના ગુજરાત રાજ્યના, ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાનું વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ આગળના ક્રમે આવતું ગામ છે. આ ગામ શિક્ષણ, વેપાર, સમાજસેવા, આરોગ્ય, સાહિત્ય, રાજકારણ અને રમતગમત જેવા અનેક ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું છે.

ટંકારીઆના લોકો અવિરત પરિશ્રમ અને સતત મથામણ કરી અનેક ક્ષેત્રોમાં અગ્રેસર રહી, સાહસ કરતા રહી, ટંકારીઆ ગામનું નામ પ્રાદેશિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગૌરવાન્વિત કરતા રહ્યા છે. ટંકારીઆ ગામના સાહસિક મનોવૃત્તિ ધરાવતા લોકો જેઓ નોકરી કે ધંધા માટે વિદેશમાં સ્થાયી થયા છે ત્યાં પણ વિવિધ ક્ષેત્રોમાં ઝંપલાવી ગામનું નામ રોશન કરતા રહ્યા છે. ટંકારીઆના લોકો અને તેની શૈક્ષણિક, આરોગ્ય અને સમાજસેવાના કામ કરતી સંસ્થાઓની સેવાઓ ટંકારીઆ પૂરતી મર્યાદિત ન રહેતાં ટંકારીઆની ચોતરફ આવેલા અનેક ગામો અને શહેરના લોકોને તથા વિદેશમાં પણ મળતી રહી છે એ નકારી ન શકાય એવી હકીકત છે. ટંકારીઆના લોકોની કોઈ પણ પ્રકારના ભેદભાવ વિનાની, ઉદાર નીતિનો લાભ સમાજના તમામ વર્ગના, તમામ ધર્મના લોકોને એક સરખી રીતે સતત મળતો રહ્યો છે એ નિર્વિવાદ હકીકત છે. ટંકારીઆ ગામના ચમકતા ભૂતકાળ અને વર્તમાનને ઉજાગર કરતા આ પુસ્તકના પ્રકાશનથી આજની અને આવનારી પેઢીઓને કેટલાક અધિકૃત દસ્તાવેજી પુરાવા, ગામનો ભવ્ય

વારસો, ગામની નામાંકિત વ્યક્તિઓ અને સફળ સંસ્થાઓની સેવાઓ અને સિદ્ધિઓ અંગેની માહિતી મળશે. આ પુસ્તકમાં ટંકારીઆ ગામના પરિપૂર્ણ ઈતિહાસનો સમાવેશ કરવામાં આવ્યો છે એવું કહી શકાય નહીં. પુસ્તકના વ્યાપને મર્યાદિત રાખવાનો હોવાથી હાલમાં ઉપલબ્ધ માહિતીનો પણ સંપૂર્ણતઃ સમાવેશ આ પુસ્તકમાં કરી શકાયો નથી. ઈતિહાસ એ સંશોધનનો વિષય હોવાથી જેટલો વધુ સમય ફાળવી શકાય એટલી વધુ માહિતી એકત્રિત કરી શકાય. ભવિષ્યમાં કોઈ ટંકારવી વધુ સંશોધન કરી ટંકારીઆના ઈતિહાસ વિષે વધુ માહિતી એકત્રિત કરશે એવી અભ્યર્થના છે. પુસ્તકમાં સમાવિષ્ટ આધારભૂત ઐતિહાસિક હકીકતો હાલની અને આવનારી પેઢીઓ માટે દિશાસૂચનનું કામ કરશે એવી આશા છે.

જ્યોર્જ સંત્યાનાનું પ્રખ્યાત કથન છેઃ ‘‘જે લોકો ભૂતકાળ યાદ રાખતા નથી તે જ તેના પુનરાવર્તનને નકારે છે.’’

ભાગ-૨ઃ મૌખિક ઈતિહાસનું અંગ્રેજી ભાષામાં સંપાદન વર્ષ ૨૦૦૭માં થયું હતું. આ વિભાગના સહ-સંપાદકો મુસ્તાક સુલેમાન દૌલા અને શકીલ અબ્દુલ્લાહ ભા હતા. ભાગ-૦૪માં સમાવિષ્ટ કવિઓ, સાહિત્ય સર્જકોની માહિતી અદમ ટંકારવી સાહેબ, મહેક ટંકારવી સાહેબ અને કદમ ટંકારવી સાહેબ પાસેથી પ્રાપ્ત થઈ છે. કહાં ગયે વો લોગ, ટંકારીઆના ચમકતા સિતારા (Shining Stars), કવિઓ (Poets) વિષેની વિગતવાર માહિતી My Tankaria વૅબસાઈટ પર આપવામાં આવેલ છે જેનો શ્રેય તેના સંપાદકો મહેક ટંકારવી સાહેબ, અદમ ટંકારવી સાહેબને તથા કહાં ગયે વો લોગમાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારા કેટલાક કર્મવીરો અને મહિલાઓનાં જીવનચરિત્રો રજૂ કરનાર ભાઈઓને ફાળે જાય છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંખ્યા અંગેની માહિતી સંસ્થાઓના હોદ્દેદારો, કર્મચારીઓ તરફથી મળી છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં બનેલી નવી મસ્જિદો, મદ્રસા, તથા ગામની બીજી સંસ્થાઓની સ્થાપનાની તારીખ જેવી અગત્યની માહિતી આ ટ્રસ્ટો અને સંસ્થાઓના હોદ્દેદારો પાસેથી મળી છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ ડૉક્ટરો વિષેની માહિતી એકત્રિત કરવામાં કેટલાક ભાઈઓનો સહયોગ

મળ્યો છે. પુસ્તકના સંપાદનના અંતિમ તબક્કામાં આ પુસ્તક ઈ-મેઈલ દ્વારા મેં આપણા ગામના સાહિત્યકારો પૈકી જનાબ 'અદમ ટંકારવી' સાહેબ અને જનાબ 'મહેક ટંકારવી' સાહેબને વાંચવા માટે મોકલ્યું હતું. આ પુસ્તકનું શીર્ષક/નામ 'ટંકારીઆઃ ઈતિહાસની રોશનીમાં' તેઓએ સૂચવ્યું છે. એક તબક્કે આ પુસ્તકના કુલ ૩૦૦ પૃષ્ઠ થઈ ગયા હોવાથી, અગાઉ વૅબસાઈટના માધ્યમથી પ્રસિદ્ધ થઈ ચૂકી છે તે ગામની નામાંકિત વ્યક્તિઓ વિષેની માહિતી હાલમાં ટૂંકમાં રજૂ કરવા અને પુસ્તકના કદને ઘટાડવાનું સૂચન પણ તેમણે કર્યું હતું. આ પુસ્તકના કવરપેજ ઉપરનો ફોટો વરેડિયા ગામના નઈમભાઈ બાબરીયાના ડ્રોન કેમેરાની મદદથી લીધેલા વીડિયોમાંથી લીધો છે. ટંકારીઆની ઐતિહાસિક જામે મસ્જિદનું ૪૦ સે. મી. લંબાઈ અને ૩૩ સે.મી. પહોળાઈનું ચિત્ર વોટર કલરનો ઉપયોગ કરી ચિત્રકાર હાફેજી ઈસ્માઈલ (અબ્દુલભાઈ મક્કન કરમાડવાલા)એ તૈયાર કર્યું છે. આ સુંદર ચિત્ર અદમ ટંકારવી સાહેબ મારફતે મળ્યું છે. આ ચિત્રને પુસ્તકના પેજના કદ પ્રમાણે નાનું કરી પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. TWS UK વતી ઈમ્તિયાઝ પટેલ વરેડિયાવાલા ઉર્ફે ટંકારવીએ The Tankaria Welfare Society – UK: Journey of our history and heritage અંગ્રેજીમાં લખી મોકલેલ છે જેથી ગુજરાતી વાંચી શકતા નથી એવા ટંકારવીઓ TWS UK વિષે માહિતી મેળવી શકે.

આ પુસ્તકના સંપાદનમાં ઉપર જણાવ્યા મુજબના ભાઈઓનો, વડીલોનો સહયોગ મળ્યો છે; આ સર્વેનો હું આભાર માનું છું. શક્ય એટલી ચીવટ રાખવા છતાં ક્યાંક માહિતી અધૂરી રહી ગઈ હોય અથવા ભૂલ થઈ હોય તો એ બાબતે ધ્યાન દોરવામાં આવશે તો હવે પછીની આવૃત્તિમાં સુધારો કરવામાં આવશે. પુસ્તકની ઓનલાઈન આવૃત્તિ રેગ્યુલર અપડેટ કરવામાં આવે છે. ઓનલાઈન આવૃત્તિ વાંચવા અને PDF ફાઈલ ડાઉનલોડ કરવા માટે નીચે આપેલ લિંકનો ઉપયોગ કરો.

https://www.mytankaria.com/history-of-tankaria-gujarati
ટંકારીઆઃ ઈતિહાસની રોશનીમાં (ગુજરાતી)

https://www.mytankaria.com/history-of-tankaria (English Version)

ટંકારીઆ વૅબસાઈટ પર ૨૦૦૭માં અંગ્રેજીમાં પ્રકાશિત થયેલ પ્રથમ ઓનલાઈન આવૃત્તિ અને ૨૦૨૧માં પ્રકાશિત થયેલ વર્ધિત ઓનલાઈન બીજી આવૃત્તિમાં અનેક નવી અને વધારે રસપ્રદ બાબતોનો ઉમેરો થયો છે એની અનુભૂતિ ઈતિહાસના આ પુસ્તકના ચારેય ભાગોમાંથી પસાર થતાં વાંચકોને જરૂર થશે.

*ગુજરાતી ભાષાનું આ મારું પ્રથમ પુસ્તક છે જેને ધ્યાનમાં રાખીને મહેક ટંકારવી સાહેબે ટેલીફોનીક વાતચીતમાં કરેલા અનુસરણીય સૂચનને માન આપી સંપાદક, લેખક તરીકે મારો પરિચય અહીં ટૂંકમાં રજૂ કરું છું. સાંપ્રતકાળમાં આ માહિતી દિશાસૂચનનું કામ કરશે.*

**સંપાદકનો પરિચયઃ**

મારો જન્મ ટંકારીઆમાં થયો. ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વડોદરાની ઝેનિથ હાઈસ્કૂલના એક-દોઢ મહિનાના અભ્યાસને બાદ કરતાં ધોરણ ૦૧ થી ૧૨ (ટંકારીઆ હાઈસ્કૂલની વિજ્ઞાન પ્રવાહની પ્રથમ બેચ) સુધીનું શિક્ષણ ગુજરાતી માધ્યમની ટંકારીઆ ગામની શાળાઓમાં જ થયું. ધોરણ ૮ના અભ્યાસ દરમિયાન મેં અને મિત્ર અલ્તાફ દશુ ('અલ્તા')એ ગઝલની કેટલીક પંક્તિઓ લખી હતી જેને સાહિત્ય ક્ષેત્રમાં મારી નાની શરૂઆત ગણી શકાય. ૧૯૮૮માં કંપનીમાં મેન્ટેનન્સ એન્જિનિયર તરીકે નોકરીની સારી શરૂઆત થઈ હતી પરંતુ ૧૯૯૦-૯૩નો સમયગાળો સંઘર્ષનો હતો. આ સમયગાળામાં કર્મચારીઓના પાયાના મૂળભૂત હક્કો માટેની લડતમાં સરકારી કચેરીઓમાં રજૂઆત, વકીલોની લડત, વાટાઘાટો અને ઠાલા વચનો બધું જ નિષ્ફળ જતાં અંતે 'કર્મચારી સંઘર્ષ સમિતિ'ની રચના કરવામાં આવી હતી. ટંકારીઆના મારા મિત્રો દિલાવર બચ્ચા, ઈકબાલ ચટી, યાકુબભાઈ કડવા અને હારુન સુતરીયાનો મને ટેકો મળતાં કેટલાક જલદ કાર્યક્રમોના આયોજનમાં મને ખાસ મદદ મળી હતી. મેં અને મિત્ર દિલાવરે લખેલા સમાચારપત્રના અડધા પાનાની સાઈઝના લેખ અને પ્રેસનોટ 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' દૈનિક સમાચારપત્રોમાં પ્રસિદ્ધ થતાં દબાણમાં આવેલા સામા પક્ષ દ્વારા અમને હતોત્સાહ

કરવા તાબડતોડ 'સત્ય શોધક સમિતિ'ની રચના કરવામાં આવી હતી. સત્યની સર્વદા જીત થાય છે એમ અંતે અમારી જીત થઈ એમાં ધારદાર રજૂઆત સાથેના સમાચારપત્રોમાં છપાયેલા લેખ અને પ્રેસનોટનું મહત્વનું યોગદાન હતું. ગુજરાતના રાજકારણમાં ખૂબ મોટા ગણાતા નેતાઓ સામેની લડતનો એ લાંબો સમયગાળો મારા વિધિવત્ લખાણની શરૂઆતનો સમય હતો.

ટંકારીઆ આઈ.ટી.આઈ.માં Craft Instructor તરીકેની નોકરી દરમિયાન નવી ટેકનોલોજીથી આકર્ષિત થઈ આગળ વધવાની ઈચ્છા થઈ એટલે ખૂબ વ્યવસ્થિત આયોજન કરી સરકારી ધારાધોરણના વેતન અને લાભ સહિતની નોકરી છોડવાનો જોખમી પરંતુ આગળ પાછળનો વિચાર કરીને ઠોસ નિર્ણય લીધો. કન્સ્ટ્રકશન ટેકનોલોજી સંબંધિત ગહન અભ્યાસ અને અથાગ પ્રયત્નોની ફલશ્રુતિરૂપે પ્રથમ ઈન્ટરવ્યુમાં સુપ્રસિદ્ધ 'સાઉદી અરામકો' રિફાઇનરીમાં ક્વોલિટી એન્જિનિયર તરીકેની નોકરીની તક મળી. આ સોનેરી તકનો લાભ લઈ અરામકોના અત્યંત ખ્યાતિ પામેલા પ્રમાણભૂત સ્પેસીફીકેશન વાંચવા, સમજવા અને તેનું અનુસરણ કરવા સતત અને તનતોડ મહેનત કરી. આ અનુભવોના આધારે દોહા કતારના નવા બનતા એરપોર્ટમાં 'લીડ સ્ટ્રકચરલ એન્જિનિયર' (QA/QC) અને સાઉદી અરેબિયાના જીદ્દાહના નવા બનતા એરપોર્ટમાં ક્વોલિટી મેનેજર ('Quality Assurance and Quality Control Manager') તરીકેની નોકરીના બે મોકા મળ્યા. ખૂબ મોટા બજેટના આ બન્ને વિશાળ પ્રોજેક્ટમાં અન્ય જવાબદારીઓ ઉપરાંત પ્રમાણભૂત ફોર્મેટમાં A4 સાઈઝના, અંગ્રેજી ભાષાના ટેકનિકલ પુસ્તકોનું સંપાદન કર્યું. દોહા કતારના એરપોર્ટની નોકરીના સમયગાળામાં એપ્રિલ ૨૦૦૯માં, 'Continuous Process Improvement'ના લેખક તરીકે મને 'Six Sigma' પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર ADCC NDIA તરફથી પ્રાપ્ત થયા હતા. આ સમયગાળામાં ઘણા ટેકનિકલ પુસ્તકોની સમીક્ષા/વિવેચન (Review)નું કામ પણ કર્યું. આ બન્ને પ્રોજેક્ટમાં ટંકારીઆના મુહમ્મદમતીન બશીર મનમન પણ મારી સાથે ક્વોલિટી એન્જિનિયર તરીકે કામ કરતા હતા.

ઓક્ટોબર ૨૦૧૫માં સાઉદી અરેબિયાના જીદ્દાહ શહેરમાં 'વેસ્ટ મેનેજમેન્ટ ઍન્ડ રિસાયકિંલગ સમિટ'નું આંતરરાષ્ટ્રીય કક્ષાનું ભવ્ય આયોજન થયું હતું. બે દિવસના સમિટમાં અનેક દેશોની આંતરરાષ્ટ્રીય કંપનીઓ, સરકારના પ્રતિનિધિ, વૈજ્ઞાનિકો, ઇજનેરોએ ભાગ લીધો હતો. સમિટના આયોજકો સાથે વિષય સંબંધિત લેખિત વિચારોની આપ-લે અને કેટલાક તબક્કામાં થયેલ લેખિત ચર્ચાની ફલશ્રુતિરૂપે મને સાઉદી અરેબિયાની સૌથી મોટી કંપની 'સાઉદી બિન લાદિન' ગ્રુપના ડેલિગેટ તરીકે આમંત્રણ મળતાં મેં આ સમિટ, વર્કશોપમાં ભાગ લીધો હતો. સમિટમાં યોગદાન આપવા બદલ મને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ સમિટમાં જીદ્દાહમાં ઘણા વર્ષોથી સ્થાયી થયેલા અને 'ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર' તરીકેનો વ્યાપક અનુભવ ધરાવતા ટંકારીઆ મૂળના જનાબ મુહમ્મદભાઈ ભાયજી (PMET, Surat)ને ભાગ લેવા મારા તરફથી મેં ખાસ આમંત્રણ આપ્યું હતું. વિગતવાર માહિતી માટે મુલાકાત કરો.

https://www.mytankaria.com/news/2015/10/9749

LinkedIn પ્રોફેશનલ નેટવર્કમાં 'Career Guidance' તથા My Tankaria વૅબસાઈટ પર મરહૂમ 'ખલીલ ધનતેજવી' જેવા કેટલાક લેખ લખ્યા છે. આ ઉપરાંત કેટલીક ગઝલો અને નજમો પણ લખી છે. આમ લેખન અને સંપાદનના વિષય, સમય અને જરૂરિયાત મુજબ બદલાતા રહ્યા છે. વિગતવાર માહિતી માટે મુલાકાત કરો / મોબાઈલ ફોનથી QR Code સ્કેન કરો.

https://mytankaria.com/people/poets/nasirhusen-lotiya

https://www.mytankaria.com/people/motivational-stories/khalil-dhantejvi

https://www.linkedin.com/pulse/career-guidance-nasirhusen-ahmed-lotiya-

## ઇતિહાસઃ સશક્તિકરણનો સ્ત્રોત

***મહેક ટંકારવી,*** *બોલ્ટન, યુ.કે.*

"મંઝર" ભોપાલીનો એક શેર યાદ આવે છેઃ

**અપને પુરખોં કી વિરાસત કો સંભાલો વરના**
**અગલી બારિશ મેં યે દીવાર ભી ગિર જાએગી**

જેમ મહાન યુગપુરૂષોની આત્મકથાઓમાંથી આપણને જીવનમાં ઉપયોગી થાય એવું ઘણું બધું જાણવા-શીખવાનું મળે છે, એટલું જ નહીં પણ કોઈ વાર તો એમાંથી આપણું જીવન બદલી નાંખે એવી, જેને કામયાબીનો કીમિયો કહી શકીએ તેવી ચમત્કારિક વાતો, આપણને હાથ લાગી જાય છે. કંઈક એવું જ પ્રજાઓના ઈતિહાસ વિષે પણ કહી શકાય. કોઈ પણ પ્રજાનો ઈતિહાસ જાણવો એટલે એ પ્રજાના ઉદભવથી લઈને એનાં વાણી, વર્તન, વિચાર, રહેણીકરણી, માન્યતાઓ, રિવાજો કુરિવાજો, એની ચડતી અને પડતી, એના સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય, આર્થિક વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી ગયેલા સ્ત્રી પુરુષો વગેરેને લગતી માહિતીથી વાકેફ થવું અને તેને આપણા લોકો, આપણા ગામ અને આપણા સમાજ માટે ભવિષ્યનો માર્ગ કંડારવા માટે ઉપયોગમાં લેવી; એમણે કરેલી ભૂલોને નિવારવી અને એમણે મેળવેલ સિદ્ધિઓ પાછળનાં રહસ્યોને પામી તેને અમલમાં મૂકવું. પ્રગતિના પંથે પડી સિદ્ધીનાં એક પછી એક સોપાન સર

કરવા માટે આ ઐતિહાસિક માહિતી આપણા માટે સશક્તિકરણનો એક ઉમદા અને કીમતી સ્રોત બની રહે છે. હંગેરિયન-જર્મન આર્ટ હિસ્ટોરિયન આર્નોલ્ડ હાઉસર (Arnold Hauser)ના શબ્દોમાંઃ

“Know your history: it is important to remember those who came before us, including the challenges they faced. Not knowing your history is like having a tree without any roots. History can be a source of empowerment.”

‘‘તમારા ઈતિહાસને જાણોઃ આપણા પહેલાં જે લોકો થઈ ગયા તેમણે જે પડકારોનો સામનો કર્યો હતો તેને લગતી માહિતી સહિત, તેમના વિષે જાણવું મહત્વનું છે. તમારા ઈતિહાસથી નાવાકેફ હોવું એ (ગમે તેવા ઝંઝાવાતમાં જમીન સાથે વળગી રહેવાની મજબૂત શક્તિવાળાં) મૂળિયાં વગરના પેલા ઝાડ જેવું છે જે ગમે ત્યારે ઉખડી જઇ પોતાનું અસ્તિત્વ ગુમાવી શકે છે. ઈતિહાસ એ સશક્તિકરણનો એક ઉમદા સ્રોત સાબિત થઈ શકે છે.’’

ભાઈ નાસીરહુસેને લોકવાયકાઓ નહીં, રિવાયતો નહીં પણ નક્કર ઐતિહાસિક હકીકતો બયાન કરીને આપણી સમક્ષ આપણા ગામનો ભવ્ય ઈતિહાસ રજૂ કર્યો છે. આ ઈતિહાસ ખાસ કરીને આપણી યુવાન પેઢીને માર્ગદર્શક બની ગામના ઉમદા ભૂતકાળ સાથેનાં આપણાં મૂળિયાં મજબૂત બનાવવામાં સહાયક નીવડે એવી હું આશા રાખું છું અને શુભેચ્છા પાઠવું છું.

## ટંકારીઆઃ એ નામમાં 'ટંકાર' છે

*અદમ ટંકારવી,* બોલ્ટન, યુ.કે.

નાસીરહુસેન સંપાદિત આ પુસ્તક ટંકારીઆ ગામના ગૌરવાંકિત ભૂતકાળને તથા ધબકતા (vibrant) વર્તમાનને ઉજાગર કરે છે. આ ઈતિહાસમાંથી પસાર થતાં આપણા ચિત્ત પર ટંકારીઆની પ્રગતિશીલ (progressive) ગામ તરીકેની મુદ્રા ઊપસે છે. આ આલેખન કાલ્પનિક નથી. એ અધિકૃત ઐતિહાસિક દસ્તાવેજો, શિલાલેખ અને મૌખિક ઈતિહાસમાંથી પ્રાપ્ત તથ્યો પર આધારિત છે. ટંકારીઆની આ તવારીખ ગામની વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે પ્રેરણાદાયી બનશે એવી અપેક્ષા.

**ગામ વચ્ચે ભવ્ય એક મિનાર છે,**
**મોટું પાદર જાણે કે દરબાર છે,**
**ચોતરફ પડઘાય છે ટંકારીઆ,**
**કેમકે, એ નામમાં ટંકાર છે.**

# ટંકારીઆઃ ભૂતકાળની ભવ્યતા અને વર્તમાનની ચમક (*સંપાદકની કલમે*)

***નાસીરહુસેન લોટીયા,*** *ટંકારીઆ.*

આ એક અનોખા ગામ મુસ્તફાબાદ-ટંકારીઆના ભવ્ય ઈતિહાસ અને ઝળહળતા વર્તમાનની વાત છે. અંગ્રેજો અને એ પહેલાંના શાસકોના સમયથી આ ગામની છબી જાજવલ્યમાન રહી હોવાથી તેની સવિશેષ નોંધ લેવાતી રહી છે. આ ગામથી પ્રભાવિત થઈ, મુઝફ્ફરીદ રાજવંશના ‘અહમદશાહ બાદશાહ’ અને મુઘલ સામ્રાજયના ‘જહાંગીર બાદશાહ’ ગામને ખાસ પ્રાધાન્ય આપતા હતા. અનેક સૂફી-સંતો, વલીઓએ આ ગામને કર્મભૂમિ તરીકે પસંદ કરી ગામની માટીમાં દફન થવાનું પસંદ કર્યું હતું. ટંકારીઆનું નામ શિક્ષણ, વેપાર, સમાજસેવા, આરોગ્ય, સાહિત્ય, રાજકારણ અને રમતગમત જેવા અનેક ક્ષેત્રોમાં સતત ચમકતું રહ્યું છે.

ગામના મોટા ભાગના વડીલોનો સૌથી સામાન્ય દ્રષ્ટિકોણ જે પેઢી દર પેઢી ચાલી આવતી વાતચીતની સાંકળ પર આધારિત છે તે એ છે કે, ધોળકા-ધંધુકાથી ચાર મોટા કુટુંબો હિજરત કરી આપણા ગામમાં રહેવા આવ્યા હતા. આપણા વડવાઓ, વડીલોમાં આ વાત ખૂબ મોટા પ્રમાણમાં પ્રચલિત હોવાથી અને બધાનો અભિપ્રાય એક સરખો હોવાથી એ સત્ય હોવાની શક્યતા વધુ પ્રબળ બને છે.

ધોળકા અને ધંધુકા બન્ને ભારત દેશના ગુજરાત રાજ્યના અહમદાબાદ જિલ્લામાં આવેલા છે. ધોળકા નડિયાદથી પશ્ચિમ તરફ આશરે ૫૦ કિ.મી. ના અંતરે આવેલું છે. ધંધુકા, ધોળકાની પશ્ચિમ બાજુએ આવેલું છે. જમીન માર્ગે ધોળકા અને ધંધુકા વચ્ચેનું અંતર ૭૩ કિલોમીટર છે. કાપડની ફેરી ફરી ધંધો કરતા ગામના વેપારીઓ જે ધંધા અર્થે ધંધુકાની મુલાકાત લેતા હોય છે એમણે ૨૦૦૭માં જણાવ્યું હતું કે "હાલમાં પણ ધંધુકામાં રહેતા ઘણા લોકોના નામ અને અટક ટંકારીઆના લોકોના નામ અને અટક જેવા જ છે."

એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું લગભગ ૭૩ કિલોમીટરના અંતરે આવેલા ધોળકા અને ધંધુકા એમ બે સ્થળેથી લોકો સ્થળાંતર કરી આપણા ગામમાં રહેવા આવ્યા હતા? આ પ્રશ્નનો જવાબ મેળવવાનો પ્રયાસ કરતાં કેટલાક તર્કવિતર્ક ઉત્પન્ન થાય છે. હાલમાં ટંકારીઆ ગામ પાસે કોઠી નામના બે ગામો પૈકી વાંતરસા ગામ પાસે આવેલ કોઠી ગામને વાંતરસા-કોઠી તરીકે અને ત્રાલસા ગામ પાસે આવેલ કોઠી ગામને ત્રાલસા-કોઠી તરીકે બોલવામાં/ઓળખવામાં આવે છે. એવું જ ભરૂચ જિલ્લામાં ટંકારીઆને મળતા આવતા એકથી વધુ ગામો હોવાથી આપણા ગામને સિતપોણ-ટંકારીઆ અથવા પારખેત-ટંકારીઆ તરીકે બોલવામાં/ઓળખવામાં આવે છે; જેનો મતલબ સિતપોણ ગામ પાસે આવેલ ટંકારીઆ અથવા પારખેત ગામ પાસે આવેલા ટંકારીઆ ગામ એવો થાય છે. ભૂતકાળમાં ધંધુકાની ઓળખ ધોળકા-ધંધુકા તરીકે થતી હતી એનું કારણ શું? શું જે-તે સમયે એ વિસ્તારમાં એક થી વધુ ધંધુકા હતા? અનેક પ્રયાસો પછી ધંધુકા નામનું કોઈ બીજું ગામ કે શહેર આ વિસ્તારમાં અસ્તિત્વમાં હતું એવા કોઈ પુરાવા મળતા નથી એટલે આ તર્ક ખોટો પડે છે.

ધંધુકા નગરને ધોળકા-ધંધુકા તરીકે કેમ ઓળખવામાં આવે છે એ બાબતે વધુ માહિતી મેળવવાનો પ્રયાસ કરતાં 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી, વોલ્યુમ ૪, અહમદાબાદ'ના પેજ ૩૩૪ પર નોધાયેલું જોવા મળે છે કે 'મુસ્લિમો અને મરાઠાઓ હેઠળ, ધંધુકાએ એક દેશી નગર તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું, તેનું નસીબ લગભગ હંમેશા ધોળકાના નસીબ સાથે

જોડાયેલું છે. ધોળકાની સાથે તેને ૧૮૦૨માં અંગ્રેજોને સોંપવામાં આવ્યું હતું.' આ વિગતોનો ઉલ્લેખ વિકિપીડિયામાં અને gujaratupdates.com વૅબસાઈટમાં પણ છે. ઈતિહાસના પાના ઉથલાવતાં એવો નિષ્કર્ષ નીકળે છે કે 'મુસ્લિમો, મરાઠાઓ અને અંગ્રેજોના શાસનકાળમાં ધોળકામાં જેનું શાસન પ્રસ્થાપિત થતું એ જ સમયે ધંધુકામાં પણ એ જ શાસન પ્રસ્થાપિત થતું હોવાથી રાજકીય રીતે આ બન્ને નગરો ખાસ રીતે એકબીજા સાથે જોડાયેલા રહ્યા છે. ધોળકા પર થતા શાસનના ફેરફારની અસર લગભગ હંમેશા ધંધુકા પર એ જ સમયે એક સરખી રીતે થતી હોવાથી ધંધુકાની ઓળખને ધોળકા સાથે પ્રસ્થાપિત કરી ધંધુકાને ધોળકા-ધંધુકા તરીકે ઓળખવામાં અને બોલવામાં આવે છે. આ ઉપરાંત એવું ધ્યાનમાં આવ્યું છે કે પુસ્તકોમાં પણ જ્યાં ધોળકાનો ઉલ્લેખ થાય છે ત્યાં આ નગરનો ઉલ્લેખ ધોળકા-ધંધુકા તરીકે થતો નથી પરંતુ જ્યાં ધંધુકાનો ઉલ્લેખ થતો હોય છે ત્યાં તેનો ઉલ્લેખ ઘણીવાર ધોળકા-ધંધુકા તરીકે થાય છે. આ બધી બાબતોનો ઊંડાણમાં અભ્યાસ કરતાં એવું ચોક્કસ તારણ નીકળે છે કે મુસ્તફાબાદ ટંકારીઆમાં હિજરત કરીને આવેલા લોકો ધંધુકાથી આવીને આ ગામમાં વસ્યા હતા. એટલે કે આ ગામના પ્રારંભિક વસાહતીઓ મૂળ ધંધુકાના હતા. અલ્લાહ તઆલા બેહતર જાણવાવાળો છે.

મોટા ભાગના લોકોનું માનવું છે કે સ્થળાંતર કરીને આ ગામમાં વસવાટ માટે આવેલા ચારેય મોટા કુટુંબ એ મૂળ એક જ બાપની ઓલાદમાંથી વિસ્તરણ પામેલા ચાર સગા ભાઈઓના જ કુટુંબ હતા અને તેથી જ આ ગામ '**ચાર ભાઈઓનું ગામ**' તરીકે એના સ્થાપનાના સમયથી ઓળખાતું આવ્યું છે. આ ચાર મોટા કુટુંબો હિજરત કરી જ્યારે આ ગામમાં વસવાટ માટે આવ્યા ત્યારે તેમણે તેમના સૌથી નજીકના કુટુંબીજનોને સાથે રાખી ગામના ચાર ભાગોમાં વસવાટ શરૂ કરી પોત-પોતાના ભાગમાં ઘરો બનાવ્યા હતાં. આ રીતે ગામના ચાર મુખ્ય કુટુંબોના નામ અને ગામમાં તેમના ઘરો અને વસવાટના આધારે ગામના ચાર જાણીતા ભાગ (૧) ભડ (૨) બુખત (૩) મોટા વાજા (અથવા વાજા) અને (૪) નાના વાજા (સુલેમાન વાજા અથવા સલ્લુ વાજા) બની ગામ 'ચાર ભાઈઓનું ગામ' તરીકે જાણીતું થયું

હતું. આ ચાર ભાગના લોકો મૃત્યુ પામે ત્યારે પણ ભડ ભાગ કબ્રસ્તાન, બુખતાઓનું કબ્રસ્તાન (બુખતનું બહુવચન), મોટા વાજા અને નાના વાજાનો કબ્રસ્તાનનો ભાગ એ મુજબ પહેલેથી સુનિશ્ચિત કરેલા ભાગમાં એમને દફન કરવામાં આવતા હતા જે પ્રથા હાલ ૨૦૨૨માં પણ ચાલુ છે. આ ભાગોની સુનિશ્ચિત વહેંચણી ગામના એ પ્રારંભિક વસાહતીઓની કોઠાસૂઝ અને દૂરંદેશીનું ઉદાહરણ છે.

ગામમાં વસતા કેટલાક કુટુંબોની અટક અત્યારે ૨૦૨૨માં પણ ભડ અને વાજા છે. જે આપણને આપણા ગામના એ ત્રણ ભાગો ભડ, મોટા વાજા (વાજા) અને નાના વાજા (સુલેમાન વાજા અથવા સલ્લુ વાજા)ની પુષ્ટિ કરાવે છે. એક ખાસ વિસ્તારના/ભાગના લોકોને જ જ્યાં દફનાવવામાં આવે છે એ 'ભડ ભાગ કબ્રસ્તાન' આપણને ગામના એ સૌથી મોટા ભડ ભાગની સાબિતી આપે છે. અત્યારે ૨૦૨૨માં પણ બુખત ભાગના અમુક હજાર લોકો ગામમાં વસવાટ કરે છે. પરંતુ એમાંના કોઈ પણ કુટુંબની અટક બુખત નથી. વર્ષો પસાર થતાં બુખત ભાગના કુટુંબોની અટકો બદલાતી રહી અને ધીરે ધીરે બુખત અટક અલિપ્ત થઈ ગઈ. પરંતુ બુખત ભાગની પુષ્ટિ કરતા અનેક પુરાવા ગામની મિલકતોની નોંધણીના હસ્તલિખિત રજીસ્ટરમાં જોવા મળે છે. આજથી ૧૫૨ વર્ષ પહેલાં ૧૮૭૦માં તૈયાર થયેલ હસ્તલિખિત રજીસ્ટર હાલમાં ઉપલબ્ધ મિલકતોના રેકર્ડમાંનો સૌથી જૂનો રેકર્ડ છે. આજથી ગણતરી કરવામાં આવે તો આપણી આઠમી-નવમી પેઢીના પૂર્વજોની માહિતી આ હસ્તલિખિત રેકર્ડમાં નોંધાયેલી જોવા મળે છે. આ રજીસ્ટરમાં 'સાલે બુખતના ભાગના ઘરોના પાણીનો રસ્તો', 'બુખતાઓ (બુખતનું બહુવચન)નું કબ્રસ્તાન', 'આમનજી બુખતનું ગભાણ' એ મુજબની ઘણી નોંધો જોવા મળે છે. આમ આપણા ગામના ચાર ભાગો વિષે આપણે આપણા પૂર્વજોથી જે સતત સાંભળતા આવ્યા છીએ એની પુષ્ટિ થાય છે.

આજથી ૧૫૨ વર્ષ પહેલાં ૧૮૭૦માં તૈયાર થયેલ ગામની મિલકતોની નોંધણીના હસ્તલિખિત રજીસ્ટરમાં ગામના કેટલાક વ્યક્તિઓના નામો પૈકી, સાલે બુખત, શેખ દાઉદ, અલી આમનજી મુસે અમીજી, નાથા

ઈસપ અલી, અમીજી વડ, આમધ આમનજી, અક્કુ ઉમર ઈસે ભામા, ઉમર આદમ ટથુ (લોટીયા કુટુંબની આઠમી પેઢીએ અટક ટથુ હતી), બાપુ હામનજી, દાદાપીર મુસેજી, મલેક બાપુ સરદાર, ભુરાસા કડુશાહ, સૈયદ રસુલ નુરદીન, શેખ દશુ દરવેશ, કડવા દસુ ભીખા, રાજા મહમદ વડ, નાથા પરસોત્તમ હજામ, હજામ ખુસાલ ભૂદર, કુંભાર નારણ ઊકા, માલાવડ ઉમરજી, શોની ધનજી દયારામ, ડાયો ઘાંચી, આમનજી મીઠા, અભરામ ભામા દશુ, સરદારખાં રેહમતખાં, ભીખા જીવા, અડ નાથા અહમદ, માલા દશુ, મુસે અમીજી મીઆંજી, આત્મારામ ગોવિંદરામ જેવા નામો નોંધાયેલા જોવા મળે છે.

આઝાદીની લડતમાં ટંકારીઆનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. આઝાદી પૂર્વે ૧૯૩૦ના જૂન મહિનામાં જીનીવા ખાતેના 'યુનાઈટેડ નેશન્સ'ના મુખ્યાલયમાં યોજાયેલ સત્રની પ્રમાણભૂત કાર્યનોંધના પૃષ્ઠ નં. ૨૧૬માં ટંકારીઆ ગામની 'ખિલાફત સમિતિ' અને ગામના સ્વાતંત્ર્ય સેનાનીઓની ચળવળ અંગેની નોંધ છે. આ નોંધ મુજબ ટંકારીઆમાં 'અંજુમને શૌકતુલ ઈસ્લામ અને ખિલાફત સમિતિ ટંકારીઆ'ની રચના કરવામાં આવી હતી જેના માનદ સચિવ મુસા ઈસા કેપ્ટન હતા. આ સત્રની બેઠકમાં મહાત્મા ગાંધી નાગપુરની જે સેન્ટ્રલ જેલમાં હતા એ જેલમાં મુસા ઈસા કેપ્ટનને કેદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મહાત્મા મુહમ્મદ ઈબ્રાહીમ કબીરને પણ પાછળથી નાગપુરની સેન્ટ્રલ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ટંકારીઆના સ્વાતંત્ર્ય સેનાનીઓના વિશેષ યોગદાનથી ગાંધીજી ખૂબ પ્રભાવિત થયા હોવાથી ગાંધીજીએ પોતે આ બન્ને આગેવાનોને અનુક્રમે 'કેપ્ટન' અને 'મહાત્મા'નો ખિતાબ આપી બહુમાન કર્યું હતું. (વધુ વિગતો માટે ભાગ ૧માં ૧.૭ જુઓ).

ટંકારીઆના લોકોની સક્રિયતાથી પ્રભાવિત થઈ ખિલાફત સમિતિના રાષ્ટ્રીય નેતા મૌલાના મુહમ્મદ અલી જૌહર આઝાદી પહેલાં ટંકારીઆ ગામની ખાસ મુલાકાત માટે આવ્યા હતા. ટંકારીઆની મુલાકાત દરમિયાન તેમની સવારી માટે એક ઊંચા અને જોરાવર ઘોડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મૌલાના મુહમ્મદ અલીએ જ્યારે આ ઘોડા પર સવારી કરી ત્યારે તેમના

મજબૂત બાંધાના, સશક્ત શરીરના ભારે વજનને કારણે ઘોડો કમરમાંથી વાંકો વળી ગયો હતો. મૌલાના મુહમ્મદ અલી જૌહરની ઘોડેસવારીના આ બનાવની વાતો ટંકારીઆમાં અને વિદેશમાં રહેતા ટંકારીઆના લોકોના મોઢે આજે પણ સાંભળવા મળે છે.

ગામના લોકોની એકતા, ભાઈચારો, એક બીજાના દુઃખમાં ભાગીદાર થવાની નિખાલસ ભાવના અને કોઠાસૂઝ સમગ્ર પંથકમાં જાણીતી હતી. કોઈપણ કટોકટી ભરેલી પરિસ્થિતિમાં ક્યારે બોલવું અને ક્યારે મૂંગા રહેવું, ક્યારે કંઈક કરવું અને ક્યારે કંઈ પણ કરવાનું માંડી વાળવું એનું જ્ઞાન ધરાવતા આ ગામના કેટલાક પ્રતિષ્ઠિત, બુદ્ધિશાળી લોકોને આજુબાજુના ગામના લોકો તેમના વચ્ચેની ભાંજગડ ઉકેલવા લવાદ તરીકે બોલાવતા હતા. આ પરંપરા અંગ્રેજોના શાસન પછીના લાંબા સમય સુધી પણ ચાલુ રહી હતી. ગામના લોકોની દરિયાદિલી અને મહેમાનગીરીના વખાણ ચોતરફ થતા હતા.

વર્ષો પહેલાં જ્યારે આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો ત્યારે આ ગામના કપાસના ખેડૂતો અને વેપારીઓ પ્રખ્યાત હતા. પછી ધીરે ધીરે ગામમાં શિક્ષણનો વ્યાપ વધ્યો. ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે પહેલાં તે સમયના બોમ્બે પ્રાંતમાં ૨-૩ ઉર્દૂ પ્રાથમિક શાળાઓની શરૂઆત થઈ હતી એમાંની એક ટંકારીઆની 'સેન્ટ્રલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ સ્કૂલ'ની શરૂઆત ઈ.સ. ૧૯૦૩માં થઈ હતી. પહેલી હાઈસ્કૂલ પણ આ વિસ્તારમાં ૧૯૫૨માં ટંકારીઆમાં જ શરૂ થઈ હતી. એટલું જ નહીં ભરૂચ તાલુકામાં સૌ પ્રથમ આઈ.ટી.આઈ. પણ આ ગામમાં ૧૯૮૬માં શરૂ થઈ હતી. ટંકારીઆ શિક્ષણમાં આગળ પડતું ગામ ગણાય છે એ સિદ્ધ થયેલી હકીકત છે. આ ગામમાં ૫૦૦થી વધુ શિક્ષકો થયા છે અને તેથી જ દાયકાઓ સુધી આ ગામ 'શિક્ષકોના ગામ' તરીકે ઓળખાતું રહ્યું છે. ટંકારીઆમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા ડૉક્ટરો થયા છે; ગામના ડૉક્ટરોની સંખ્યાને ધ્યાનમાં લેતાં ટંકારીઆ હવે 'ડૉક્ટરોનું ગામ' બની ગયું છે. નર્સિંગના વ્યવસાયમાં પણ ગામના કેટલાક લોકો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલ, કમ્પ્યુટર અને આઈટી

(ઈન્ફર્મેશન ટેકનોલોજી) શાખાના ઈજનેરો ટંકારીઆમાં થયા છે. આર્ટસ, કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવનારાઓની સંખ્યા મોટી છે. મુશ્કેલ ગણાતી સાયન્સ વિદ્યાશાખામાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવનાર ગામની તેજસ્વી દીકરીઓએ પ્રખ્યાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરી, ગોલ્ડ મેડલ મેળવી ટંકારીઆને ગૌરવ અપાવ્યું છે. આ ઉપરાંત વિવિધ વિદ્યાશાખાઓમાં પી.એચડી.ની ડીગ્રી હાંસલ કરનાર પણ થોડા છે. ટંકારીઆમાં થોડા વકીલો, સર્વેયરો, ટેલિફોન ઓપરેટરો, બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો પણ થયા છે. ગામમાં ઘણાં પ્લમ્બરો અને ઈલેક્ટ્રિશિયનો પણ છે. ધાર્મિક શિક્ષણમાં પણ આ ગામ આગળ પડતું સ્થાન ધરાવે છે. આ ગામના હાફેજ, કારી, આલીમોની સંખ્યા પણ ખાસ ધ્યાન ખેંચે એવી છે. ગામમાં જૂની અને નવી પેઢીના મળી ૨૫થી વધુ કવિઓ, સાહિત્યકારો, કલા પ્રેમીઓ થયા છે; આ સાહિત્યકારોને કેટલાક સાહિત્યને લગતા ટોચના એવોર્ડ સહિત કેટલાક એવોર્ડ મળ્યા હોવાથી આ ગામના સાહિત્યકારોની ચર્ચા ગુજરાત ઉપરાંત વિદેશમાં પણ થતી રહે છે. આ ગામમાં થોડા યુનિવર્સિટી/કોલેજના પ્રાધ્યાપકો/લેકચરર થયા છે. ટંકારીઆમાં સફળ ખેડૂતો, વ્યાપારીઓ અને રાજકારણીઓ પણ થયા છે.

ડૉ. અલીભાઈ દાદાભાઈ પટેલ (ટંકારવી) વહોરા સમાજના પ્રથમ ડૉક્ટર હતા. પ્રમાણિક અને જવલંત નોકરી બદલ અંગ્રેજોના શાસનકાળમાં ૧૯૩૪માં તેમને 'ખાનસાહેબ'નો ખિતાબ એનાયત થયો હતો. જે પાછળથી તેમણે પરત કરેલો. તેઓ મુંબઈ ઈલાકાની મેડિકલ કાઉન્સિલના સભ્ય હતા. ૧૯૪૫માં એમના પ્રમુખપણા હેઠળ પાનોલી ખાતે ગુજરાત પોલીટીકલ કોન્ફરન્સ શાનદાર રીતે યોજવામાં આવી હતી. તેઓ ભરૂચ જિલ્લામાંથી મુંબઈ ધારાસભાના સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયા હતા તથા મુંબઈ ધારાસભામાં વિરોધ પક્ષની પાર્લામેન્ટરી પાર્ટીના મુખ્ય વ્હીપ હતા. (સંદર્ભઃ પેજ ૪૧, પટેલ ડીરેક્ટરી-૧૯૫૪. સંપાદકઃ આઇ. ડી. બેકાર).

ખેતી, વેપાર, દીની-દુન્યવી શિક્ષણ, આરોગ્ય, સાહિત્ય, સમાજસેવા, રાજકારણ, વ્યક્તિગત સિદ્ધિ કે ગામના વિકાસને લગતા કામો હોય,

ટંકારીઆ ગામનું નામ દરેક ક્ષેત્રે દેશ-વિદેશમાં સતત ચમકતું રહ્યું છે ત્યારે ટંકારીઆ ગામની ફળદ્રુપ માટી, પાણી અને વિશેષ લાક્ષણિકતાઓ ધરાવતી આબોહવામાં કુદરતે અનોખી તાસીર બક્ષી છે એવું માનવા માટે પૂરતાં કારણો છે.

આ વિસ્તારના સ્થાપત્યના અજોડ નમૂનાઓમાં જેની ગણના થાય છે એવી ઈ.સ. ૧૪૫૩, એટલે કે આજ (૨૦૨૨)થી ૫૬૯ વર્ષો પહેલાં ગામની મધ્યમાં બનેલી ઐતિહાસિક જામે મસ્જિદ સ્થાપત્યનો એક બેનમૂન વારસો છે. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયને આધીન સરકારી એકમ, જે ભારતભરના સાંસ્કૃતિક સ્મારકોની જાળવણી તથા સંરક્ષણનું કામ કરવાની જવાબદારી નિભાવે છે તે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા) દ્વારા પ્રકાશિત થયેલા અધિકૃત ગ્રંથોની અનેક આવૃત્તિઓમાં આ ગામમાં આવેલ ઐતિહાસિક જામા મસ્જિદનો અને તેની સાથે ઐતિહાસિક ગામ મુસ્તફાબાદનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે.

દાયકાઓ પહેલાં બનેલો ગામની જામા મસ્જિદનો મિનારો એટલો ઊંચો છે કે એ દૂરના વિસ્તારથી પણ દેખાય છે અને વર્ષો પછી આજે પણ એવો જ અડીખમ ઉભો છે. આ મિનારો આજે પણ બહારથી પધારતા અનેક મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ગામમાં બનેલી કેટલીક નવી મસ્જિદો અને તેના સુંદર મિનારા અને ૨૦૦૪-૦૫માં બનેલો ગામનો પ્રવેશદ્વાર પણ સ્થાપત્યના સુંદર નમૂનાઓ છે.

આ ગામના મહેનતકશ લોકોએ ગામની 'ખરાબા' (એવી પડતર જમીન જેને ખેતીલાયક બનાવવા સખત અને સતત પરિશ્રમ કરવો પડે) તરીકે પ્રખ્યાત થયેલી જમીનોને ધોમધખતા ઉનાળાના તાપમાં કમર પર પટ્ટા બાંધીને ખેતીલાયક બનાવી હતી. મોટા કુટુંબો અને ગામની ટાંચી જમીનોના લીધે જેમના ભાગે ખૂબ ઓછી જમીન આવી કે જમીનનો એકાદ નાનો ટુકડો પણ જેમને નસીબ ન થયો તેમણે કોઈ પણ જાતની નાનમ રાખ્યા વિના જિંદગીભર કાળી ખેતમજૂરી કરી, રંગકામ કરી, ફાનસ જેવી ઘર વપરાશની વસ્તુઓનું સમારકામ કરીને રોજીરોટી મેળવી હતી. કુટુંબના ભરણપોષણની

પાયાની જવાબદારી નિભાવવા લોકો વજનદાર પોટલાં ખભે લઈ ગરમી, ઠંડી, કે વરસાદની પરવા કર્યા વિના ગામે ગામ પગે ચાલીને ફેરી કરવા નીકળી પડતા. ખેતરોમાં હળ ચલાવતાં, ફેરી ફરતાં કે એક ગામથી બીજા ગામ ઢોરોને હંકારી જવા જેવા કઠીન કામ કરતાં કરતાં લોકોના પગમાં આંટણ અને કણીઓ પડી જતી. ખેડૂતો અને ખેતમજૂરો બપોરના સમયે કોઈ ઝાડના છાંયડામાં ભેગા મળી જ્યારે જમવા બેસતા ત્યારે મોટા ભાગના લોકોના જમણમાં જુવાર કે બાજરીનો રોટલો અને રોટલાની વચ્ચે સીંગતેલ મીલાવેલ લાલ ચટણી કે લીલા મરચાં જોવા મળતા. ગામના એ પુરુષાર્થી લોકોએ હસતા મોઢે અનેક વેદનાઓ વેઠીને પણ હંમેશા હલાલની કમાણીનો માર્ગ અપનાવ્યો હતો. ગામના એ પરોપકારી લોકોનો કુદરત પર એટલો અડગ વિશ્વાસ હતો કે પોતાના લાભ કે નુકસાનની ચિંતા કર્યા વગર તેઓ બીજાનું ભલું થાય એવા પ્રયત્નો કરતા હતા. દૂરંદેશી ધરાવતા એ લોકોએ અત્યંત સાદા ઘરોમાં રહીને, સાદો પોશાક ધારણ કરી, સાદગીભર્યું કરકસરિયું જીવન જીવીને, અનેક પીડાઓ વેઠીને, પોતાની પૂરેપૂરી જિંદગીઓની અમૂલ્ય કુરબાનીઓ આપીને પોતાના અને ગામના બાળકોને આલીમ, હાફેજ, કારી, શિક્ષક, ડૉક્ટર, એન્જિનિયર, ફાર્મસિસ્ટ, કવિ, લેખક, રાજકારણી, સમાજસેવક અને દાનવીર બનાવ્યા. બાળકો ભણ્યા-ગણ્યા અને દેશવિદેશમાં ગામનું નામ રોશન કર્યું. ગામની આગવી ઓળખ ઊભી કરનાર પ્રગતિની એ ઊંચી ઈમારતોના પાયામાં ગામના એ વડીલોની કોઠાસૂઝ અને પરસેવાની હલાલની કમાઈનું વિશેષ યોગદાન છુપાયેલું છે એ નકારી ન શકાય એવું સત્ય છે. ખામોશ થઈ ગયેલ એ આપણા પૂર્વજોના પહાડી અવાજોના હવામાં રહી ગયેલા પડઘા એ ભવ્ય, ઊંચી ઈમારતો સાથે અથડાઈને, પલટાઈને, અકળાઈને, પોતાના બાળકોને ઢંઢોરીને, ઊંઘમાંથી જગાડીને પૂછી રહ્યા છેઃ

**કેમ ભૂલી ગયા? દટાયો છું, આ ઈમારતનો હુંય પાયો છું**
**હું હજી પૂર્ણ ક્યાં કળાયો છું, અડધો પડધો જ ઓળખાયો છું**

– અમૃત 'ઘાયલ'

ઇતિહાસ એટલે માનવજીવનની ભૂતકાળની પ્રવૃત્તિઓનું સચોટ નિરૂપણ, પૃથક્કરણ અને અર્થઘટન. ઇતિહાસને માનવજીવન સાથે સીધો સંબંધ છે. ઇતિહાસ ભૂતકાળના માનવજીવનની ઉપલબ્ધિઓ અને ક્ષતિઓ દર્શાવતો અરીસો છે. ઇતિહાસ ભૂતકાળની ક્ષતિઓ સુધારવાનું તથા ભવિષ્યના દોષરહિત અને ઉજ્જવળ જીવન માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે. ઇતિહાસ લોકો અને લોકોના કાર્યોથી બનતો હોય છે. આમ આદમીથી બનેલા સમાજના ઇતિહાસમાં ફક્ત ઉપલબ્ધિઓ જ હોય એની શક્યતા ઘણી ઓછી છે. મુસ્તફાબાદ-ટંકારીઆના ઇતિહાસના આ પુસ્તકમાં ગામના લોકોની ઘણી બધી ઉપલબ્ધિઓનું વર્ણન છે. પુસ્તકના વ્યાપને ધ્યાનમાં રાખીને ગામના લોકો અને તેની સંસ્થાઓની બધી ઉપલબ્ધિઓનું વર્ણન આ નાના પુસ્તકમાં થઈ શક્યું નથી ત્યારે અને હાલના સંજોગોને ખાસ નજરમાં રાખીને ભૂતકાળમાં થયેલી કેટલીક ભૂલોની વિગતોનો સમાવેશ આ પુસ્તકમાં કરવાનું સંપાદક તરીકે મને અત્યારે ઉચિત લાગ્યું નથી. કોઈ પણ પુસ્તક કે વિજ્ઞાનનું અંતિમ ધ્યેય માનવહિત હોવું જોઈએ. ટંકારીઆના ઇતિહાસના આ પુસ્તકના પ્રકાશનથી પણ માનવહિતનું મુખ્ય ધ્યેય જળવાય રહે અને ગફલત કે થાપ થાય નહિ એ માટે મહત્તમ કોશિશ કરી છે.

વિવિધ ખૂબીઓથી ભરપૂર ટંકારીઆ ગામ અને તેના ઝિંદાદિલ પરગજુ લોકોના ભાતીગળ ઇતિહાસ માટે થોડા શબ્દો લખવાનો મોકો મળ્યો એ અલ્લાહ તઆલાનું મોટું અહેસાન છે. ટંકારીઆના ઇતિહાસની આ નવીનતમ આવૃત્તિ પુસ્તક સ્વરૂપે ટંકારીઆ ગામના દેશવિદેશમાં રહેતા તમામ લોકોને અર્પણ કરતાં આનંદની અનુભૂતિ થાય છે.


નાના પાદર

# ભાગ-૧

## ઇતિહાસના પ્રમાણભૂત ગ્રંથો અને શિલાલેખમાં સચવાયેલો ગામનો ઇતિહાસ

*સંપાદકઃ નાસીરહુસેન અહમદ લોટીયા*

ઈતિહાસના પ્રમાણભૂત પુસ્તકોમાં સચવાયેલો ગામનો લેખિત ઈતિહાસ નષ્ટ કે વિલીન થઈ જાય એ પહેલાં, એને સુરક્ષિત કરી લેવાનો ઉદ્દેશ આ પુસ્તક પ્રકાશિત કરવાના ઉદ્દેશોમાં સૌથી અગત્યનો ઉદ્દેશ છે. ગામના ઈતિહાસ જાણવાની જીજ્ઞાસા સાથે મને અનેક પ્રમાણભૂત ગ્રંથો/પુસ્તકો વાંચવાનો મોકો મળ્યો. અંગ્રેજી ભાષાના આ ગ્રંથો/પુસ્તકોની માહિતીનો ગુજરાતીમાં અનુવાદ કરી અત્રે રજૂ કરેલ છે. આ ગ્રંથોના અભ્યાસ દરમિયાન મુસ્તફાબાદ ટંકારીઆના ઈતિહાસ અંગેની જે નાનામાં નાની માહિતી મળી, તેને નોંધી લઈ એ નોંધના આધારે ભાગ-૧નું સંપાદન કર્યું છે.

**૧.૧**

### ટંકારીઆ ગામનું અગાઉનું નામ મુસ્તફાબાદ હતું (ઈ.સ. ૧૪૫૩ અને તે પહેલાંથી)

ટંકારીઆ ગામનું અગાઉનું જૂનું નામ મુસ્તફાબાદ હતું તેના પુરાવા નીચે જણાવેલ આધારભૂત ઐતિહાસિક શિલાલેખ અને ગ્રંથોમાં સચવાયેલા છે.

(i) ગામની જામે મસ્જિદની દિવાલમાં જડવામાં આવેલ મૂળ અરબી ભાષામાં લખાયેલ શિલાલેખમાં ગામના નામનો ઉલ્લેખ ફક્ત

મુસ્તફાબાદ તરીકે જ કરવામાં આવ્યો છે. આ શિલાલેખમાં ગામનું નામ ટંકારીઆ તરીકે કોઈ પણ જગ્યાએ લખાયેલ નથી જેથી પુરવાર થાય છે કે ઈ.સ.૧૪૫૩માં ગામનું નામ મુસ્તફાબાદ હતું.

(ii) 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, એપિગ્રાફીઆ ઇન્ડિકા-અરેબિક ઍન્ડ પર્શિયન સપ્લીમેન્ટ' ('ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ભારત સરકાર, એપિગ્રાફીઆ ઇન્ડિકા- અરબી અને ફારસી પુરવણી') આવૃત્તિ ૧૯૭૫ના પૃષ્ઠ ૩૦ પર ખૂબ અગત્યની વિગત નોંધાયેલ છે, જેમાં લખ્યું છે કે 'જામે મસ્જિદની દિવાલ સાથે જડેલ શિલાલેખ/એપિગ્રાફ ફક્ત જામે મસ્જિદના નિર્માણનો ઇતિહાસ પ્રદાન કરતો નથી, પરંતુ તે આપણને એ પુરાવો પણ પૂરો પાડે છે કે ઈ.સ.૧૪૫૩માં ગામનું નામ મુસ્તફાબાદ હતું.'

(iii) 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા'ના સંશોધન અધિકારી શ્રી એન. એમ. ગાનમનું ખૂબ જ મહત્વનું નિવેદન 'એપિગ્રાફીઆ ઈન્ડિકા' ગ્રંથના પૃષ્ઠ ૧૭ પર તેમના સંશોધનના આધારે નોંધાયેલ છે જેમાં લખ્યું છે કે 'ટંકારીઆ રેકોર્ડની તારીખે સત્તાવાર રીતે મુસ્તફાબાદ તરીકે ઓળખાતું હતું. આ શિલાલેખ શહેરના નામ બદલવાના વર્તમાન સમયના રિવાજોનો એક વધુ દાખલો પ્રદાન કરે છે. નગરના સ્થાનિક ઇતિહાસ માટે શિલાલેખનું મહત્વ તરત જોઈ કે સમજી શકાય એવું (ઉઘાડું/સાફ) છે.'

(iv) 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા' ('ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ') ના એપિગ્રાફીના નિયામક ડૉ. ઝેડ. એ. દેસાઈએ સ્થાનોના નવા નામકરણ સંબંધિત તથ્યો અંગે તેમના સંશોધનના આધારે નોંધ્યું છે કે 'મુઘલ પૂર્વેના સમયગાળા દરમિયાન શિલાલેખથી જાણીતા એવા ઓછામાં ઓછા ૦૫ સ્થાનોને નવા નામો આપવામાં આવ્યા છે.
(૧) ગુજરાતના ભરૂચ જિલ્લામાં મુસ્તફાબાદના બદલે ટંકારીઆ
(૨) ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં મહમુદાબાદના બદલે દિયાદર
(૩) રાજસ્થાનના જાલોર જિલ્લામાં મુહમ્મદાબાદના બદલે સાંચોર
(૪) ગુજરાતના રાજકોટ જિલ્લામાં રસુલાબાદના બદલે માળીયા

(૫) ગુજરાતના રાજકોટ જિલ્લામાં અંબિયાબાદના બદલે ખાખરેચી.'

**સંદર્ભ:** 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા, એપિગ્રાફીઆ ઈન્ડિકા - અરેબિક ઍન્ડ પર્શિયન સપ્લીમેન્ટ' ('ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ભારત સરકાર, એપિગ્રાફીઆ ઈન્ડિકા - અરબી અને ફારસી પુરવણી') આવૃત્તિ ૧૯૭૪, પેજ ૩ અને આવૃત્તિ ૧૯૭૫, પેજ ૩૦.

(v) 'સ્ટડીજ ઈન ઈન્ડિયન પ્લેસીસ નેમ્સ' ('ભારતીય સ્થાનોના નામોનો અભ્યાસ') ભાગ ૯, પૃષ્ઠ ૭૬.

(vi) 'ઈસ્લામિક ઈન્ડિયા સ્ટડીજ ઈન હિસ્ટ્રી, એપિગ્રાફી, ઓનોમેસ્ટિક ઍન્ડ ન્યુમિસ્મેટિક્સ' ('ઈસ્લામિક ભારતનો અભ્યાસ: ઈતિહાસ, શિલાલેખ વિદ્યા, હસ્તાક્ષરીય લેખની વિદ્યા અને સિક્કા શાસ્ત્ર/મુદ્રા શાસ્ત્ર માટે') પૃષ્ઠ ૫૭, ૭૯ અને ૩૪૪.

**નોંધ:** મુસ્તફાબાદ મુઝફ્ફરીદ રાજવંશની સત્તા હેઠળ અને ત્યાર પછી મુઘલ સામ્રાજ્ય હેઠળ હતું. ૧૩૯૧માં 'દિલ્હી સલ્તનત'ના શાસક મુહમ્મદ બિન તુઘલકે જાફર ખાનને ગુજરાતના રાજ્યપાલ તરીકે નિયુક્ત કર્યા હતા. જાફર ખાને (મુઝફ્ફરીદ રાજવંશના સ્થાપક) અણહિલવાડ-પાટણ નજીક ફરહત-ઉલ-મુલ્કને હરાવી તેને રાજધાની બનાવ્યું હતું. જ્યારે તૈમુરે દિલ્હી ઉપર આક્રમણ કર્યું ત્યારે દિલ્હીની પકડ ગુજરાત ઉપરથી ઢીલી થતાં, જાફર ખાને ૧૪૦૭માં પોતાને સ્વતંત્ર જાહેર કરી ઔપચારિક રીતે 'મુઝફ્ફરીદ રાજવંશ'ની સ્થાપના કરી હતી. મુઝફ્ફરીદ રાજવંશનો સમયગાળો ૧૫૭૩માં મુઘલ સામ્રાજ્યની સ્થાપના થઈ ત્યાં સુધીનો હતો. જાફર ખાન પછી તેમના પુત્ર અહમદશાહ પહેલાએ, ફેબ્રુઆરી ૧૪૧૧માં સાબરમતી નદીના કાંઠે નવી રાજધાની તરીકે અહમદાબાદની સ્થાપના કરી હતી. મુઘલ સામ્રાજ્ય (૧૫૭૩-૧૬૦૫)ના બાદશાહ અકબરે મુઝફ્ફર શાહ ત્રીજાને હરાવીને ગુજરાત પર કબજો કર્યો. મુઝફ્ફર શાહે ૧૫૮૪માં સલ્તનતને ફરીથી મેળવવાનો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ ગયો. ગુજરાત ૧૬૦૫ સુધી મુઘલ પ્રાંત રહ્યું.

## ૧.૨

# મુસ્તફાબાદ જામે મસ્જિદનો ઈતિહાસ
## (ઈ.સ. ૧૪૫૩)

મુસલમાની તારીખ ૯ રબીઉલ અવ્વલ હિજરી ૮૫૭, (૨૦ માર્ચ ઈ.સ.૧૪૫૩)ના રોજ બનીને તૈયાર થયેલ ઐતિહાસિક જામે મસ્જિદની દિવાલમાં એક શિલાલેખ લાગેલો છે. મૂળ અરબીમાં લખાયેલ આ શિલાલેખનો ગુજરાતીમાં અનુવાદ નીચે મુજબ છેઃ

'બધી મસ્જિદો અલ્લાહની ઈબાદત માટે છે. અલ્લાહ સિવાય કોઈની ઈબાદત કરો નહીં. નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું "જેણે અલ્લાહના માટે મસ્જિદ બનાવી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવશે." કસ્બા મુસ્તફાબાદની જામે મસ્જિદ દુનિયાના બાદશાહોના બાદશાહ દીન અને દુનિયાના કુતુબ અબુલ મુઝફ્ફર અહમદશાહ સુલતાનના શાસનકાળમાં અલ્લાહની તવફીકથી બનાવવામાં આવી. નવજવાન આદીલોના સરદાર સલાલતુશ્શરીફ સૈયદ અતાઊલ્લાહ રાજા હયફુલ મુખાતિબ, શરફુલ મિલલની ફરમાઈશ અને કાઝીયુલ મશાઈખના પ્રયત્નથી ૯ રબીઊલ અવ્વલ ૮૫૭ હિજરીમાં તૈયાર થઈ.'

જામે મસ્જિદનું બાંધકામ સોમવાર, ૨૦ માર્ચ ઈ.સ. ૧૪૫૩, ૯ રબીઉલ અવ્વલ હિજરી ૮૫૭માં પૂર્ણ થયું હતું. મુસ્તફાબાદ જામે મસ્જિદનો ઈતિહાસ નીચે જણાવેલ ઈતિહાસના આધારભૂત ગ્રંથોમાં નોંધાયેલ છે.

(i) 'ઇન્ડિયન આર્કિયોલોજી' ('ભારતીય પુરાતત્વવિદ્યા') આવૃત્તિ ૧૯૭૨-૭૩, પૃષ્ઠ ૪૮.

(ii) 'એપિગ્રાફીક રિસોર્સિસ ઇન ગુજરાત' ('ગુજરાતના શિલાલેખને લગતા સંસાધનો') પૃષ્ઠ ૧૯.

(iii) 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, એપિગ્રાફીઆ ઇન્ડિકા- અરેબિક ઍન્ડ પર્શિયન સપ્લીમેન્ટ' ('ભારતીય

પુરાતત્વ સર્વેક્ષણ, ભારત સરકાર, એપિગ્રાફીઆ ઈન્ડિકા - અરબી અને ફારસી પુરવણી') આવૃત્તિ ૧૯૭૪, પૃષ્ઠ ૦૩

(iv) આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા' ('ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ') આવૃત્તિ ૧૯૮૮ પૃષ્ઠ ૪૮. આ આધારભૂત ગ્રંથમાં, નોંધાયેલું છે કે, 'ગુજરાતના સુલતાનોના શિલાલેખ મુજબ, ટંકારીઆ, જિલ્લા ભરૂચના, થોડા ક્ષતિગ્રસ્ત થયેલ રેકોર્ડ મુજબ, સ્થાનિક અગ્રણી સૈયદ અતાઉલ્લાહ રાજા હુસૈની શરાફુલ-મુલ્કની વિનંતીથી મુસ્તફાબાદ નગરની જામે મસ્જિદનું બાંધકામ કુત્બુદ્દીન અહમદશાહ-૨ ના શાસનકાળમાં થયેલ છે.'

**અહમદશાહ પહેલાઃ**

જન્મ ઈ.સ.૧૩૮૯ - વફાત ઈ.સ.૧૪૪૨ (હિજરી ૮૪૬). શાસનકાળ ૧૪૧૧ થી ૧૪૪૨. તેમને 'નાસીરુદ્દુનિયાવદ્દીન અબુલ ફાતેહ અહમદશાહ'ના લકબથી નવાજવામાં આવ્યા હતા. તેમનું મૂળ નામ અહમદખાન હતું. અહમદાબાદનું નામ અહમદશાહ બાદશાહ (પહેલા) ના નામ પરથી પડ્યું છે. તેમણે ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના રોજ સાબરમતી નદીના કિનારે અહમદાબાદ શહેરની સ્થાપના કરી હતી. તેમણે ગુજરાત સલ્તનતનું પાટનગર પાટણથી બદલીને અહમદાબાદ બનાવ્યું હતું.

**અહમદશાહ બીજાઃ**

જન્મ ઈ.સ.૧૪૨૯ - વફાત ૨૫ મે ૧૪૫૮ (૧૨ રજબ હિજરી ૮૬૨). શાસનકાળઃ ઈ.સ. ૧૪૫૧ થી ૧૪૫૮. તેમને 'કુત્બુદ્દીન'ના લકબથી નવાજવામાં આવ્યા હતા. તેઓ 'અહમદશાહ બીજા' તરીકે ઓળખાતા હતા. તેમનું મૂળ નામ જલાલખાન હતું.

મુસ્તફાબાદ જામે મસ્જિદ કુત્બુદ્દીન અહમદશાહ બીજાના શાસનકાળમાં ઈ.સ. ૧૪૫૩ (હિજરી ૮૫૭)માં તૈયાર થઈ હતી. તેઓ મુહમ્મદશાહ બીજાના પુત્ર અને પ્રખ્યાત સુલતાન 'અહમદશાહ પહેલા'ના પૌત્ર હતા. અહમદશાહ-૨ નાની ઉંમરે યુવા શાસક તરીકે ઈ.સ. ૧૪૫૧માં સિંહાસન

પર બેઠા હતા. તેમના નિકાહ નાગોરના શહેનશાહ શમ્સ ખાનની પુત્રી સાથે થયા હતા. તેમણે ૨૫મી મે ઈ.સ. ૧૪૫૮ (૧૨ રજબ હિજરી ૮૬૨) સુધી શાસન કર્યું હતું. મુસ્તફાબાદ જામે મસ્જિદ ઉપરાંત અહમદાબાદના પ્રખ્યાત કાંકરિયા તળાવ (કાંકરિયા તળાવના શિલાલેખમાં તેનો ઉલ્લેખ હવ્જે કુતુબ/કુતુબની હોજ તરીકે થયેલ છે)નું બાંધકામ પણ કુત્બુદ્દીન અહમદશાહ-૨ ના શાસનકાળમાં સંપન્ન થયું હતું. અહમદાબાદની 'કુત્બુદ્દીન મસ્જિદ' જે કુતુબશાહ મસ્જિદ તરીકે પણ ઓળખાય છે એ કુત્બુદ્દીન અહમદશાહ -૨ ના નામથી સંલગ્ન છે, પરંતુ ખરેખર એનું બાંધકામ એમના પિતા મુહમ્મદશાહ બીજાના અંતિમ વર્ષોના શાસનકાળમાં ૧૪૪૯માં થયું હતું. મુહમ્મદશાહ બીજાએ તેમના મોટા પુત્ર કુત્બુદ્દીનના નામથી આ મસ્જિદનું નામ રાખ્યું હતું. આ મસ્જિદ સ્થાપત્યનો એક ખૂબ સુંદર નમૂનો છે. મસ્જિદનો મુખ્ય દરવાજો વિશેષ ધ્યાન ખેંચે એવો અત્યંત સુંદર છે. ચાર્લ્સ લિકફોલ્ડની ૧૮૮૦માં અહમદાબાદના સ્થાપત્યોની મુલાકાતના વર્ણનમાં આ મસ્જિદનો ફોટો અને તેના સૌંદર્યની નોંધ છે.

કુત્બુદ્દીન અહમદશાહ બીજાને ૨૫ મે ૧૪૫૮ (૧૨ રજબ હિજરી ૮૬૨)ના રોજ અહમદાબાદ ખાતે માણેક ચોકમાં રાજવી સમાધિમાં અહમદશાહનો હજીરો, જેને રાજાનો મકબરો તરીકે પણ ઓળખવામાં આવે છે એ મકબરામાં દફનાવવામાં આવ્યા છે. આ શાહી મકબરામાં ત્રણ કબર છે. અહમદશાહ પહેલા વચ્ચે, તેમની ડાબી બાજુ તેમના પુત્ર મુહમ્મદશાહ બીજા અને તેમની જમણી બાજુ તેમના પૌત્ર અહમદશાહ બીજાને દફનાવવામાં આવ્યા છે. રાજાનો મકબરો એ એક વિશાળ ચોરસ ગુંબજવાળુ માળખું છે, જેમાં વચ્ચે મોટો ઓરડો છે અને ખૂણા પરના ચાર ચોરસ ઓરડાઓ થાંભલાવાળા વરંડા સાથે જોડાયેલા છે. ઓરડાની જમીન માર્બલથી જડેલ છે. દીવાલોમાં પથ્થરમાં કોતરણી કરેલી જાળીઓ લાગેલી છે જેમાંથી ઓરડામાં પ્રકાશ આવે છે.

અહમદશાહ બીજા પછી લોકપ્રિય 'મહમૂદ બેગ ('બેગડા' એ 'બેગ' શબ્દનો અપભ્રંશ છે)' સિંહાસન પર બેઠા હતા.

## ૧.૩

# ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સીમાં નોંધાયેલ ટંકારીઆ ગામનો ઈતિહાસ: (ઈ.સ. ૧૬૧૮)

અંગ્રેજોના શાસનકાળમાં જુલાઈ ૧૮૯૯માં પ્રકાશિત થયેલ 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી, વોલ્યુમ ૯, પાર્ટ-૨, ગુજરાત પોપ્યુલેશન: મુસલમાન ઍન્ડ પારસી' એ એક સહિયારો લખાયેલ ગ્રંથ છે જે પૈકી 'મુસલમાન', ખાન બહાદુર ફઝલુલ્લાહ લુતફુલ્લાહ ફરીદીએ લખેલ છે. તેઓ બોમ્બેમાં, 'આસીસ્ટન્ટ કલેક્ટર ઑફ કસ્ટમ્સ'ના હોદ્દા પર હતા. ગેઝેટિયરના આ ભાગના પૃષ્ઠ ૫૯ પર ઉલ્લેખ છે કે 'કેપ્ટન ઓવન્સે ઈ.સ. ૧૮૧૮માં ભરૂચ જિલ્લાના પ્રથમ સર્વેક્ષણ (સર્વે)ની એક નોટબુકમાં ભૂતકાળની ઘટનાઓનું વર્ણન નોંધ્યું છે. આ વર્ણનમાં નોંધાયેલ માહિતી ટંકારીઆના વહોરાઓ પાસેથી તેમને મળી હતી. કેપ્ટન ઓવન્સના નોંધાયેલ વર્ણન મુજબ યુદ્ધમાં પકડાયેલા કેટલાક મારવાડી કેદીઓને હિંદુ રાજાએ ગુલામ રાખેલા. મુસ્લિમ સમ્રાટ જહાંગીરે તેઓને ઈ.સ. ૧૬૧૮માં મુક્ત કરાવ્યા હતા. આ મારવાડીઓએ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હતો, જેમને ગુજરાતની ખરાબાની જમીન ઉપર વસાવવામાં આવ્યા. ઓવન્સના વર્ણનના વાક્ય પછીના સંલગ્ન/અનુગામી વાક્યમાં આ અંગે વધુ સ્પષ્ટતા થાય છે. આ વિધાનમાં નોંધાયેલું છે કે, 'ખેડાના ખેતી કામ કરતા કેટલાક વહોરાઓ પાસેથી લગભગ સમાન માહિતી મળે છે અને જો કે આ ધર્માંતર કરેલા મારવાડી મૂળ વહોરાઓ હોઈ શકતા નથી, પણ તે એક સમયે નીચે પૃષ્ઠ ૬૨ પર ઉલ્લેખિત 'કાકાપુરીઓ' જેવો વિશિષ્ટ વર્ગ હોઈ શકે.'

ઉપર લખેલા વાક્યોનો એક બીજા સાથે સંબંધ પ્રસ્થાપિત કરી સાવચેતીથી વાંચતા એ સ્પષ્ટ થાય છે કે સમ્રાટ જહાંગીરે નવા બનેલા મુસ્લિમ મારવાડીઓને તેમના ભવિષ્યનો ઊંડો વિચાર કરીને ઈરાદાપૂર્વક જ્યાં ખેતી માટેની પડતર જમીન સરળતાથી ઉપલબ્ધ થઈ શકે અને મુસ્લિમોની વસ્તી વધારે હોય એવા સ્થળોએ વસાવ્યા હતા. નવા બનેલા મુસ્લિમ મારવાડીઓને રોજી રોટી કમાવાના સાધન ઉપરાંત મુસ્લિમ ગ્રામજનો

પાસેથી ઈસ્લામ ધર્મ અંગેનું જરૂરી જ્ઞાન, માર્ગદર્શન, સહકાર અને હૂંફ મળી રહે એનો પૂરો ખ્યાલ બાદશાહ જહાંગીરે રાખ્યો હતો. સ્થળાંતર કરીને આવેલા આ મારવાડી કુટુંબો સારી રીતે સ્થાયી થઈ સરળતાથી જીવન વિતાવી શકે એ મુખ્ય ઉદ્દેશ હતો.

મુસ્તફાબાદના મુસ્લિમ અગ્રણીઓએ અહમદશાહ બીજાને મસ્જિદના બાંધકામ માટે વિનંતી કરી હતી (ઈ.સ. ૧૪૫૩ અથવા તેના થોડા સમય પહેલાં) એવું શિલાલેખમાં અને ઈતિહાસના અધિકૃત ગ્રંથોમાં નોંધાયેલું છે. મુસ્તફાબાદ કસ્બામાં મુસ્લિમોની વસ્તી વધારે છે અને ત્યાં એક મોટી મસ્જિદની જરૂરિયાત છે એ તથ્યને ધ્યાનમાં રાખીને મુસ્લિમ આગેવાનોની વિનંતીનો અહમદશાહ બીજાએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. મુઝફ્ફરીદ વંશના ૧૬ શાસકો પૈકીના પાંચમાં શાસક અહમદશાહ બીજાના શાસનકાળમાં ઈ.સ. ૧૪૫૩માં ઐતિહાસિક મુસ્તફાબાદમાં વિશાળ જામે મસ્જિદ બનાવવામાં આવી હતી. જામે મસ્જિદના બાંધકામના ૧૬૫ વર્ષો પછી ઈ.સ. ૧૬૧૮માં જ્યારે નવા મુસ્લિમ બનેલા મારવાડીઓ મુસ્તફાબાદમાં સ્થળાંતર કરીને વસવાટ માટે આવ્યા ત્યારે આ ગામમાં મુસ્લિમોની વસ્તી પ્રમાણમાં વધારે હતી એવું ચોક્કસ સાબિત થાય છે. ૧૬૧૮માં મુસ્તફાબાદમાં જહાંગીરનું શાસન હતું. શહેનશાહ જહાંગીરનો શાસનકાળ ૧૬૦૫ થી ૧૬૨૭ સુધીનો હતો. મુઘલ સામ્રાજ્યના ઓગણીશ શાસકો પૈકીના તેઓ ચોથા શાસક હતા.

**૧.૪**

## ગામમાં રેલવે ટ્રેક નાંખવા જમીન મોજણી (ઈ.સ.૧૮૫૬)

'રેલવેજ ઈન ઈન્ડિયા' ('Railways in India')ના વહીવટી અહેવાલ મુજબ બી.બી. ઍન્ડ સી.આઈ. કંપનીની રચના બોમ્બે અને બરોડા વચ્ચે રેલવે લાઈનની કામગીરી માટે ૧૮૫૫માં કરવામાં આવી હતી. બોમ્બે બરોડા વચ્ચે રેલવે માર્ગનું કામ કંપનીએ ૧૮૬૪માં પૂર્ણ કર્યું હતું.

ઈ.સ. ૧૮૫૬માં, બોમ્બે-બરોડા રેલવે લાઈનના માર્ગનું સ્થાપન કરવા માટે (રેલવેના પાટા બિછાવવા) ટંકારીઆ ગામમાં સર્વેની કામગીરી થઈ હતી.

બોમ્બે-બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે કંપનીના સર્વેયરો અને ઈજનેરોને ટંકારીઆ ગામે મોજણીની કામગીરી દરમિયાન અનેક ભૌગોલિક અને ટેકનિકલ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. આ સમસ્યાનો કોઈ ઉકેલ ન આવતાં બી.બી. ઍન્ડ સી.આઈ.ના ઈજનેરોને નંદેલાવ ગામ પાસેથી રેલવે માર્ગમાં જરૂરી ફેરફાર કરવાનો આખરી નિર્ણય લેવો પડ્યો હતો.

લોકવાયકા મુજબ અંગ્રેજ ઈજનેરો/અધિકારીઓના આયોજન મુજબ આ રેલવે માર્ગ, ટંકારીઆ ગામ તળાવના પૂર્વ બાજુના કિનારાને અડીને આવેલ પીર જુમ્મનશાહ રહમતુલ્લાહ અને નવી હાઈસ્કૂલના પૂર્વ બાજુના ભાગે, ભરૂચ-પાલેજ રોડની પશ્ચિમ દિશા તરફ આવેલ પીર શાહ નઝરશાહ રહમતુલ્લાહની દરગાહોની વચ્ચેથી પસાર થતો હતો. આગળ વધતાં આ માર્ગમાં ટંકારીઆ ગામ તળાવથી ઉત્તર તરફ, ઠીકરિયા ગામના બસ સ્ટેન્ડની સામે પશ્ચિમ દિશા તરફ ખેતરમાં આવેલ નસીરશાહ રહમતુલ્લાહની દરગાહની જમીન આવતી હતી.

**૧.૫**

## પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ
## (ઈ.સ. ૧૮૬૩)

પ્રાથમિક કુમારશાળા ટંકારીઆની સ્થાપના તારીખ ૦૧/૦૪/૧૮૬૩ના રોજ થઈ હતી. જેનો ઉલ્લેખ પ્રાથમિક કુમારશાળા ટંકારીઆના નોંધાયેલા રેકોર્ડમાં જોવા મળે છે. શાળાના મકાનનું બાંધકામ અંગ્રેજોના શાસનકાળમાં ૧૮૬૫-૬૬માં પૂર્ણ થયું હતું એવી વિગતો નીચે જણાવ્યા મુજબના આધારભૂત ગ્રંથમાં નોંધાયેલ છે. શાળાની સ્થાપનાની તારીખ ૦૧/૦૪/૧૮૬૩ થી ૧૮૬૫-૬૬માં કુમારશાળાના મકાનનું બાંધકામ પૂર્ણ

થયું ત્યાં સુધી આ શાળાનું શિક્ષણ કાર્ય ક્યાં ચાલતું હતું એની કોઈ વિગતો મળતી નથી.

ટંકારીઆ ખાતે ૧૫૦ છોકરાઓ માટેના શાળાના મકાનની બાંધકામ અંગેની વિગતો 'જનરલ રિપોર્ટ ફોર ધ બોમ્બે પ્રેસિડન્સી ફોર ધ ઈયર ૧૮૬૫-૬૬' ('બોમ્બે પ્રેસિડન્સીના વહીવટ અંગેનો સામાન્ય અહેવાલ, ઈ.સ. ૧૮૬૫-૬૬')માં પ્રકાશિત થઈ હતી. તે અહેવાલમાં નોંધાયેલું છે કે 'પાયાનું કામ (ફાઉન્ડેશન) થઈ ગયું, બેઠક (પ્લિન્થ)નું કામ થઈ ગયું અને ઈમારતનું બાંધકામ લગભગ પૂર્ણ થયું છે; દરવાજા, બારી અને છતનું લાકડાનું કામ તૈયાર થઈ ગયું છે.' અહેવાલમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે '૧૮૬૫-૬૬ના વર્ષ માટે કુલ ફાળવેલ રકમ રૂ. ૬,૬૩૩માંથી રૂ. ૩,૧૧૬નો ખર્ચ થયો અને રૂ. ૩,૫૧૭ની બચત થઈ.'



*પ્રાથમિક કુમારશાળા - ટંકારીઆ*

**નોંધ:** ઉપર મુજબના અહેવાલમાં નોંધાયા મુજબ છોકરાઓ માટેની ટંકારીઆ પ્રાથમિક શાળાનો બાંધકામનો કુલ ખર્ચ આશરે રૂ.૪,૦૦૦ કરતાં પણ ઓછો હતો; એનાથી સાબિત થાય છે કે તે ખરેખર ખૂબ સસ્તો સમયગાળો હતો. કુમારશાળાના મકાનની રૂબરૂ મુલાકાત લેતાં કેટલીક અગત્યની બાબતો ધ્યાનમાં આવી છે. અંગ્રેજોના શાસનકાળમાં, ૧૮૬૫-૬૬માં બનેલ શાળાના મકાનમાં સાત ઓરડાઓ હતા. તાજી હવા અને સૂર્યપ્રકાશ માટે

મકાનની આગળના ભાગમાં અને મધ્યમાં ખુલ્લી જગ્યા છોડવામાં આવી હતી. અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ માટે પણ આ ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરી શકાય એ ઉદ્દેશ ધ્યાનમાં રખાયો હતો. દીવાલમાં માટીની ઈંટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને છત માટે ઉચ્ચ ગુણવત્તાના સાગના લાકડાનો ઉપયોગ થયો હતો. છત માટે લાકડાના માળખા (કેંચી/ત્રસીસ), આડા જાડા લાકડા (રાફ્ટર) અને માટીના નળિયાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શાળાના ઓરડાની ગોઠવણ, ઉપલબ્ધ જગ્યાનો મહત્તમ ઉપયોગ, લાકડાના માળખાની સંપૂર્ણ રચના, લાકડાના માળખાને વધારે મજબૂતાઈ પ્રદાન કરવા માટે ખાસ આકાર આપેલ લોખંડની પ્લેટો અને તેને માળખા સાથે મજબૂતાઈથી જોડવા માટે નટ અને બોલ્ટનો થયેલો ઉપયોગ, તે બધા મુદ્દાઓ સાબિત કરે છે કે, મકાનનું નિર્માણ ૧૮૬૫-૬૬ના પ્રવર્તમાન ઈજનેરી ધારા-ધોરણો અને ઈજનેરી પ્રથાઓને અનુસરીને, યોગ્ય એન્જિનિયર મારફતે, ઈજનેરી આયોજન અને રચના અનુસાર થયું હતું. આજુબાજુના ગામોમાં જ્યાં ટંકારીઆ જેવા જૂના શાળાના મકાન હાલમાં પણ છે એવી ત્રણ શાળાઓના લાકડાના માળખાની રચનાની તુલના કર્યા પછી, એવું તારણ નીકળ્યું છે કે કામકાજની ઉચ્ચ ગુણવત્તા અને સમાનતા જાળવવા માટે તે સમયગાળા દરમિયાન લાકડાના માળખાની ડિઝાઈન કેન્દ્રિત રીતે એક સરખી કરવામાં આવી હતી. તે એ પણ સાબિત કરે છે કે સરકાર દ્વારા સંચાલિત શાળાઓની ઈમારતોના છતના કામની જવાબદારી તાલીમબધ્ધ સુથારોની ટીમોને સોંપવામાં આવી હતી. આપણે ઓછામાં ઓછું એટલું જરૂર કહી શકીએ કે અંગ્રેજોના શાસનકાળમાં, જાહેર ઈમારતોના બાંધકામ માટે કાચા માલની ખરીદીથી લઈને બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી વિશેષ કાળજી લેવામાં આવતી હતી અને તેથી જ તે સમયની જાહેર ઈમારતો વધુ મજબૂત અને ટકાઉ હતી.

શાળાના મુખ્ય મકાન ઉપરાંત, બીજા બે ઓરડાઓનું બાંધકામ ૧૯૫૮માં થયું હતું. આ વિસ્તરણમાં ‘ઉદ્યોગ રૂમ/ક્રાફ્ટ રૂમ’ તરીકે પ્રખ્યાત થયેલ ઓરડાનો પણ સમાવેશ થાય છે. ૧૯૫૮નું નવું બાંધકામ ભારતની આઝાદી પછી પ્રાથમિક કુમારશાળાના મકાનનું પ્રથમ વિસ્તરણ હતું.

પ્રાથમિક કુમારશાળાના મુખ્ય જૂના મકાનમાં ઉપર જણાવ્યા મુજબ ૧૮૬૫-૬૬માં બનેલા ૦૭ ઓરડાઓ અને ૧૯૫૮માં બનેલા ૦૨ ઓરડાઓ મળી કુલ ૦૯ ઓરડાઓ હતા.

**૧.૬**

## ટંકારીઆ ગામની 'સેન્ટ્રલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ સ્કૂલ' (ઈ.સ. ૧૯૦૩)

બોમ્બે પ્રેસિડન્સી (બોમ્બે પ્રાંત)ના ઉત્તર વિભાગમાં છાત્રાલયની સુવિધા વાળી શરૂઆતની જૂજ શાળાઓમાંની એક ટંકારીઆની કેન્દ્રીય ઉર્દૂ પ્રાથમિક શાળા હતી. આ વાસ્તવિકતા અંગ્રેજોના શાસનકાળમાં બોમ્બે પ્રાંતની સરકારના 'જાહેર માહિતી નિયામક'ના ઈ.સ. ૧૯૧૭-૧૮ની શિક્ષણની પ્રગતિ અંગેના અહેવાલમાં આ મુજબ નોંધાયેલ છેઃ 'ઈ.સ. ૧૯૧૭માં મુસ્લિમો માટે બહુ જ ઓછી કેન્દ્રીય ઉર્દૂ પ્રાથમિક બૉર્ડિંગ શાળાઓ છે. આ પૈકી બોમ્બે પ્રેસિડન્સીના મધ્ય વિભાગના નસીરાબાદ ખાતેની ડિસ્ટ્રિક્ટ લોકલ બૉર્ડ હસ્તકની 'મ્યુનિસિપલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ સ્કૂલ' અને ઉત્તર વિભાગના ટંકારીઆ ખાતેની 'સેન્ટ્રલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ સ્કૂલ'નો સમાવેશ થાય છે.' આ અહેવાલના પૃષ્ઠ ૧૧૯ની નોંધ મુજબ 'ભરૂચ જિલ્લાના ટંકારીઆ ખાતેની છોકરાઓ માટેની સેન્ટ્રલ ઉર્દૂ શાળાએ ૧૯૧૭માં વર્નાક્યુલર (ઉર્દૂ ભાષા) અંતિમ પરીક્ષામાં ૧૧ વિદ્યાર્થીઓને પ્રસ્તુત કર્યા જેમાંથી ૧૦ પાસ થયા; અને તેના અગાઉના વર્ષમાં પાસ થયેલા ૩ વિદ્યાર્થીઓને અહમદાબાદની પી.આર. ટ્રેનિંગ કોલેજમાં પ્રવેશ મળ્યો હતો. વિશાળ મુસ્લિમ ગામ ટંકારીઆ ખાતેની શાળા 'ડિસ્ટ્રિક્ટ લોકલ બૉર્ડ' સાથે જોડાયેલ છે. આ શાળામાં શિક્ષણ આપવાની જવાબદારી ટ્રેનિંગ કોલેજનો ત્રણ વર્ષનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ પ્રશિક્ષિત મુન્શીની છે. તેમનો માસિક પગાર રૂ. ૪૫ છે. વિદ્યાર્થીઓના નૈતિક અને શારીરિક કલ્યાણ માટે આ શાળામાં કાળજી રાખવામાં આવે છે. આ એક ઉત્તમ સંસ્થા છે અને જે હેતુથી તેની સ્થાપના કરવામાં આવી હતી તેને પૂરેપૂરી રીતે પૂર્ણ કરે છે.'

બોમ્બે પ્રાંતના ૧૯૨૨થી ૧૯૨૭ના પાંચ વર્ષના સમયગાળા માટેના જાહેર સૂચના અંગેના અહેવાલમાં ટંકારીઆની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળાનો ખાસ ઉલ્લેખ છે. આ અહેવાલ મુજબ, 'ઘણા સમયથી ભરૂચ જિલ્લાના ટંકારીઆમાં મધ્યસ્થ ઉર્દૂ શાળા અસ્તિત્વમાં છે. ટંકારીઆની આ શાળામાં ભવિષ્ય માટે શિક્ષકો તૈયાર કરવાનો વિશેષ દ્રષ્ટિકોણ ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે છે. મુસ્લિમ શાળાઓમાં તાલીમ લીધા વગરના શિક્ષકોની ભરતીની સમસ્યાના ઉકેલ માટે ટંકારીઆની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળાની રચના અને કાર્યપધ્ધતિ ધ્યાનમાં રાખીને સરકારે રત્નાગિરી, કોલાબા અને થાણે જિલ્લામાં સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળાઓની સ્થાપના કરી છે.' આ અહેવાલમાં આગળ એવી નોંધ છે કે, 'ટંકારીઆની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળા ૧૯૦૩માં શરૂ થઈ ત્યારથી ૧૧૮ છોકરાઓ વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષામાં પાસ થયા છે. ખાસ કરીને તે બધા પ્રાથમિક શાળાના શિક્ષકો બન્યા હોવાનું જાણવા મળે છે.'

'બોમ્બે ગેઝેટ' મંગળવાર, ૧૪ માર્ચ ૧૯૧૧ની નોંધ મુજબ કાઉન્સિલના માનનીય સદસ્યએ સરકાર પાસે જાણકારી માંગી કે 'ભરૂચ જિલ્લાના ટંકારીઆ જેવી કેન્દ્રીય શાળાઓની સ્થાપના કરવા માટે તમામ જિલ્લાઓના સ્થાનિક બૉર્ડને સૂચન કરવાનું કોઈ પ્રયોજન છે કે કેમ?'

ઉપર વર્ણવેલા અંગ્રેજોના શાસનકાળમાં પ્રકાશિત થયેલા અધિકૃત અહેવાલોના અભ્યાસથી એવું ચોક્કસ પ્રતીત થાય છે કે, ટંકારીઆની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળા, સમગ્ર બોમ્બે પ્રેસિડન્સીના વિસ્તારમાં એક પ્રખ્યાત અને સફળ શાળા હતી. આ શાળાને બોમ્બે પ્રેસિડન્સીના અનેક અહેવાલોમાં ઉદાહરણ તરીકે ટાંકવામાં આવતી હતી. અંગ્રેજોના શાસનકાળમાં આ શાળાની સફળતાથી પ્રભાવિત થઈ અંગ્રેજ સરકારે કેટલીક નવી શાળાઓની સ્થાપના ટંકારીઆની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાથમિક શાળાની રચના અને કાર્ય પદ્ધતિને ધ્યાનમાં રાખીને કરી હતી એવી નોંધ અહેવાલમાં જોવા મળે છે.

ટંકારીઆ ગામની સેન્ટ્રલ ઉર્દૂ પ્રાયમરી બૉર્ડિંગ શાળા ગામના જે સ્થળે હતી તે સ્થળ આજે પણ 'સંટોલ' (સેન્ટ્રલ અથવા સેન્ટ્રલ બૉર્ડિંગ સ્કૂલનું અપભ્રંશ) તરીકે પ્રખ્યાત છે.

**નોંધઃ** ગામની હાઈસ્કૂલ અને કન્યાશાળાની માહિતી ઈતિહાસના પુસ્તકોમાં નોંધાયેલી જોવા મળતી નથી જેથી આ શાળાઓની માહિતી આ પુસ્તકના ભાગ-૩ઃ સંસ્થાઓમાં આવરી લીધી છે.

**૧.૭**

## ટંકારીઆ ગામના સ્વાતંત્ર્ય સેનાનીઓ (ઈ.સ. ૧૯૩૦)

મુસા ઈસા કેપ્ટન, મહાત્મા મુહમ્મદ ઈબ્રાહીમ કબીર, આદમ ઈસ્માઈલ મુસ્તફાબાદી, ઈબ્રાહીમ ઈસે બાબીયત ઉર્ફે 'નાયક મોટા' અને ડૉ. અલી ઘોડીવાલા ટંકારીઆ ગામના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની હતા. 'પરમેનન્ટ મેનડેટ્સ કમિશન' ('લીગ ઑફ નેશન્સ')નું સત્તરમું સત્ર ૩જી જૂન ૧૯૩૦થી ૨૧મી જૂન ૧૯૩૦ દરમિયાન જીનીવા ખાતેના 'યુનાઈટેડ નેશન્સ'ના મુખ્યાલયમાં યોજાયું હતું. આ સત્રની કાર્યનોંધના પૃષ્ઠ ૨૧૬ ઉપર નોંધ્યું છે કે, 'અંજુમને શૌકતુલ ઈસ્લામ અને ખિલાફત સમિતિ' ટંકારીઆ, ભારતના માનદ સચિવ મુસા ઈસા કેપ્ટનનો પત્ર ૭મી જૂન ૧૯૩૦ના રોજ પરમેનન્ટ મેન્ડેટ્સ કમિશનને મળ્યો.' બેઠકમાં આ પત્રની ચર્ચા કરવામાં આવી. ચર્ચા કર્યા બાદ તેમની સામે કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મુસા ઈસા કેપ્ટનને સાત મહિના માટે નાગપુર સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા હતા.

મહાત્મા કબીરને પણ સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા હતા. ગાંધીજી નાગપુર સેન્ટ્રલ જેલમાં જ હતા. મહાત્મા મુહમ્મદ ઈબ્રાહીમ કબીરે મહાત્મા ગાંધી સાથે દાંડીકૂચમાં પણ ભાગ લીધો હતો. મહાત્મા કબીરને 'મહાત્મા'નો ખિતાબ અને મુસા ઈસા કેપ્ટનને 'કેપ્ટન'ના ખિતાબ ગાંધીજીએ પોતે આપ્યો હતો.

આદમ ઈસ્માઈલ મુસ્તફાબાદીની મૂળ અટક રોબર હતી. તેમને ગામના નામ 'મુસ્તફાબાદ' માટે એટલો પ્રેમ હતો કે એમના નામની પાછળ મુસ્તફાબાદી લખતા હતા. છેવટે તેમની અટક રોબરના બદલે મુસ્તફાબાદી થઈ ગઈ. આદમ ઈસ્માઈલ મુસ્તફાબાદીને અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન હતું. તેમની આ આવડતથી તેમણે ઘણા લોકોની મદદ કરી હતી. તેમણે 'લોહીનાં આંસુ' નામના પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો એવી જાણકારી મળે છે. ઈબ્રાહીમ ઈસે બાબિયત (બા-બખ્તનું અપભ્રંશ) 'નાયક મોટા'ના હુલામણા નામથી ઓળખાતા હતા. તેઓ ભારતની આઝાદી પછી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા. ટંકારીઆના સ્વાતંત્ર્ય સેનાનીઓ ટંકારીઆની ખિલાફત સમિતિના પણ સભ્ય હતા. તેઓ ભારતની સ્વતંત્રતા માટે પોતાની અને પોતાના કુટુંબની તકલીફોની ચિંતા કર્યા વિના અડગ રહી લડત લડતા. ટંકારીઆ ગામના લોકો આજુબાજુના ગામોના લોકોને જરૂરી માર્ગદર્શન આપતા હતા. ગામના લોકોની એકતાએ ગામની આગવી ઓળખ ઉભી કરી ગામનું નામ ઉજ્જવળ કર્યું હતું. મૌલાના મુહમ્મદ અલી, મૌલાના શૌકત અલી, અબુલ કલામ આઝાદ, હસરત મોહાની, હકીમ અજમલ ખાન ખિલાફત સમિતિમાં મોખરે હતા. ખિલાફત સમિતિએ બ્રિટીશ શાસન સામેની લડાઈમાં હિન્દુ-મુસ્લિમ એકતાને વધારવાનું કામ કર્યું હતું. ખિલાફતનું આંદોલન છેવટે ગાંધીજીના 'અસહકાર આંદોલન' સાથે ભળી ગયું હતું. બ્રિટીશ શાસન સામેની લડાઈમાં બધી જ કોમના લોકોએ ખભે ખભા મિલાવી કોઈપણ જાતના ભેદભાવ વિના લડત લડી બ્રિટિશ શાસનથી ભારતને મુક્તિ અપાવી હતી.


પીર જુમ્મનશાહ રહમતુલ્લાહ તથા સૈયદ શાહ નઝરશાહ રહમતુલ્લાહ
(સંદર્ભઃ પેજ ૩૪, ૪૪)

# ભાગ-૨

## મુસ્તફાબાદ ટંકારીઆનો મૌખિક ઇતિહાસ (વર્ષ:૨૦૦૭)

આપણા પૂર્વજોની વાતો હંમેશાં માટે દફન થઈ ભૂલાય જાય અને આપણો મૂલ્યવાન મૌખિક ઈતિહાસ હંમેશા માટે નષ્ટ થઈ જાય એ પહેલાં એને અંકિત કરી લેવો જોઈએ એવી સમયની માંગને ધ્યાનમાં રાખીને વધુ વિલંબ કર્યા વિના માર્ચ ૨૦૦૭માં ટંકારીઆમાં રહેતા ઈતિહાસના જાણકાર એવા ૦૭ વડીલોની મુલાકાત લેવામાં આવી હતી. આપણા ગામના ચારેય જાણીતા ભાગની સચોટ માહિતી આપણને મળી રહે એ મુખ્ય હેતુ ધ્યાનમાં રાખીને ઈતિહાસના જાણકાર એવા સાત કથાકારોની આપણા ગામના એ ચારેય ભાગમાંથી ખાસ પસંદગી કરવામાં આવી હતી. આ આપણા એવા વડીલો હતા જેમણે ટંકારીઆને આપણા કરતાં વધારે નજીકથી જોયું હતું અને તેમને આપણા મૌખિક ઈતિહાસ વિષે સચોટ માહિતી હતી એ હકીકત છે. આ સાત કથાકારોમાંથી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં જનાબ અહમદ ભાલોડા, જનાબ મુસા લહેરી, જનાબ ઈબ્રાહીમ કડુજી, જનાબ ઈબ્રાહીમ લાર્યા, જનાબ અબ્દુલ્લાહ ભડ, જનાબ અલી ઈસ્માઈલ કામથી સહિત કુલ ૦૬ વડીલો એક પછી એક આ ફાની દુનિયા છોડી ગયા છે. સાતમા વાર્તાકાર હાજી ગુલામ આદમ અભરામ ઈસે ખંડુ, ૮૬ વર્ષની ઉંમરે તંદુરસ્તી સાથેનું જીવન જીવી રહ્યા છે અને એમના વર્ષોના નિત્યક્રમ મુજબ સાંજે અડોલ ગામ સુધી અથવા ઠીકરિયા ગામના બસ સ્ટેન્ડ સુધી ચાલતા જઈને ટંકારીઆ પરત આવે છે. અલ્લાહ તઆલા એમને તંદુરસ્તી

સાથેનું લાંબુ જીવન આપે. ૨૦૦૭ પહેલાં ૧૦૦ વર્ષની આસપાસની ઉંમર વિતાવી આપણા કેટલાક પૂર્વજો આ દુનિયા છોડી ચાલ્યા ગયા હતા જેઓના ઈતિહાસના જ્ઞાનનો આપણે લાભ ન લઈ શક્યા તેનો અફસોસ જરૂર છે. અલ્લાહ તઆલા તમામ મોમીન મુસલમાનોની મગફિરત ફરમાવી જન્નતુલ ફિરદોશમાં આલા મકામ અતા ફરમાવે.

**૨.૧**

## ટંકારીઆના સાત વડીલોએ જણાવેલ ઈતિહાસની વાતો

**સંપાદકઃ** નાસીરહુસેન અહમદ લોટીયા

**સહ-સંપાદકઃ** મુસ્તાક સુલેમાન દૌલા

અમે, નાસીરહુસેન અહમદ લોટીયા અને મુસ્તાક સુલેમાન દૌલાએ આપણા ગામના ચારેય ભાગના વડીલોને માર્ચ ૨૦૦૭માં રૂબરૂ મળીને એમની પાસેથી ગામના મૌખિક ઈતિહાસ અંગે અગત્યની માહિતી મેળવી હતી. એપ્રિલ ૨૦૦૭માં ટંકારીઆ વેટ પેઈન્ટ વૅબસાઈટ પર, 'Part-02: Oral History of Tankaria' શીર્ષક હેઠળ આ એકત્રિત થયેલ ઈતિહાસની માહિતી અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવી હતી; એનું કારણ એ હતું કે, ૨૦૦૭માં ટંકારીઆ વેટ પેઈન્ટ વૅબસાઈટમાં ગુજરાતીમાં લખાણ લખવાની કોઈ સુવિધા તે સમયે ઉપલબ્ધ ન હતી. આ બીજા ભાગને તે સમયે અંગ્રેજીમાં અનુવાદ કરી વૅબસાઈટ પર પ્રકાશિત કર્યો હતો. ૨૦૦૭માં સાદા કાગળો પર મૂળ ગુજરાતીમાં હાથથી લખાયેલા મુસ્તફાબાદ-ટંકારીઆના ઈતિહાસના આ બીજા ભાગને ૨૦૨૨માં એના મૂળ સ્વરૂપ ગુજરાતીમાં પુસ્તક સ્વરૂપે રજૂ કરતાં આનંદ થાય છે. આપણા ગામના મૌખિક ઈતિહાસ અને આપણા પૂર્વજો અંગે ૨૦૦૭માં આપણા ગામમાં હાજર એવા જાણકાર, વરિષ્ઠ નાગરિકો પાસેની ઉપલબ્ધ માહિતી આબેહૂબ રજૂ થાય અને ગામના ચારેય ભાગ વિષે આપણને સચોટ માહિતી મળી રહે એવો અત્રે પ્રયાસ કર્યો છે. ૨૦૦૭માં આપણા ગામના વડીલોની વાણી, એમની વાતચીતની ભાષા, એમનો વાત કરવાનો અંદાજ અને એમની લાગણીઓ કેવી હતી એની જાણકારી પણ આપણને અને આવનારી પેઢીઓને મળી રહે એનું ધ્યાન

રાખી એમની વાતો જે-તે સમયે નોંધવામાં આવી હતી. ગામના ચારેય ભાગની માહિતી જે-તે ભાગના વડીલો સાથેની અમારી મુલાકાતનો ક્રમ અને તેમણે આપેલી માહિતીનો ક્રમ જાળવી રાખી એમના જ શબ્દોમાં અત્રે રજૂ કરવાની ચીવટ રાખવામાં આવી છે.

**ગામના ચાર ભાગો પૈકી પહેલો ભાગ**

**નાના વાજા. (સુલેમાન વાજા તરીકે પણ ઓળખાય છે)**

**અહમદ આદમ ઈસ્માઈલ મુહમ્મદ ભાઈજી ભાલોડા.**
**જન્મ તારીખ: ૦૪/૦૧/૧૯૨૬**

તેઓ નાના વાજા ભાગના છે. તેમના વડીલો અભરામ મીઠા તરીકે જાણીતા હતા, પાછળથી તેઓ ભાઈજી તરીકે જાણીતા થયા હતા અને હવે તેઓ ભાલોડા તરીકે ઓળખાય છે. એમણે કહેલી વાતો નીચે મુજબ છે.

"અમે 'સુલેમાન વાજા' ભાગના છે જેને 'સલ્લુ વાજા' તરીકે પણ ઓળખવામાં આવે છે. કાગરીનાથા ખડકી, ભાલોડા ખડકી, નગીઆ ખડકીથી શરૂ થઈ અમારા ભાગમાં ભુતા, બંગલાવાલા, ડેલાવાલા, મીયાંજી, ધોરીવાલા, વાડીવાલા, ડબગર, સત્તાર અને ભાલોડા એ બધા કુટુંબો સુલેમાન વાજા ભાગના છે. કેટલાક સમય પછી ચટી, જોલી, ભાલોડા અને ભુતા જેવા સલ્લુ વાજા ભાગના પરિવારના કેટલાક સભ્યો સ્થળાંતર કરી વાંતરસા ગામમાં સ્થાયી થયા હતા."

પોતાના ભૂતકાળને યાદ કરતાં તેમણે કહ્યું કે, "ભારતની આઝાદી પહેલાં એક અંગ્રેજ અધિકારી ટંકારીઆ આવ્યા હતા, તેઓ ટંકારીઆમાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા માંગતા હતા પરંતુ ટંકારીઆના તમામ લોકોએ તેમના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો; ટંકારીઆના લોકો મહાત્મા ગાંધીના સ્વદેશી આંદોલનનું સમર્થન કરી રહ્યા હતા. છેવટે, તેઓએ હાંસોટ ગામમાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી હતી. ગામના કેટલાક વિદ્યાર્થીઓ ભરૂચ અભ્યાસ માટે જતા હતા અને કેટલાક વડોદરા સુધી પણ અભ્યાસ માટે જતા હતા. ટંકારીઆ હાઈસ્કૂલ ૧૯૫૨માં સફરી બિલ્ડીંગમાં શરૂ થઈ હતી. તે

સમયે ગામમાં વીજ પુરવઠો ન હતો, ગામને ૧૯૬૧-૬૨માં વીજ પુરવઠો મળ્યો હતો. લોકો તે સમયે ગરીબ હતા. અમે ખેતરોમાં કામ કરતા હતા.''

તેમણે કહ્યું કે ''મેં ઉર્દૂ સ્કૂલમાં ૦૫ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. અમારી શાળા 'ટંકારીઆ ઉર્દૂ સેન્ટ્રલ બૉર્ડિંગ સ્કૂલ' તરીકે જાણીતી હતી. પાડોશી ગામોના વિદ્યાર્થીઓ અને વાગરા, જંબુસર અને અંકલેશ્વર સુધીના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ માટે ટંકારીઆ આવતા હતા. તેઓ સેન્ટ્રલ બૉર્ડિંગમાં રહેતા હતા. તે મકાન પાછળથી 'સંટોલ' તરીકે જાણીતું થયું હતું. તે સમયે ગુલામ માસ્તર બાપુજી અમારા પ્રાથમિક શાળાના શિક્ષક હતા. તેમના પિતા ઈસપ બાપુજી જિલ્લા સ્થાનિક બૉર્ડના સભ્ય હતા. તેઓ ભરૂચમાં રહેતા હતા. ઈબ્રાહીમ માસ્તર રોબર મુન્શી, ગુલામ માસ્તર ડેલાવાલા, મુસા માસ્તર ડેલાવાલા, પટેલ માસ્તર, મુહમ્મદ માસ્તર ઘોડીવાલા, બકોર મુન્શી અને દયાદરાના એક મુન્શી શિક્ષક તરીકેની સેવા બજાવતા હતા.''

તેમણે બીજી કેટલીક રસપ્રદ માહિતી પણ પ્રદાન કરેલ છે. તેમણે તેમના વડીલો પાસેથી સાંભળ્યું હતું કે હઝરત હાફેઝ કબીર રહમતુલ્લાહ કે જેઓ ઝંઘાર ગામના એક મહાન વલી હતા, તેમણે તેમના અનુયાયીઓને જાણ કરી કે જ્યારે હું આ દુનિયા છોડી જાઉં ત્યારે એક વલી પશ્ચિમ દિશા તરફથી આવશે. તેમણે બખ્તર પહેરેલો હશે તેઓ મારી નમાઝે જનાઝા પઢાવશે. એવું જોવા મળ્યું હતું કે ટંકારીઆથી હઝરત અશરફશાહ રહમતુલ્લાહ ઝંઘાર પહોંચ્યા હતા અને તેમણે હઝરત હાફેઝ કબીર રહમતુલ્લાહની નમાઝે જનાઝા પઢાવી હતી. સંત અશરફશાહ રહમતુલ્લાહની દરગાહ ટંકારીઆ ગામના નાના પાદર ખાતે છે.

તેમણે કહ્યું કે, ''મેં મારા વડીલો પાસેથી સાંભળ્યું હતું કે, ૧૮૫૬માં બ્રિટીશ ઈજનેરો ટંકારીઆ ખાતે રેલવે ટ્રેક નાખવાના કામ માટે આવ્યા હતા. તેઓ હાઈસ્કૂલ પાસે આવેલ શાહ નજરશાહ રહમતુલ્લાહ અલયહેની દરગાહ અને પીર જુમ્મનશાહ રહમતુલ્લાહની દરગાહ પાસે રેલવે પાટા નાખવાના હતા. રેલવે પાટા આગળ જતાં પીર નશીરશાહ રહમતુલ્લાહ અલયહેની

દરગાહ (ટંકારીઆ અને કંબોલીની વચ્ચે) પાસેથી પસાર થાય એ મુજબનું પ્લાનીંગ હતું. એ ચોક્કસ ક્ષેત્રમાં ઈજનેરોને ઘણી મુશ્કેલી પડી હતી. છેવટે, ટંકારીઆના સમજદાર લોકોએ સલાહ આપી કે આ વલીઓ તેમની નજીક રેલવે ટ્રેક નાખવામાં આવે એનાથી ખુશ નથી. તે પછી, બ્રિટિશ ઈજનેરોએ રેલવે પાટા નાખવાના માર્ગમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો અને નંદેલાવ ગામની નજીક એક મોટો વળાંક લઈ રેલવેના પાટા નાખવામાં આવ્યા હતા.''

**નોંધઃ** બોમ્બે, બરોડા અને સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે (બી. બી. ઍન્ડ સી. આઈ.) કંપનીની સ્થાપના બોમ્બેથી વડોદરા વચ્ચે રેલવે લાઇન નાખવાની કામગીરી હાથ ધરવા માટે ૧૮૫૫માં કરવામાં આવી હતી. બી.બી. ઍન્ડ સી.આઈ. કંપનીએ એ આ કામ ૧૮૬૪માં પૂર્ણ કર્યું હતું.

**સોનેરી દિવસો વિષેઃ**

તેમણે કહ્યું કે, ''અમારા સમયમાં ગરીબ લોકો ખાદીના વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા અને કેટલાક ધનિક લોકો પટાવાળા લેંઘા પહેરતા હતા (તેમના શબ્દોમાં). ખાદીનો ભાવ એક વારના ૦૫ પૈસા હતો. ગાંધીજીના નિર્દેશોનું પાલન કરીને ઘણા લોકો ખાદીના કપડાં પહેરતા હતા. જ્યારે અમારા કપડાં ફાટી જાય, ત્યારે કાપડનો બીજો નાનો ટુકડો લઈ તેને ટાંકા મારી સીવી લેવામાં આવતાં જેને 'થીંગડુ' કહેવાતું જે મૂળ કાપડના રંગ અને ગુણવત્તા મુજબનું ન હોય એવું મોટા ભાગે બનતું. અમારા શરૂઆતના દિવસોમાં, સ્ત્રીઓ સાડી પહેરતી હતી, કેટલીક સ્ત્રીઓ લુગડુ (તેમના શબ્દો) પહેરતી હતી. તે સમયે ૪૦ કિલોગ્રામ દેશી જુવારની કિંમત ૦૧ રૂપિયો હતી. કેટલાક ગરીબ લોકો લાલ જુવાર ખાતા હતા. ૨૦ કિલોગ્રામ ઘઉંનો ભાવ ૦૧ રૂપિયો હતો. રાંધવાના તેલના એક ડબ્બાનો ભાવ ૦૬ રૂપિયા અને ૧૦ ગ્રામ સોનાનો ભાવ માત્ર ૨૦ રૂપિયા હતો. તેનો અર્થ એ કે ૦૧ ગ્રામની કિંમત માત્ર ૦૨ રૂપિયા હતી. મોટા ભાગે બાજરી જંબુસર, વાગરા, પાદરા અને જંબુસરના કેટલાક આંતરિક દરિયાકાંઠાના ગામોમાંથી ખરીદવામાં આવતી હતી.''

"તે દિવસોમાં, ગરીબીનું પ્રમાણ ખૂબ વધારે હતું. ગામના મોટા ભાગના લોકો ખેત-મજૂરી કરતા હતા. લોકો ખેતરોમાં મજૂરી કામ કરવા આવ્યા હોય ત્યારે ખેતરના માલિક કામદારોના ઘરે ઘરે ફરી ખોરાક એકત્રિત કરી બપોરના સમયે ખેતરમાં લઈ આવતા. પછી બધા સાથે જમવા બેસતા. કેટલાક કામદારો ડુંગળી, લીલા મરચા અથવા ગોળ, રોટલા સાથે ખાતા હતા. કેટલાક લાલ મરચાનો પાવડર રસોઈ બનાવવાના તેલમાં મિલાવી તેને રોટલા સાથે ખાતા હતા. અમે હાલની જિંદગીની તુલનામાં વધારે ખુશ હતા. અમે અમારા પાડોશીની ખૂબ સારી રીતે સંભાળ લેતા હતા. અમે ખુશીની ક્ષણો હોય કે દુઃખનો સમય હોય એક-બીજાની સાથે રહેતા હતા."

"તે સમયે, ગામમાં ઉમરજી ઈસ્માઈલ ખોડા, મુસાભાઈ ભીમ, અહમદ ઈસપ ઈપલી, અલી ઈસપ ઈપલી અને અહમદ મુસે ઢબુની દુકાનો હતી. સુકા નાળિયેર, ખારેક, ગોળ સસ્તા હતા. તે સમયે, લગ્નની જાનમાં જવા માટે અમે બળદ ગાડાનો ઉપયોગ કરતા હતા. કેટલીકવાર જાનમાં જવા માટે ૨૦ થી ૨૫ બળદ ગાડાનો ઉપયોગ થતો. સ્ત્રીઓ માટે અલગ બળદ ગાડાની વ્યવસ્થા કરવામાં આવતી હતી. જો વરસાદ પડે તો બધા પગપાળા પણ લગ્નની જાનમાં જતા હતા."

**પરિવહનઃ**



*બળદ ગાડી (દમણિયું)*

તેમની યાદોને તાજી કરતાં તેમણે કહ્યું કે, ''તે સમયે મુસાફરી માટે બસ કે અન્ય વાહનો ન હતાં. જો અમારે ભરૂચ, કરજણ અથવા મુંબઈ જવું હોય તો પહેલાં વરેડિયા રેલવે સ્ટેશન જઈ ત્યાંથી રેલવેમાં જવું પડતું. ૧૯૩૨-૩૩ની શરૂઆતમાં, ટંકારીઆથી વરેડિયા જવા માટે એકમાત્ર ઉપલબ્ધ પરિવહન બળદ ગાડા હતાં. દમણિયું તરીકે જાણીતી ત્રણ નાની બળદ ગાડીઓ હતી. જેના માલિકો (૧) ફડા દાદા (૨) મુસે અહમદ ભુતા અને (૩) દાદાભાઈ બાજીભાઈ કરકરિયા હતા. તે સમયે, ટંકારીઆથી વરેડિયા સુધીનું ભાડું મુસાફર દીઠ એક આના હતું. વરેડિયાથી ભરૂચ સુધી રેલવેનું ભાડું ૭ પૈસા હતું. બધી લોકલ ટ્રેનોમાં આઠ ડબ્બા હતા. તે સમયગાળા દરમિયાન, રેલવેનું સંચાલન બી.બી. ઍન્ડ સી.આઈ. કંપની કરતી હતી. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન, ૧૯૪૦-૪૧માં રેલવે કર્મચારીઓએ તેમના પગારમાં વધારો કરવાની માંગ કરી સરકારને અલ્ટીમેટમ આપી શાસકોને જાણ કરી હતી કે અમે મધ્યરાત્રિથી તમામ ટ્રેનો તેમના માર્ગ પર રોકી દઈશું. તે સમયે બ્રિટિશ શાસકોએ લશ્કરને ગોળીબાર કરવાનો આદેશ આપ્યો હતો.''

''બળદ ગાડાને બદલે કેટલાક સમયગાળા પછી, ઘોડા ગાડીનો ઉપયોગ શરૂ થયો હતો. શરૂઆતમાં, ત્રણ ઘોડા ગાડીઓ હતી. જેના માલિકો (૧) ઉમરજી મુસે અભરામ દૌલા (મુસ્તાક દૌલાના દાદા) (૨) વલી મુસે ઘોડીવાલા અને (૩) આદમભાઈ તિલવા હતા. બે-ત્રણ વર્ષ પછી, કુલ ૨૦ ઘોડા ગાડીઓ થઈ હતી. ટંકારીઆથી વરેડિયા સુધીનું ભાડું ૦૨ આના હતું.''

''સૂકા મોસમમાં ૧૯૩૩ થી ૧૯૪૦ની વચ્ચે ટંકારીઆ અને ભરૂચ વચ્ચે જોલી શેઠની બે બસની સેવા મળતી હતી. બસનો માર્ગ ટંકારીઆ-પારખેત-પરીયેજ-ત્રાલસા-કોઠી-કાસદ-ઉમરાજ-શેરપુરા થઈ ફાટા તળાવ ભરૂચ સુધીનો હતો. ટંકારીઆથી ભરૂચ સુધીનું બસનું ભાડું ૦૭ આના હતું. બસના માલિક જોલી શેઠનું મૂળ નામ મુહમ્મદ અલી જોલી હતું.''

## હવે બીજો ભાગ

## બુખત

**હાજી મુસા યુસુફ બગસ આદમ લહેરી**
**જન્મ તારીખ ૧૨/૧૧/૧૯૩૧**

**હાજી ગુલામ આદમ અભરામ ઈસે ખંડુ**
**જન્મ તારીખ ૦૯/૦૪/૧૯૩૬**

**હાજી ઈબ્રાહીમ વલ્લી યુસુફ કડુજી**
**અગાઉ રુપિયાવાલા તરીકે ઓળખાતા હતા.**

ઉપર દર્શાવેલ ત્રણ વડીલો બુખત વિભાગના છે. તેમના જણાવ્યા મુજબ મીરુ, લહેરી સ્ટ્રીટ (જૂનું નામ ગોટલી મહોલ્લા હતું), કડુજી સ્ટ્રીટ (જૂનું નામ ગોદર સ્ટ્રીટ હતું), સાપા સ્ટ્રીટ, સુતરિયા, દૌલા, બરકાલિયા, બાબરિયા, મોરલી, વરૂ, દશાંતવાલા, નાથા, નાથલિયા, વસ્તા, લોન્ડ્રીવાલા વગેરે બુખત વિભાગના છે.

પોતાના ભૂતકાળને યાદ કરતાં જનાબ મુસા યુસુફ લહેરીએ કહ્યું, “જ્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે મારી ઉંમર આઠ વર્ષની હતી. સારોદ ગામના દાઉદ મુન્શી અમારા પ્રાથમિક શાળાના શિક્ષક હતા. તે દિવસોમાં, લાલ જુવાર બ્રિટિશ અધિકારીઓ અમેરિકાથી લાવ્યા હતા. ૧૯૪૬માં ટંકારીઆમાં કોલેરા રોગચાળો ફેલાયો હતો જેમાં ગામના બે બાળકો (૧) ગુલામ વલી અભરામ મનુબરવાળા અને (૨) કારા ઈસે ભીમનો પુત્ર કોલેરાના કારણે અવસાન પામ્યા હતા.”

ઉપર દર્શાવેલ ત્રણેય વડીલોએ આગળ વાત કરતાં જણાવ્યું કે, “૧૯૪૮માં મોટો દુકાળ પડ્યો હતો. તે સમયે, મોટા ભાગના ગામના લોકોએ તેમના પિત્તળના વાસણો, બકરાં અને ભેંસ પણ વેચવા પડ્યાં હતાં. ઘણા ગામ લોકો તે સમયે ટંકારીઆ છોડીને મુખ્યત્વે અહમદાબાદ અને મુંબઈના વિવિધ વિસ્તારમાં સ્થળાંતર કરી ગયા હતા. અમુક ઉદાહરણો ટાંકતા તેમણે જણાવ્યું કે અહમદ આદમ કારભારી અને મુહમ્મદ ઉમરજી ઢબુ

મુંબઇ સ્થળાંતર કરી ગયા હતા. છેલા ભાઈઓ, મુસેભાઈ મોરલી અને અલીભાઈ મોરલી અહમદાબાદ સ્થળાંતર કરી ગયા હતા.''

તેઓએ વધુમાં જણાવ્યું કે, ''અમે જ્યારે નાના બાળકો હતા ત્યારે ૦૪-૦૫ વર્ષની ઉંમર સુધીના મોટા ભાગના છોકરા જૂતા અથવા ચંપલનો ઉપયોગ કરતા ન હતા. મોટી ઉંમરના લોકો માથા પર પાઘડી બાંધતા હતા અને તે સમયે યુવા પેઢી તુર્કી ટોપી પહેરતી હતી. આપણા ગામમાં ગરીબીની ટકાવારી લગભગ ૭૫ % જેટલી હતી.'' યુવાનોને સંદેશ આપતા હોય એ રીતે તેમણે કહ્યું, ''અમારા ખોરાક તરીકે અમારી પાસે ડુંગળી, લીલા મરચા, લાલ મરચા અથવા ગોળ અને રોટલો હતો, પરંતુ અમે ખૂબ મજબૂત અને મહેનતુ યુવાનો હતા.''



*ગામ કૂવો (ભૂતકાળમાં પાણી માટેનો મુખ્ય સ્ત્રોત)*

''તે સમયમાં શેમ્પૂને બદલે, વાળ ધોવા માટે અમે કાળી માટી (મટોડા) નો ઉપયોગ કરતા. વરસાદની ઋતુ શરૂ થતાં પહેલાં, અમે કાળી માટીનો સંગ્રહ કરી લેતા જેનો ઉપયોગ ચાર મહિના સુધી કરતા. મોટા પાદરમાં એક મોટો કૂવો હતો અને બળદો મારફત ચામડાની ડોલથી કૂવામાંથી પાણી ખેચવામાં આવતું. સંચાવાલા ઈસાભાઈ કાંસ ચલાવતા હતા. તે સમયે ટંકારીઆમાં એક સૌથી મોટું આંબલીનું ઝાડ હતું જે હજજરની આંબલી તરીકે જાણીતું હતું.''

**ચલણના એકમોઃ**

| | |
|---|---|
| ૦૧ પૈસા | = ૦૩ પાઈ |
| ૦૧ આના | = ૦૪ પૈસા = ૧૨ પાઈ |
| ૧૬ આના | = ૬૪ પૈસા = ૯૨ પાઈ = ૧ રૂપિયો |
| ૦૧ ઢબુ | = ૦૨ પૈસા |
| ૦૨ ઢબુ | = ૦૧ આનો |

સામાન્ય રીતે બોલચાલમાં ૫૦ પૈસાને ૦૮ આના અને ૨૫ પૈસાને ૦૪ આના તરીકે ઓળખવામાં આવતા.

**નોંધઃ** આપણા ગામના કવિ, સાહિત્યકાર એવા આપણા વડીલ કદમ ટંકારવી (કમાલ માસ્તર) સાહેબે કેટલીક પૂરક માહિતી આપી છે; બુખત ભાગના અનુસંધાનમાં એમનું કહેવું છે કે, બુખત શબ્દ હકીકતમાં ‘બુખ્ત’ પરથી અપભ્રંશ થઈને આવ્યો છે. મુઘલો અને તે પહેલાં મુસ્લિમ સુલતાનોના સમયમાં જ્યારે ફારસી ઉર્દૂનું ચલણ હતું ત્યારે ‘બુખ્ત’ શબ્દ ઉપયોગમાં હતો.

## હવે ત્રીજો ભાગ

## ભડ

### અલી ઈસ્માઈલ અહમદ મુસા ભામા હાલમાં અલીભાઈ કામથી તરીકે ઓળખાય છે. અબ્દુલ્લાહ આદમ ઈસે બગસ ઈસપ ભડ

ભડ ભાગના ઉપરોક્ત વડીલોએ જે કહ્યું તે નીચે મુજબ છે.

“બધા લાલન, ઈપલી, હાંડલી, ખીડા, વોરાજી, ખાંધિયા, ભડ, હલાલત, છેલા, રખડા, શેઠ, ઢબુ, ગુલામ પટેલ, દહેલવી, કડવા, ચામડ, જત્તા, ચપટી, ગાંડા અને સુથાર ખડકીના તમામ લોકો ભડ ભાગના છે. પહેલાના સમયે પણ ભડ ભાગ કુટુંબીઓનું સૌથી મોટું જૂથ હતું. આ ભાગનું કબ્રસ્તાન જૂના સમયથી ‘ભડભાગ કબ્રસ્તાન’ તરીકે ઓળખાય છે. અમારા વડીલો મારફત અમને જાણવા મળ્યું કે ભડનો અર્થ મોટો/મોટું એવો થાય છે.

ભડ ભાગમાં પાંચ મોટા પરિવારો હતા. તે પાંચ મોટા પરિવારમાંથી એક પરિવારના લોકો ટંકારીઆ છોડીને કંબોલી ગામમાં રહેવા જતા રહ્યા હતા. ૧૯૮૦ના દાયકાની શરૂઆત સુધી ટંકારીઆથી કંબોલી ગામમાં રહેવા ગયેલા મૂળ ટંકારીઆના કુટુંબના કોઈ વ્યક્તિનું જો કંબોલી ગામમાં મૃત્યુ થાય તો પણ તેમની દફનવિધિ ટંકારીઆના ભડ ભાગ કબ્રસ્તાનમાં કરવામાં આવતી હતી. ઈ.સ. ૧૯૦૧માં ભડ ભાગના એક વ્યક્તિ ટંકારીઆ છોડી કંબોલી ગામે રહેવા ગયા ત્યારે તેમણે ટંકારીઆના લોકો માટે પાણીના એક કૂવાનું દાન કર્યું હતું.''

તેમના કહેવા મુજબ, ''ટંકારીઆ ગ્રામ પંચાયતની શરૂઆત ૧૯૪૦માં થઈ હતી. ભારત દેશને સ્વતંત્રતા મળી ત્યાં સુધી ઈસપ બાપુજી સરપંચ હતા. તે સમયે પંચાયતમાં ૧૩ સભ્યો હતા. હાશમપીર કબ્રસ્તાન ૧૨ વીંઘામાં વિસ્તરેલું છે. તે સમયે ટંકારીઆની આસપાસના ગામના લોકો, પશ્ચિમ બાજુથી સમની ગામ સુધી, પૂર્વમાં હલદરવા સુધી, ઉત્તરમાં માંકણ સુધી, દક્ષિણમાં હિંગલ્લા ગામ સુધીના લોકો તેમના ગામમાં થતા કોઈ પણ વિવાદના સમાધાન માટે ટંકારીઆના મોભાદાર લોકોને બોલાવતા હતા.''

**નોંધઃ** મૂળ ટંકારીઆ ગામના પરંતુ કેટલાક વર્ષો પછી જમાલપુર અમદાવાદમાં સ્થાયી થયેલા મરહૂમ અહમદભાઈ અસ્માલ ઉમર મીઠા અભરામ માલા વલી અભરામ સાહભડ (સંપાદકના માસા મરહૂમ અહમદભાઈ છેલા)એ



ભડ ભાગનું કબ્રસ્તાન
(સંદર્ભ : પેજ ૧૯, ૫૦, ૫૧ અને ૫૩)



બુખત, સુલેમાન વાજા અને મોટા વાજા
ભાગનું કબ્રસ્તાન

ભડ ભાગ તથા એમના કુટુંબની વંશાવલી તૈયાર કરી હતી. ભડ ભાગના પાંચ મોટા કુટુંબ પૈકી એક કુટુંબની આંશિક/વિભાગીય વંશાવલીમાં સાહભડ ભાગના અમીજી, કાસુજી, આમનજી, મીઠા, નાથા, સાલે વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. સાહભડ ભાગની આ વંશાવલી ૧૬ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ અમદાવાદમાં રહેતા ટંકારીઆ મૂળના જનાબ અબ્દુલમજીદ ઈબ્રાહીમ અસ્માલ છેલા (એડવોકેટ) પાસેથી સંપાદકને મળેલ છે. આ વંશાવલી જોવા માટે નીચે આપેલ લિંકનો ઉપયોગ કરો.

https://www.mytankaria.com/genealogical-tree-of-bhad-bhag

**હવે ચોથો ભાગ**

**વાજા (મોટા વાજા તરીકે પણ ઓળખાય છે)**

**ઈબ્રાહીમ આદમ મુસા ઈસ્માઈલ બાપુ અમાનજી ભામા જે હાલમાં લાર્યા સર્કલ તરીકે ઓળખાય છે.**

તેઓ મોટા વાજા ભાગના છે. તેમના કહ્યા મુજબ, “માલજી, ટીલુ, મઢી, દેડકા, લાર્યા, પીપલા ખડકીના બધા લોકો, અભલી, જેટ, ભોજા, ચવડી, ભા, મનમન ખડકીના લોકો, જારીવાલા, ડાહ્યા, બધા ઘોડીવાલા, ગોરધન, બચારવાલા અને ખોડા મોટા વાજા ભાગના છે.”

તેમણે કહ્યું કે, “અમે જ્યારે નાના હતા ત્યારે ગિલ્લી દંડા, સાવરા, ખારપાટ, ખોખો, કબડ્ડી અને ક્રિકેટ રમતા હતા.”

“૧૯૫૨માં, મુસા કારા ગોરધન (હાલ ૨૦૦૭માં તેઓ પ્રિટોરિયા, આફ્રિકામાં રહે છે)ના નેતૃત્વ હેઠળ, ‘પંજ મહોલ્લા કમિટી’ની (પાંચ ખડકીની કમિટી) રચના થઈ હતી. અમે લગ્ન પ્રસંગે ઉપયોગમાં લેવામાં આવતા દેગ અને બીજા બધા વાસણ ખરીદ્યાં હતાં જેનું સંચાલન પંજ મહોલ્લા કમિટી કરતી હતી.”

આગળ વાત કરતાં તેમણે પૂછ્યું, “શું તમે જાણો છો કે અમે સર્કલ તરીકે કેમ જાણીતા છે? પછી તેમણે પોતે જ જવાબ આપ્યો, મારા પિતા

આદમ મુસા ઈસ્માઈલ લાર્યા પાલેજ ખાતે તલાટી તરીકે કામ કરતા હતા અને પછી તેમને બઢતી મળતા તેઓ વિભાગના સર્કલ ઇન્સ્પેક્ટર બન્યા ત્યારથી મારા પિતા સર્કલ તરીકે જાણીતા થયા. સાગબારા અને ઝઘડિયામાં મસ્જિદોના નિર્માણમાં અને અંકલેશ્વર ખાતે મુસાફિરખાનાના નિર્માણમાં તેમણે નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. તેઓ ૧૯૬૯માં નિવૃત્ત થયા ત્યારથી ૧૯૮૭માં તેમના મરણ સુધી ટંકારીઆ મસ્જિદ-મદ્રસા કમિટીમાં સક્રિય રહ્યા હતા.''

## ૨.૨

# ટંકારીઆના ઈતિહાસનો બીજો દ્રષ્ટિકોણ

## અમેરિકામાં સ્થાયી થયેલા અહમદ મુન્શીએ જણાવેલ ઈતિહાસની વાતો

### સંપાદક : શકીલ અબ્દુલ્લાહ ભા

*(માય ટંકારીઆ વૅબસાઈટ પરના અંગ્રેજી લખાણનું ગુજરાતીમાં ભાષાંતર કરી અહીં રજૂ કરેલ છે.)*

આપણા વાર્તાકાર શ્રી અહમદ મુન્શી છે (જેઓ ચટી માસ્તર 'દાદા' તરીકે ઓળખાય છે). પ્રથમ શિક્ષકની અને ત્યાર પછી વિવિધ કામગીરીઓમાંથી નિવૃત્ત થતાં ડિસેમ્બર ૧૯૮૫માં પોતાની પત્ની અમીનાબેન મુન્શી અને પુત્ર હનીફ મુન્શી સાથે અમેરિકાના શિકાગોમાં સ્થાયી થયા હતા અને ૯૦ વર્ષની ઉંમરે તેમનો ઇન્તેકાલ થયો ત્યાં સુધી સક્રિય રહ્યા હતા.

હવે, ટંકારીઆના ઈતિહાસને તેમના શબ્દોમાં વાંચો, તે વ્યક્તિના શબ્દો કે જેમણે ટંકારીઆને વધુ નજીકથી જોયું છે.

ટંકારીઆ, ચાર ભાઈનું ગામ હતું: ભડ, બુખદ, નાના વાજા અને મોટા વાજા. લોકો કહે છે કે ભાઈઓ અહમદાબાદ નજીકથી આવ્યા હતા. કોઈને ખબર નથી ખરેખર ક્યાંથી આવ્યા હતા? આ ચાર ભાઈઓએ ઘણી સદીઓ પહેલા ટંકારીઆ ગામનો પાયો નાખ્યો હતો. તેથી, ટંકારીઆમાં મોટા ભાગના પરિવારો આ ચાર ભાઈઓના છે. નીચે કૌટુંબિક વંશાવલીનો સંદર્ભ લો:

**ભડઃ** મોટા પાદરના લોકો ભડ ભાગના છે. આથી જ મોટા પાદરના લોકોના કબ્રસ્તાનને 'ભડ ભાગ કબ્રસ્તાન' કહેવામાં આવે છે.

**બુખદઃ** પીપલા ખડકીના લોકો બુખદના છે.

**નાના વાજા (સુલેમાન વાજા):** બાપુજી, ભાલોડા, ભુતા, ચટી, ડેલાવાલા, જોલી, મિયાંજી, પયા અને સાપા બધા નાના વાજા ભાગના છે. ઈસ્માઈલ ઉમરજી ભુતા આ જૂથની પ્રખ્યાત વ્યક્તિ હતા.

**મોટા વાજાઃ** ઘોડીવાલા પરિવાર મોટા વાજા ભાગના છે. ડૉ. અલીભાઈ પટેલ આ જૂથની પ્રખ્યાત વ્યક્તિ હતા.

આપણે કૌટુંબિક વંશાવળી વિષે વાત કરી રહ્યા છીએ, ચાલો ટંકારીઆના અન્ય પરિવારો વિષે થોડી વિગતો જોઈએ. ટંકારીઆના કેટલાક મોટા પરિવારોમાં બંગલાવાલા, ભુતાવાલા અને ઘોડીવાલા છે. ચાલો બંગલાવાળા (મિયાંજી) કુટુંબ તરફ જોઈએ. આપણા લેખક, શ્રી અહમદ મુન્શીનું પૂરું નામ છેઃ માસ્તર અહમદ વલી મુસા મુહમ્મદ ઉમરજી મિયાંજી. ઘણા વર્ષો પહેલા ટંકારીઆમાં બે વિશાળ બંગલા હતા; પશ્ચિમમાં આવેલ બંગલો મુસા બાપુ ડેલાવાળાનો હતો અને બીજો પૂર્વમાં બગસ ઉમરજી મિયાંજીનો હતો. (આ યાદ રાખો).

મિયાંજી પરિવારમાં, બે ભાઈઓ હતાઃ મુહમ્મદ ઉમરજી અને બગસ ઉમરજી. બગસ ઉમરજીના પુત્રો બંગલાવાલા કહેવાતા. કેમ? કારણ કે તેમની પાસે મોટો બંગલો હતો.

**મિયાંજીઃ**

મુહમ્મદ ઉમરજી મિયાંજીના કુટુંબીજનો પાછળથી ચટી તરીકે ઓળખાયા.

મુહમ્મદ ઉમરજી મિયાંજીના બે પુત્રો હતા. (૧) મુસા અને (૨) બાજીભાઈ.

મુસા મુહમ્મદ ઉમરજી મિયાંજીના ત્રણ પુત્રો હતા. (૧) વલી (૨) ઈસ્માઈલ અને (૩) યુસુફ.

વલી મુસા મુહમ્મદ ઉમરજી મિયાંજીના એક પુત્ર અહમદ મુન્શી હતા. (આપણા વાર્તાકાર)

યુસુફ મુસા મુહમ્મદ ઉમરજી મિયાંજી વાંતરસા રહેવા જતાં એમનું મોટું કુટુંબ વાંતરસામાં ચટી તરીકે ઓળખાયું.

બાજીભાઈ મુહમ્મદ ઉમરજી મિયાંજીના ત્રણ પુત્રો હતા. (૧) મુહમ્મદ (૨) ઈબ્રાહીમ અને (૩) દાઉદ

**બંગલાવાલાઃ**

બગસ ઉમરજી મિયાંજીના કુટુંબીજનો પાછળથી બંગલાવાલા તરીકે ઓળખાયા.

બગસ ઉમરજી મિયાંજીના પાંચ પુત્રો હતા. (૧) યુસુફ (૨) વલી (૩) મુસા (૪) મુહમ્મદ અને (૫) આદમ

યુસુફ બગસ ઉમરજી મિયાંજીના પુત્ર અકુજી તરીકે ઓળખાતા હતા.

મુસા બગસ ઉમરજી મિયાંજીના પુત્ર મસ્તાન બંગલાવાલા હતા.

હવે બીજા મોટા કુટુંબની વાત કરીએ...

**ઈબ્રાહીમ ભુતાઃ**

ચાર ભાઈઓ (૧) કારા ઈબ્રાહીમ (૨) બાજીભાઈ ઈબ્રાહીમ (૩) ઉમરજી ઈબ્રાહીમ (૪) ઇસપ ઈબ્રાહીમ અને (૫) યુસુફ ઈબ્રાહીમ હતા.

ઉમરજી ઈબ્રાહીમના પુત્ર ઈસ્માઈલ હતા. ઈસ્માઈલ ઉમરજી ઈબ્રાહીમના પુત્ર મુસા હતા.

એવું કહેવામાં આવતું હતું કે, દર અઠવાડિયે, કારા ઈબ્રાહીમ તેમના ઘોડા પર ગામના ચાર ખૂણાની મુલાકાત લઈ જાહેર કૂવાઓની સંભાળ લેતા. તેમણે જમીનનો ગેરકાયદે કબજો પણ અટકાવ્યો હતો.

## જામે મસ્જિદ, મોટા બજાર, ટંકારીઆઃ

ટંકારીઆ જામે મસ્જિદ રાજા કુતુબ અબુલ મુઝફ્ફર અહમદ શાહ સુલતાનના શાસન દરમિયાન બનાવવામાં આવી હતી. મસ્જિદ ૯મી રબીઉલ અવ્વલ હિજરી ૮૫૭ના રોજ તૈયાર થઈ હતી. કેટલાક વડીલોની જાણકારી મુજબ, મીનારાનો પાયો જમીનની અંદર ૩૫ થી ૪૫ ફૂટ ઊંડે છે. આ વિશાળ મસ્જિદનું નવનિર્માણ ૧૯૭૭માં કરવામાં આવ્યું હતું. તે એક સમયે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ લોકોને સમાવી શકે છે.

## ચાર મોટા કોણ હતા?

તે સમયે, ટંકારીઆમાં કોઈ બેંક ન હતી, તેથી મસ્જિદના પૈસા મસ્જિદની અંદરના લોકરમાં સુરક્ષિત રાખવામાં આવતા હતા. જ્યાં સુધી ચાર મોટા લોકો એક સાથે ભેગા થાય નહીં ત્યાં સુધી કોઈ પણ લોક ખોલી શકતું નહીં. ચાર મોટા કોણ હતા?

તેઓ ટંકારીઆના ચાર ભાગોમાંથી ટ્રસ્ટીઓ/મુતવલ્લીઓ હતા. ગોદર ડોસા તેમાંથી એક હતા અને તે લોકરની ચાવી રાખવાની જવાબદારી તેમની પાસે હતી. તે ગામ લોકોમાં ખૂબ પ્રખ્યાત હતા. એવું કહેવામાં આવતું હતું કે તેમની પાસે તબીબી હેતુઓ માટે અફીણની ખેતી કરવાનું લાયસન્સ હતું. ચાર સભ્યો પૈકીના સભ્યોમાં ગોદર ડોસા, કારા ઈબ્રાહીમ ભુતા, ઈસ્માઈલ ઈસા ડેલાવાલા અને ચોથા એક વ્યક્તિ (જો તમે ચોથા વ્યક્તિનું નામ જાણતા હોય તો અમને જણાવશો).

## દરગાહો

## જામે મસ્જિદ, મોટા બજાર, ટંકારીઆમાં આવેલ દરગાહ

ટંકારીઆ ચોતરફ વલીઓની કબરોથી ઘેરાયેલ છે (વલીઃ એવા લોકો કે જેમણે પોતાનું જીવન સર્વશક્તિમાન અલ્લાહની રાહમાં અને ઈસ્લામ માટે સમર્પિત કર્યું હતું). એક તરફ હાશમ પીર બાબા છે, બીજી બાજુ અશરફશાહ

બાબા છે અને ત્રીજી બાજુ જુમ્માશાહ બાવા છે. જામે મસ્જિદની અંદર પણ ત્રણ કબરો છે.

**અશરફશાહ બાવા, નાના પાદર, ટંકારીઆ**

લોકો કહે છે કે અશરફશાહ બાવા જામે મસ્જિદમાં મુઅઝિઝન હતા. પોતાનો મોટા ભાગનો સમય અલ્લાહની ઈબાદત માટે સમર્પિત કર્યો હતો. તેઓ સમુદાયમાં ખૂબ જાણીતા અને ખૂબ જ આદરણીય હતા. એમના થકી ઘણી કરામતો જાહેર થઈ હતી.

**લોકો અને જીવન**

ટંકારીઆ હંમેશા વિકાસમાં અગ્રેસર રહ્યું છે, પછી ભલે તે ઉચ્ચ શિક્ષણ હોય, રમતગમત, કળા અથવા સાહિત્ય હોય. ટંકારીઆએ ભરૂચ જિલ્લાના અન્ય ગામો કરતાં વધુ શિક્ષકો, ઈજનેરો, રમતવીરો, ડૉક્ટરો, ફાર્મસિસ્ટ અને લેખકો આપ્યા છે. ડૉ. અલીભાઈ પટેલ ટંકારવી વહોરા સમાજના પ્રથમ ડૉક્ટર હતા. વહોરા સમાજમાં રાષ્ટ્ર કક્ષાની રમતમાં ભાગ લેનાર પ્રથમ એક ટંકારવી હતા. આઝાદી પહેલા ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જતા જૂજ વહોરા પટેલોમાં એક ટંકારવી હતા. ભરૂચ જિલ્લાના ગામોમાં ટંકારીઆમાં પ્રથમ હાઈસ્કૂલ શરૂ કરાઈ હતી. આ સન્માન ટંકારીઆના ફાળે જાય છે કારણકે આપણા પૂર્વજોએ ખરેખર સખત મહેનત કરી હતી. તેમની પાસે દ્રષ્ટિ, ઉત્સાહ, પોતાની જાત પર પ્રબળ આત્મવિશ્વાસ અને સૌથી ઉપર પ્રેમ... તેમની ભૂમિ પ્રત્યેનો પ્રેમ હતો. તો ચાલો, આ લોકો, તેમના જીવન, તેમની મહેનત અને ટંકારીઆ પ્રત્યેના તેમના પ્રેમ વિષે વાત કરીએ.

આઝાદી પહેલાં (૧૯૪૭ પહેલાં), ટંકારીઆ શાળામાં શિક્ષણ મુખ્યત્વે ઉર્દૂમાં હતું. ગુજરાતી એક વૈકલ્પિક વિષય હતો. ઈસપ બાપુજીની ઈમારતનો ઉપયોગ બૉર્ડિંગ માટે કરવામાં આવતો હતો. ભરૂચ જિલ્લાના વિદ્યાર્થીઓ ઉર્દૂ શિક્ષણ માટે ટંકારીઆ આવતા હતા. ભરૂચ ડિસ્ટ્રિક્ટ બૉર્ડ તેમને વિનામૂલ્યે બૉર્ડિંગ અને ભોજન પ્રદાન કરતું હતું. આઝાદી પછી, ગુજરાત સરકારે ગુજરાતીને ફરજિયાત વિષય બનાવ્યો અને ઉર્દૂ વૈકલ્પિક

વિષય બની ગયો તેથી હવે બૉર્ડિંગની ઈમારતની જરૂર ન હતી. પાછળથી તેનો ઉપયોગ ઈસપ બાપુજીના બાળકો દ્વારા ઘર તરીકે કરવામાં આવ્યો. ઈસપ બાપુજી લાંબા સમયથી ટંકારીઆના સરપંચ (ચૂંટાયેલા નેતા) હતા. તે ખૂબ જ દયાળુ અને લોકપ્રિય વ્યક્તિ હતા. તેમનો પૌત્ર સઈદ બાપુજી છે, જેઓ ટંકારીઆ હાઈસ્કૂલના શિક્ષક છે અને સ્થાનિક નેતા છે.

લગભગ ૧૮૫૭માં કબીર પરિવારના બે ભાઈઓ ટંકારીઆ આવ્યા. તેઓ સ્વાતંત્ર્ય સેનાની હતા. તે સમયે બ્રિટિશ સામ્રાજ્ય સામેની પ્રવૃત્તિમાં સામેલ કોઈપણ વ્યક્તિને આશ્રય આપવું ગેરકાનૂની હતું. આમ હોવા છતાં, મુસા ઈબ્રાહીમ ખોડાએ તેમને આશ્રય આપ્યો. બેઉ ભાઈઓએ ટંકારીઆના દરેક પરિવારને આઝાદીની લડત માટે એક બાળક આપવા જણાવ્યું હતું. તેમનું પ્રખ્યાત સૂત્ર હતું 'બેટા કી જાન ખિલાફત મેં દે દો' (રાજકીય વિરોધ અભિયાનમાં તમારા પુત્રની જિંદગી આપો).

આઝાદી પહેલાનું જીવન કઠિન હતું, પરંતુ ફુગાવો સૌથી નીચો હતો. શિક્ષકનું માસિક વેતન ૧૫ રૂપિયા હતું.

૦૧ રૂપિયા = ૧૬ આના

૫૦૦ ગ્રામ માંસ = ૦૪ આના

કરિયાણા = ૦૧ રૂપિયો

૩ માળના મકાનનું ભાડું = દર મહિને રૂ. ૦૫

ટંકારીઆથી વરેડિયા ઘોડા ગાડીની સવારી = ૦૪ આના

તમે કલ્પના કરી શકો છો કે રોજિંદા જીવનની વસ્તુઓ કેટલી સસ્તી હતી. પરિવહન પણ ખૂબ સસ્તું હતું. આપણી પાસે બસો ન હતી અને નજીકનું રેલવે સ્ટેશન વરેડિયા હતું. ટંકારીઆથી વરેડિયા મુસાફરોને જવા-આવવા માટે ઘોડા ગાડીઓ હતી. દેવરામ મોટા ઘોડા ગાડી એસોસિએશનના પ્રમુખ હતા. એક સમયે ૬થી ૭ મુસાફરો મુસાફરી કરી શકતા હતા. ભાડું પ્રતિ વ્યક્તિ ૦૪ આના હતું. ઘોડા ગાડીના માલિકને એક ફેરાના રૂ. ૧.૭

મળતા હતા. છેલ્લી ટ્રેન રાત્રે આઠ વાગ્યે હોવાથી અને તે સમયે બધા મુસાફરો આવતા હોવાથી ઘોડા ગાડીના માલિક તે સમયે વરેડિયા ઘોડા ગાડી લઈ જતા.

શું આપણે હજી પણ તે પરંપરાને અનુસરતા નથી? છેલ્લી ટ્રેન હજી પણ તે જ સમયે આવે છે... ફક્ત નામ બદલ્યું છે. હવે તેને વડોદરાથી પાલેજ સુધીની ભક્તાની એક્સપ્રેસ કહેવામાં આવે છે. હાલમાં બસ અને રીક્ષાએ ઘોડા ગાડીનું સ્થાન લીધું છે અને પાલેજથી ટંકારીઆ જવા-આવવાનું ભાડું ૦૭ થી ૧૦ રૂપિયા છે.

આપણે લોકો અને તેમના જીવન વિષે વાત કરી રહ્યા છીએ, ચાલો આપણે કેટલાક ટંકારવીઓ વિષે વિગતવાર વધુ વાત કરીએ.

**જનાબ મુહમ્મદ વલ્લી પાવડીયા:** તે સમયે તે જૂનાગઢના નવાબના અંગત મદદનીશ હતા. તેમની એવી પ્રતિષ્ઠા હતી કે લોકો તેની ઈચ્છા કરે. તેમની પાસે મોટર કાર હતી અને જ્યારે પણ તેઓ ટંકારીઆની મુલાકાત લેતા ત્યારે લોકો "હટી જજો, પાવડીયાની કાર આવી" એમ બોલતા હતા. તમે તેમના પુત્ર 'જનાબ' ઈબ્રાહીમ મુહમ્મદ વલ્લી પાવડીયા વિષે બેકાર સાહેબની પટેલ ડિરેક્ટરીમાં વધુ વિગતવાર વાંચી શકો છો. તેમણે નેશનલ કેડેટ કોપ્સમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

**આદમ ઈસ્માઈલ 'મુસ્તુફાબાદી' :** તે ટંકારવીઓમાં ખૂબ પ્રખ્યાત નામ હતું. તેમનો કપડાંનો ધંધો હતો. આફ્રિકાથી આવ્યા પછી, તેમણે ટંકારીઆમાં કપડાંનો ધંધો શરૂ કર્યો હતો. ટંકારીઆમાં કોઈપણ જાહેર પ્રસંગે, તેમનું ભાષણ સાંભળવા મળતું.

**ડૉ. અલીભાઈ પટેલ:** તમે બેકાર સાહેબની પટેલ ડિરેક્ટરીમાં તેમના જીવન વિષે વાંચી શકો છો. તે વહોરા સમુદાયના પ્રથમ પ્રમાણિત ડૉક્ટર હતા. તેમનું દવાખાનું અંકલેશ્વરમાં હતું. તે મુસ્લિમ લીગના પ્રમુખ પણ હતા.

ટંકારીઆના લોકો આજે પણ તેમના પુત્રના લગ્ન સમારોહને યાદ કરે છે. જ્યારે તેમના પુત્રના લગ્ન થયા, ત્યારે તેમણે આખા ગામને આમંત્રણ આપ્યું

હતું અને આતશબાજી માટે એક ધંધાદારી ટીમ બોલાવી હતી. ટંકારીઆની દરેક ગલીમાં ફટાકડા ફોડ્યા હતા. આ ઉપરાંત, તેમણે ગામલોકોના મનોરંજન માટે ‘ગાયકવાડ બેન્ડ’ (તે દિવસોમાં ખૂબ પ્રખ્યાત મ્યુઝિકલ ગ્રુપ) બોલાવી હતી. બેન્ડ સાથે ફૂલકું આખી રાત ચાલ્યું હતું. (ફૂલકુંઃ એક એવો પરંપરાગત રિવાજ જેમાં જે દિવસે લગ્ન થવાના હોય એની પહેલાંની રાત્રે દુલ્હાને ઘોડા પર બેસાડી મ્યુઝિકલ બેન્ડ સાથે પરંપરાગત સંગીત વગાડતા વગાડતા ગામના લોકો મુખ્ય રસ્તાઓ પર ફરતા. તે સામાન્ય રીતે સૂર્યાસ્ત પછી શરૂ થતું.) ડૉ. અલીભાઈ પટેલ ભારતને બ્રિટિશ શાસકો પાસેથી આઝાદી મળ્યા પછી, તેમના પરિવાર સાથે પાકિસ્તાન ચાલ્યા ગયા હતા.

**ખાટકી મુન્શીઃ** તેઓ ટંકારીઆ પ્રાથમિક શાળાના આચાર્ય હતા. તે ખૂબ જ હોશિયાર હતા. કોઈ પણ વ્યક્તિના હસ્તાક્ષર જો તેમણે એક વખત જોયા હોય તો તે તેમને યાદ રહી જતા અને બીજી વાર જ્યારે પણ તેઓ એ હસ્તાક્ષર જોતા તો તે કોના હસ્તાક્ષર છે એ તેઓ કહી દેતા. તેમના પુત્રી ડૉક્ટર હતાં જેઓ થોડા સમય માટે અહમદાબાદમાં રહ્યાં હતાં. નવી જાણકારી અનુસાર, તેઓનો પરિવાર હવે અમેરિકાના શિકાગોમાં રહે છે. તેઓની પૌત્રીના લગ્ન ગની શેઠ ખાંધિયાના પુત્ર ફૈયાઝ ખાંધિયા સાથે થયા છે.

**મુસા મુકરદમ પટેલઃ** મુસા મુકરદમ પટેલ વિષે ખૂબ જ રસપ્રદ વાર્તા છે. આપણા વાર્તાકાર શ્રી અહમદ મુન્શીના જણાવ્યા મુજબ મુસા મુકરદમ પટેલ હંમેશા તેમની સાથે એક નોંધપોથી રાખતા હતા. દરરોજ જોહરની નમાઝ પછી તે ગામમાં નવા જન્મેલા બાળકો વિષે દરિયા વહુ (મિડવાઈફ) ને પૂછી જે તે બાળકની જન્મ તારીખ સાથે તેમના કુટુંબનું નામ લખતા. ચોથા દિવસે, તે દરિયા વહુ પાસેથી જે તે બાળકને શું નામ આપવામાં આવ્યું તેની જાણકારી મેળવી તેમની નોંધપોથીમાં તેની નોંધ કરતા. શ્રી અહમદ મુન્શીએ કહ્યું કે તેમણે મુસા મુકરદમ પટેલની નોંધપોથીમાં તેમની જન્મ તારીખ જોઈ છે. મુસા મુકરદમ પટેલને બે પુત્રો હતા અહમદ પટેલ અને અલી પટેલ. શું રસપ્રદ લોકો હતા! સમાજની આટલી બધી સંભાળ રાખવાની એમની એ પ્રકૃતિને સલામ.

# ભાગ-૩

## સંસ્થાઓ અને સુવિધાઓ

*સંપાદકઃ નાસીરહુસેન લોટીયા*

### ૩.૧

### ટંકારીઆ ગ્રામ પંચાયત

ગ્રામ પંચાયત એ ગ્રામ્ય કક્ષાની વહીવટી સંસ્થા છે. ગ્રામ પંચાયતની ચૂંટણી દ્વારા સરપંચ, તથા સભ્યોને પાંચ વર્ષ માટે ચૂંટી કાઢવામાં આવે છે.



**ટંકારીઆ ગ્રામ પંચાયત**

ત્યારબાદ સરપંચ અને સભ્યો ભેગા મળીને ઉપસરપંચ ચૂંટી કાઢે છે. જો કોઈ ગામમાં ગામ લોકોની સંમતિથી ચૂંટણી વિના સરપંચની પસંદગી/નિમણૂક થાય તો સરકાર એવી ગ્રામ પંચાયતને કેટલીક રકમ અનુદાન પેટે આપે છે. ગ્રામ્ય કક્ષાનો વહીવટ અને વિકાસને લગતા કાર્યો ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને સભ્યો બધા ભેગા મળીને સંભાળે છે. સરપંચ એ ગ્રામ પંચાયતના મુખિયા ગણાય છે. ગ્રામ પંચાયતમાં એક અથવા એકથી વધુ સરકારી કર્મચારીઓની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવે છે જે તલાટી-કમ-મંત્રી તરીકે ઓળખાય છે. તલાટી-કમ-મંત્રીનું કામ દાખલા આપવા, ગ્રામ પંચાયતનો હિસાબ રાખવો, કર ઉઘરાવવો વગેરે હોય છે.

**સરપંચઃ** સરપંચ એ ભારતની ગ્રામ પંચાયત તરીકે ઓળખાતી ગામ-સ્તરની સંસ્થાના ચૂંટાયેલા વડા અથવા અમુક કિસ્સાઓમાં ચૂંટણી વિના ગામ લોકોની સંમતિથી પસંદ કરાયેલા વડા હોય છે. દર પાંચ વર્ષ પૂરા થયા પછી નવા સરપંચ અને સભ્યોની ચૂંટણી/પસંદગી યોજાય છે. અન્ય ચૂંટાયેલા સભ્યો (પંચ) સાથે સરપંચ ગ્રામ પંચાયતની રચના કરે છે. સરપંચ સરકારી અધિકારીઓ અને ગ્રામ્ય સમુદાય વચ્ચેના સંપર્કનું કેન્દ્રબિંદુ છે. ગ્રામ પંચાયત એ ભારતના ગ્રામ શાસનના સૌથી પ્રાચીન સ્વરૂપોમાંનું એક છે. અગાઉ જ્યારે દરેક ગ્રામ પંચાયતમાં માત્ર પાંચ સભ્યો હતા ત્યારે સર એટલે કે વડા અને પંચ એટલે પાંચ એ મુજબ ગ્રામ પંચાયતના પાંચ નિર્ણય લેનારાઓના વડા 'સરપંચ' તરીકે ઓળખાતા હતા. હવે પંચાયતના સભ્યોની સંખ્યા ગામની વસ્તી પર આધારિત હોય છે જે પાંચ કરતાં વધુ હોવા છતાં આજે પણ પંચાયતના વડાને બહુ પ્રચલિત નામ 'સરપંચ' તરીકે જ ઓળખવામાં આવે છે.

**સરપંચ અને તેમનો સમયગાળોઃ**

| | | |
|---|---|---|
| ૦૧/૦૪/૧૯૪૧ | ૨૦/૦૧/૧૯૪૯ | ઈસપ બાપુજી ખાલુ |
| ૨૧/૦૧/૧૯૪૯ | ૦૪/૦૩/૧૯૪૯ | ઈસપ મુહમ્મદ સાપા |
| ૦૫/૦૩/૧૯૪૯ | ૦૮/૦૭/૧૯૫૨ | ઈસ્માઈલ અલી ચેરમેન |
| ૦૯/૦૭/૧૯૫૨ | ૧૨/૦૯/૧૯૫૬ | મુહમ્મદ મુસા માસ્તર |

| | | |
|---|---|---|
| ૧૩/૦૯/૧૯૫૬ | ૧૨/૧૦/૧૯૫૬ | ઈસપ મુહમ્મદ સાપા |
| ૧૩/૧૦/૧૯૫૬ | ૩૧/૧૨/૧૯૫૬ | મુહમ્મદ મુસા માસ્તર |
| ૦૧/૦૧/૧૯૫૭ | ૧૬/૦૬/૧૯૫૭ | ઈસપ મુહમ્મદ સાપા |
| ૧૭/૦૬/૧૯૫૭ | ૧૬/૦૮/૧૯૫૭ | ઈસ્માઈલ વલી અભલી |
| ૧૭/૦૮/૧૯૫૭ | ૦૬/૦૫/૧૯૫૮ | ઈસપ મુહમ્મદ સાપા |
| ૦૭/૦૫/૧૯૫૮ | ૧૫/૧૦/૧૯૬૦ | ઈસ્માઈલ વલી અભલી |
| ૧૬/૧૦/૧૯૬૦ | ૦૭/૦૧/૧૯૬૧ | યાકુબભાઈ (વહીવટદાર તરીકે) |
| ૦૮/૦૧/૧૯૬૧ | ૦૧/૦૮/૧૯૬૧ | ઈસ્માઈલ વલી અભલી |
| ૦૨/૦૮/૧૯૬૧ | ૩૧/૧૦/૧૯૬૫ | ગુલામ અહમદ પટેલ |
| ૦૧/૧૧/૧૯૬૫ | ૦૮/૧૦/૧૯૭૦ | અહમદ સુલેમાન પટેલ |
| ૦૯/૧૦/૧૯૭૦ | ૩૦/૦૬/૧૯૭૧ | મુહમ્મદ ઈબ્રાહીમ ઘોઘા |
| ૦૧/૦૭/૧૯૭૧ | ૧૫/૦૭/૧૯૭૭ | સુલેમાન હાજી ભુતા |
| ૧૬/૦૭/૧૯૭૭ | ૧૬/૦૭/૧૯૮૪ | મુસા ઈસપ ડેલાવાલા |
| ૧૭/૦૭/૧૯૮૪ | ૧૧/૧૦/૧૯૮૭ | અહમદ ઈસ્માઈલ મઢી |
| ૧૨/૧૦/૧૯૮૭ | ૨૬/૧૧/૧૯૮૭ | મુસા ઈસપ ડેલાવાલા |
| ૨૭/૧૧/૧૯૮૭ | ૨૫/૦૭/૧૯૮૮ | રૂસ્તમ વલી લાલન |
| ૨૬/૦૭/૧૯૮૮ | ૧૫/૧૦/૧૯૮૮ | ઈસ્માઈલ યુસુફ સાપા |
| ૧૬/૧૦/૧૯૮૮ | ૦૩/૦૪/૧૯૮૯ | રૂસ્તમ વલી લાલન |
| ૦૪/૦૪/૧૯૮૯ | ૦૧/૦૮/૧૯૮૯ | ઈસ્માઈલ યુસુફ સાપા |
| ૦૨/૦૮/૧૯૮૯ | ૨૪/૧૧/૧૯૯૧ | રૂસ્તમ વલી લાલન |
| ૨૫/૧૧/૧૯૯૧ | ૨૨/૦૩/૧૯૯૨ | દાઉદ બાજીભાઈ ભુતા |
| ૨૩/૦૩/૧૯૯૨ | ૩૦/૧૧/૧૯૯૨ | રૂસ્તમ વલી લાલન |
| ૦૧/૧૨/૧૯૯૨ | ૩૦/૧૧/૧૯૯૭ | દાઉદ બાજીભાઈ ભુતા |
| ૦૧/૧૨/૧૯૯૭ | ૧૪/૦૧/૧૯૯૮ | જી.આર. ચાવડા (વહીવટદાર તરીકે) |
| ૧૫/૦૧/૧૯૯૮ | ૨૦/૧૦/૨૦૦૦ | મેહબુબ વલી લાર્યા |
| ૨૧/૧૦/૨૦૦૦ | ૧૪/૦૧/૨૦૦૧ | ગુલામ અહમદ સુલેમાન પટેલ |
| ૧૫/૦૧/૨૦૦૧ | ૧૪/૦૧/૨૦૦૩ | મેહબુબ વલી લાર્યા |
| ૧૫/૦૧/૨૦૦૩ | ૧૯/૦૩/૨૦૦૩ | એમ.એસ. વણકર (વહીવટદાર તરીકે) |
| ૨૦/૦૩/૨૦૦૩ | ૨૬/૦૫/૨૦૦૪ | અહમદ એમ. ખોડા |
| ૨૭/૦૫/૨૦૦૪ | ૧૭/૦૬/૨૦૦૪ | સિરાજ અહમદ ઘોડીવાલા |

| | | |
|---|---|---|
| ૧૮/૦૬/૨૦૦૪ | ૨૧/૦૫/૨૦૦૫ | અહમદ એમ. ખોડા |
| ૨૨/૦૫/૨૦૦૫ | ૨૫/૦૮/૨૦૦૫ | સિરાજ અહમદ ઘોડીવાલા |
| ૨૬/૦૮/૨૦૦૫ | ૦૪/૦૭/૨૦૦૬ | અહમદ એમ. ખોડા |
| ૦૫/૦૭/૨૦૦૬ | ૩૦/૧૦/૨૦૦૬ | અબ્દુલસમદ ઈબ્રાહીમ પટેલ |
| ૩૧/૧૦/૨૦૦૬ | ૧૬/૦૬/૨૦૦૭ | અહમદ એમ. ખોડા |
| ૧૭/૦૬/૨૦૦૭ | ૧૧/૧૦/૨૦૦૭ | અબ્દુલસમદ ઈબ્રાહીમ પટેલ |
| ૧૨/૧૦/૨૦૦૭ | ૦૭/૧૨/૨૦૦૭ | અહમદ એમ. ખોડા |
| ૦૮/૧૨/૨૦૦૭ | ૧૮/૦૩/૨૦૦૮ | અબ્દુલસમદ ઈબ્રાહીમ પટેલ |
| ૧૯/૦૩/૨૦૦૮ | ૧૬/૦૪/૨૦૦૮ | વહીવટદાર |
| ૧૭/૦૪/૨૦૦૮ | ૨૯/૦૯/૨૦૦૯ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૩૦/૦૯/૨૦૦૯ | ૧૬/૦૧/૨૦૧૦ | ગુલામ મુસા ભુતા (બાબુ માસ્તર) |
| ૧૭/૦૧/૨૦૧૦ | ૨૪/૦૮/૨૦૧૨ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૨૫/૦૮/૨૦૧૨ | ૦૭/૧૨/૨૦૧૨ | અલ્તાફ યુસુફ રોબર (ભીમા) |
| ૦૮/૧૨/૨૦૧૨ | ૧૭/૦૩/૨૦૧૩ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૧૮/૦૩/૨૦૧૩ | ૧૫/૦૯/૨૦૧૪ | ઈકબાલ અલ્લી કબીર |
| ૧૬/૦૯/૨૦૧૪ | ૧૪/૧૦/૨૦૧૪ | અલ્તાફ ઉમરજી ગાંડા |
| ૧૫/૧૦/૨૦૧૪ | ૧૬/૦૩/૨૦૧૮ | ઈકબાલ અલ્લી કબીર |
| ૧૭/૦૩/૨૦૧૮ | ૨૦/૦૧/૨૦૨૦ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૨૧/૦૧/૨૦૨૦ | ૦૫/૦૨/૨૦૨૦ | મુમતાજબેન ઉસ્માન લાલન |
| ૦૬/૦૨/૨૦૨૦ | ૨૦/૦૩/૨૦૨૦ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૨૧/૦૩/૨૦૨૦ | ૨૭/૦૬/૨૦૨૧ | મુમતાજબેન ઉસ્માન લાલન |
| ૨૮/૦૬/૨૦૨૧ | ૧૬/૦૯/૨૦૨૧ | આરીફ ગુલામ મુહમ્મદ પટેલ |
| ૧૭/૦૯/૨૦૨૧ | ૨૭/૧૨/૨૦૨૧ | મુમતાજબેન ઉસ્માન લાલન |
| ૨૮/૧૨/૨૦૨૧ | હાલમાં ચાલુ છે. | ઝાકીરહુસેન ઈસ્માઈલ ઉમટા |

**ઓગષ્ટ ૨૦૨૨ની સ્થિતિએ ગ્રામ પંચાયત ટંકારીઆના સરપંચ, ઉપસરપંચ અને સભ્યોઃ**

ઝાકીરહુસેન ઈસ્માઈલ ઉમટા - સરપંચ
મુમતાઝબેન ઉસ્માનભાઈ લાલન - ઉપસરપંચ, સભ્ય વોર્ડ નંબર ૧
રીઝવાના મુબારક ધોરીવાલા - સભ્ય, વોર્ડ નંબર ૨

| | | |
|---|---|---|
| ઝાહેદાબેન મુબારક સાપા | - સભ્ય, | વોર્ડ નંબર ૩ |
| સલમા ઈરફાન મેલા | - સભ્ય, | વોર્ડ નંબર ૪ |
| ફરીદાબેન યાકુબ હાજી ભુતા | - સભ્ય, | વોર્ડ નંબર ૫ |
| રૂકૈયા ઈકબાલ સોદાગર | - સભ્ય, | વોર્ડ નંબર ૬ |
| યુસુફભાઈ દાઉદભાઈ બોડા | - સભ્ય, | વોર્ડ નંબર ૭ |
| ડાહ્યા પરસોત્તમ રોહિત | - સભ્ય, | વોર્ડ નંબર ૮ |
| અસ્લમ ઈસ્માઈલ ઘોડીવાલા | - સભ્ય, | વોર્ડ નંબર ૯ |
| સેજલબેન ગણેશભાઈ વસાવા | - સભ્ય, | વોર્ડ નંબર ૧૦ |
| વિનુભાઈ વસંત વસાવા | - સભ્ય, | વોર્ડ નંબર ૧૧ |
| અલ્તાફ યુસુફ ઈબ્રાહીમ રોબર | - સભ્ય, | વોર્ડ નંબર ૧૨ |
| સલીમ અલી ઉમટા | - સભ્ય, | વોર્ડ નંબર ૧૩ |
| ઝફર ઈકબાલ મુસા ભુતાવાલા | - સભ્ય, | વોર્ડ નંબર ૧૪ |

**૩.૨**

## પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ

પ્રાથમિક કુમારશાળા ટંકારીઆની સ્થાપના તારીખ ૦૧/૦૪/૧૮૬૩ના રોજ થઈ હતી. આ શાળા ભરૂચ જિલ્લા પંચાયત હસ્તક ચાલે છે. અત્યારે ૨૦૨૨માં નાના પાદરમાં આવેલ શાળાના સંકુલમાં આવેલ કુલ ૧૨ ઓરડાઓનો ઉપયોગ કુમારશાળા કરે છે. પ્રાથમિક કુમારશાળાના અસલ જૂના મકાનમાં ઈ.સ. ૧૮૬૫-૬૬માં બનેલા ૦૭ ઓરડાઓ અને ઈ.સ. ૧૯૫૮માં બનેલા ૦૨ ઓરડાઓ મળીને કુલ ૦૯ ઓરડાઓ હતા જે હમણાં ૨૦૨૨માં પણ અસ્તિત્વમાં છે. કુમારશાળાના જૂના મકાનનો આંશિક ઉપયોગ હાલમાં પણ થાય છે. હાલમાં કુમારશાળા જે મકાનમાં ચાલે છે એ નવા મકાનનું બાંધકામ ૧૯૮૮માં થયું હતું. ૧૯૯૧ થી ૧૯૯૫ સુધીની શાળાના આચાર્ય તરીકેની ફરજ દરમિયાન જનાબ આદમ સાહેબ દાઢીવાલા યુ.કે. ગયા હતા ત્યારે શાળા માટે તેમને કેટલુંક દાન મળ્યું હતું જેનો ઉપયોગ શાળાના મકાનના કામ માટે થયો હતો. સાઉથ આફ્રિકા નિવાસી લાલી ફેમિલી તરફથી જનાબ આદમ મુહમ્મદ લાલી સાહેબના હસ્તે મળેલા દાનથી બનેલા વિશાળ પ્રાર્થના હોલની અર્પણવિધિ ૩૦-૧૧-૧૯૯૫ના રોજ

શ્રી ખુમાનસિંહ વાંસીયા (રાજ્ય કક્ષાના મહેસૂલ મંત્રી)ના હસ્તે ગામના લોકો અને વિદેશથી પધારેલા મહેમાનોની હાજરીમાં રાખવામાં આવી હતી.

આ શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીના દરેક ધોરણ માટે એક-એક વર્ગ હોવાથી શાળામાં કુલ આઠ વર્ગો છે. જૂન-જુલાઈ ૨૦૨૨માં ૨૪૫ વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં ફરજ બજાવતા કુલ ૦૮ શિક્ષકો પૈકી ૦૧ શિક્ષક ભાષાના શિક્ષક તરીકે, ૦૧ શિક્ષક ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે અને ૦૧ શિક્ષક સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

પ્રાથમિક શાળાઓના નવા બનેલા માળખા મુજબ ધોરણ ૦૧ થી ૦૫ પ્રાયમરી વિભાગ તરીકે અને ધોરણ ૦૬ થી ૦૮ અપર પ્રાયમરી વિભાગ તરીકે હાલમાં ઓળખાય છે. નવી શિક્ષણ નીતિ મુજબ આ માળખામાં પણ ભવિષ્યમાં ફેરફાર થઈ શકે છે એવી માહિતી ઉપલબ્ધ થઈ છે. પ્રાથમિક કુમારશાળા ટંકારીઆનું ‘સ્કૂલ ઑફ એક્સેલન્સ’ પ્રોજેક્ટ હેઠળ અત્યાધુનિક સુવિધાઓ સાથેનું નવું મકાન બનાવવાનું આયોજન છે.

**3.3**

## બ્રાન્ચ પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ

ગામની વસ્તી વધી રહી છે અને વિસ્તાર મોટો થઈ રહ્યો છે જેના કારણે નાના બાળકોને દૂરથી શાળા સુધી આવવા-જવામાં પડતી તકલીફ દૂર થાય એ આશયથી ગામમાં શાખા શાળા (બ્રાન્ચ શાળા)ની માંગ સાથે ૨૦૦૪-૦૫માં ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશમાં પ્રાથમિક શિક્ષક જનાબ યાકુબ ઈસ્માઈલ ફરતનું ખાસ યોગદાન હતું. આ ઝુંબેશને પંચાયતનો પણ સાથ સહકાર મળતાં સરકારે તેનો સ્વીકાર કર્યો હતો. સરકારે ૨૦૦૫માં એક પ્રાથમિક બ્રાન્ચ કુમારશાળા અને એક પ્રાથમિક બ્રાન્ચ કન્યાશાળા, એમ કુલ બે બ્રાન્ચ શાળાઓની મંજૂરી આપી હતી. બ્રાન્ચ પ્રાથમિક કુમારશાળાની સ્થાપના તારીખ ૨૧/૦૬/૨૦૦૫ના રોજ થઈ હતી.

બ્રાન્ચ પ્રાથમિક કુમારશાળા ટંકારીઆ માટે નવું બનાવવામાં આવેલ બે માળનું અલાયદું મકાન મોટા પાદરમાં આવેલા કન્યાશાળાના મકાનની

બાજુમાં આવેલું છે. આ શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીના દરેક ધોરણ માટે એક-એક વર્ગ હોવાથી શાળામાં કુલ આઠ વર્ગો ચાલે છે. શાળામાં ચાલતા કુલ ૦૮ વર્ગો પૈકી ધોરણ ૦૭ અને ૦૮ના બે વર્ગો જ્ઞાનકુંજ-ડિજિટલ સ્માર્ટ વર્ગો છે. આ ડિજિટલ સ્માર્ટ વર્ગો દહેજની WELSPUN કંપનીના સંચાલન અને માર્ગદર્શન હેઠળ ચાલે છે. બે માળની આ શાળાના મકાનમાં ૦૮ ઓરડાઓ અને ૦૧ ઓફિસ રૂમ મળી કુલ ૦૯ ઓરડાઓ આવેલા છે. જૂન-જુલાઈ ૨૦૨૨માં આ શાળામાં કુલ ૨૪૧ છોકરાઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં કુલ ૦૮ શિક્ષકો પૈકી ૦૧ શિક્ષક ભાષાના શિક્ષક તરીકે, ૦૧ શિક્ષક ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે અને એક શિક્ષક સામાજિક-વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

## ૩.૪

## પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ

પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆની સ્થાપના તારીખ ૦૧/૦૩/૧૯૦૨ના રોજ થઈ હતી. ઈ.સ. ૧૯૦૨માં સ્થાપના થઈ ત્યારથી ઘણા વર્ષો સુધી



*પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ*

આ શાળા ગામના જુદા-જુદા વિસ્તારમાં આવેલા ખાનગી માલિકીના મકાનોમાં ચાલતી હતી. અમુક વર્ષો સુધી આ શાળા બરકાલવાળા (હીરા)ના મકાનમાં હતી પછી તે ફકીરવાદમાં આવેલા કાઝીના મકાનમાં લઈ જવામાં આવી હતી. આ શાળા થોડો સમય મોદીન ખાંધિયાના મકાનની બાજુમાં આવેલ ભાઈજીના મકાનમાં પણ ચાલતી હતી. મોટા પાદર ખરી ગ્રાઉન્ડ પાસે બનાવવામાં આવેલા પ્રાથમિક કન્યાશાળાના મકાનની પાયાવિધિ ૨૭-૦૯-૧૯૭૦ના રોજ સાઉથ આફ્રિકામાં રહેતા ટંકારીઆના દાનવીર એવા જનાબ અલીભાઈ ઈસ્માઈલ ગોરધનના હસ્તે કરવામાં આવી હતી. ૧૯૭૮માં શાળાના મકાનના મુખ્ય માળખાનું બાંધકામ પૂરું થયું હતું. આ શાળાના મકાનનું વિસ્તરણ અને મરામતનું કામ અવારનવાર થતું રહ્યું છે. અત્યારે ૨૦૨૨માં પણ આ શાળા એ મકાનમાં ચાલે છે. આ શૈક્ષણિક સંકુલમાં આવેલા બે માળના મકાનમાં આવેલા કુલ ૨૨ ઓરડાઓ પૈકી જરૂરિયાત મુજબના ૧૨ ઓરડાઓનો ઉપયોગ હાલમાં પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ માટે કરવામાં આવે છે.

આ શાળામાં ધોરણ ૧ થી ૫ સુધીના દરેક ધોરણનો એક-એક વર્ગ, ધોરણ ૬ના ૦૨ વર્ગો, ધોરણ ૭ના બે વર્ગો અને ધોરણ ૮નો એક વર્ગ મળી કુલ ૧૦ વર્ગો ચાલે છે. હાલમાં કુલ ૩૮૦ વિદ્યાર્થીનીઓ આ શાળામાં અભ્યાસ કરી રહી છે. આ શાળામાં કુલ ૧૨ શિક્ષકોની મંજૂરી સામે ૦૯ શિક્ષકો હાલમાં ફરજ બજાવે છે જ્યારે ૦૩ શિક્ષકોની ઘટ છે. ફરજ બજાવતા ૦૯ શિક્ષકોમાં ભાષાના ૦૨ શિક્ષકો, ગણિત-વિજ્ઞાનના ૦૨ શિક્ષકો અને સામાજિક વિજ્ઞાનના ૦૨ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ સંસ્થામાં પીવાના પાણીને શુદ્ધ કરવા માટેનો પ્લાન્ટ તથા ફાયર સેફ્ટી માટેની સુવિધા ઉપલબ્ધ છે.

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે 'મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ' પ્રોજેક્ટની ગુજરાત સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેન્કે ૫૦૦ મિલિયન ડૉલર ફન્ડિંગ મંજૂર કર્યું છે અને બીજા ૨૫૦ મિલિયન ડૉલર માટે કાર્યવાહી

ચાલે છે. કુલ ૧૦૦૦ મિલિયન ડૉલરના આ પ્રોજેક્ટ હેઠળ પસંદગી પામેલ શાળામાં કોમ્પ્યુટર લેબ, વીડિયો પ્રોજેક્ટર, પ્રેક્ટિકલ લેબ, લાઈબ્રેરી, રમતગમતના સાધનો અને યોગ્ય તાલીમ પામેલા શિક્ષકો સહિતની તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરી બાળકોને વધુ સારું શિક્ષણ આપવાની કામગીરી કરવાનું આયોજન છે. પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆની પસંદગી 'મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ' પ્રોજેક્ટ હેઠળ થયેલ છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં જૂના મકાનનો કેટલોક ભાગ તોડવાનું કામ કરવામાં આવ્યું હતું. તારીખ ૧૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ કન્યાશાળાના અત્યાધુનિક સુવિધાઓ સાથેના નવા મકાનની પાયાવિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આમ કન્યાશાળાનું નવું મકાન બનાવવાની કામગીરી હવે વિધિવત્ રીતે શરૂ થઈ છે.

**૩.૫**

## બ્રાન્ચ પ્રાથમિક કન્યાશાળા ટંકારીઆ

ગામમાં શાખા શાળા (બ્રાન્ચ શાળા)ની માંગ સાથે ૨૦૦૪-૦૫માં ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશમાં પ્રાથમિક શિક્ષક જનાબ યાકુબ ઈસ્માઈલ ફરતનું ખાસ યોગદાન હતું. આ ઝુંબેશને પંચાયતનો સાથ સહકાર મળતાં સરકારે તેનો સ્વીકાર કર્યો હતો. સરકારે ૨૦૦૫માં પ્રાથમિક બ્રાન્ચ કુમારશાળા સાથે એક પ્રાથમિક બ્રાન્ચ કન્યાશાળાની પણ મંજૂરી આપી હતી. બ્રાન્ચ પ્રાથમિક કન્યાશાળાની સ્થાપના તારીખ ૨૧/૦૬/૨૦૦૫ના રોજ થઈ હતી.

બ્રાન્ચ કન્યાશાળા ટંકારીઆની મંજૂરી મળતાં બનાવવામાં આવેલું શાળાનું નવું મકાન નાના પાદરમાં કુમારશાળાના નવા મકાનની પાસે નાના પાદરની ખરી તરીકે ઓળખાતા વિસ્તારમાં છે. આ શાળામાં કુલ ૦૮ ઓરડાઓ છે. ધોરણ ૦૧ થી ૦૫ સુધીના કુલ ૦૫ વર્ગો છે જેમાં કુલ ૮૬ વિદ્યાર્થીનીઓ આ શાળામાં અભ્યાસ કરી રહી છે. શાળામાં કુલ ૦૩ શિક્ષકોની મંજૂરી સામે ૦૨ શિક્ષકો હાલમાં ફરજ બજાવે છે જ્યારે ૦૧ શિક્ષકની ઘટ છે.

## ૩.૬

# ધી ટંકારીઆ હાઈસ્કૂલ ટંકારીઆ

## ધી ટંકારીઆ એજ્યુકેશન ઍન્ડ વેલ્ફેર સોસાયટી,

## સ્થાપનાઃ ૨૦.૪.૧૯૫૨. ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. E399

સાભાર સ્વીકારઃ ૧૮ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ટંકારીઆ હાઈસ્કૂલના નવા મકાનના ઉદ્ઘાટન પ્રસંગે પ્રકાશિત થયેલ ‘સ્મરણિકા’ પુસ્તિકામાં જનાબ સઈદ સાહેબ બાપુજી અને જનાબ યાકુબ બાજીભાઈ ભુતાવાલા દ્વારા સંપાદિત ‘ટંકારીઆ હાઈસ્કૂલના ઈતિહાસની અટારીએ’ લેખની વિગતો નીચે મુજબ છે.

ઈ.સ.૧૯૫૨નું વર્ષ દેશ આઝાદ થયાના ૫ વર્ષ થઈ ગયા. આપણો સમાજ આર્થિક અને શૈક્ષણિક રીતે ખૂબ પછાત. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સજ્જતા સમાજના ઉત્થાન માટે ખૂબ જરૂરી છે એવી સમજ ધીરે ધીરે સમાજમાં પ્રસરવા માંડી. શિક્ષણનું મૂલ્ય સમજ્યા બાદ ધીમે ધીમે સમાજમાં શિક્ષણની ભૂખ ઉઘડવા માંડી. પ્રાથમિક શિક્ષણ પછી શું? ગામમાં માધ્યમિક શિક્ષણની કોઈ સુવિધા ન હતી, છેવટે ગામના ઉત્સાહી ૩૫થી ૪૦ વિદ્યાર્થીઓ શિયાળાની કડકડતી ઠંડી, ઉનાળાનો ધમધોકાર તાપ અને ચોમાસાની હેલી સહન કરીને પણ પાલેજ ચાલતા ભણવા જવા માંડ્યા.



*ધી ટંકારીઆ હાઈસ્કૂલ, ટંકારીઆ*

આ પરિસ્થિતિ જોઈને તે સમયના કેટલાક જાગૃત યુવાનોએ ટંકારીઆમાં સેકન્ડરી સ્કૂલ શરૂ થાય એવા વિચારો અમલમાં મૂકવા શરૂ કર્યા. આ સાથે મરહૂમ જ. ઈબ્રાહીમભાઈ નાથલિયાના વાલીદ સાહેબના પ્રયત્નોથી પાદરિયાના રિટાયર્ડ શિક્ષક મુન્શી મણીભાઈ પટેલ સાહેબે ટંકારીઆના ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓને અંગ્રેજીનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. ત્યારબાદ ટંકારીઆના તે વખતના યુવાનો ખાસ કરીને ઈબ્રાહીમભાઈ કબીર, ઈસ્માઈલ બાપુ માસ્તર ઘોડીવાલા, હાજી મસ્તાન બંગલાવાલા, મરહૂમ મુસા ઈસ્માઈલ ઉમરજી ભુતા તથા બકોર અહમદ મુન્શી વગેરેએ અંગ્રેજી સ્કૂલ ચાલુ કરવાના ચક્રો ગતિમાન કર્યા. ધી ટંકારીઆ એજ્યુકેશન ઍન્ડ વેલ્ફેર સોસાયટીની સ્થાપના કરી. પ્રથમ મિટિંગમાં જનાબ મરહૂમ મુસ્તફાબાદીને ચેરમેન તરીકે ચૂંટેલા. તેઓએ બે વર્ષ સારી રીતે જવાબદારી સંભાળી ત્યારબાદ મરહૂમ જનાબ યુસુફ બાપુ ડેલાવાલાને ચેરમેનની જવાબદારી સોંપવામાં આવી.

શરૂઆતમાં એક વર્ષ હાઈસ્કૂલ સફરી બિલ્ડીંગમાં ચાલુ કરેલી, ત્યારબાદ જ.એ.યુ.પટેલ (મુકરદમ) પાલેજવાળા સાહેબના હસ્તે સ્કૂલ દાઉદ માસ્તર દેડકાના મકાનમાં ઉપલા માળે ૨૫ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ કરી, ત્યાં જ સ્કૂલને રજીસ્ટ્રેશન મળ્યું. એ.યુ.પટેલ સાહેબે ઘણાં જ ઉત્સાહ, ધગશ તથા સખત મહેનત કરીને ઘણા વર્ષો સુધી વિદ્યાર્થીઓને ભણાવેલા. જગ્યાની અછત ઉભી થતાં ફરી પાછા સફરી બિલ્ડીંગમાં ગયા. ૨૩ સ્ટુડન્ટ્સની પહેલી બૅચની એસ.એસ.સી.ની પરીક્ષા ૧૯૫૬માં લેવાયેલી જેમાં ૦૪ સ્ટુડન્ટ પાસ થયેલા. જેમાં (૧) જનાબ હાજી યાકુબ બાજીભાઈ ભુતાવાલા (૨) જનાબ વલીભાઈ ભડ પ્રોફેસર (૩) જનાબ ઈબ્રાહીમ મુહમ્મદ ખોજબરિયા (૪) મરહૂમ જનાબ અહમદ મુસા દશુ પાસ થયેલા, ત્યારબાદ છ મહિના પછી જે એસ.એસ.સી. પરીક્ષા લેવાયેલી જેમાં લગભગ બધા જ પાસ થયેલા. મોટા ભાગના પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી મેળવવામાં સદભાગી બન્યા. આ સ્કૂલમાં શિક્ષણ લઈ એમનું ભવિષ્ય સુખદ બનેલું.

ઈ.સ. ૧૯૬૮માં એસ.એસ.સી. પાસ થયેલા યુવાનોએ એક સંસ્થાની સ્થાપના કરી. જે સંસ્થાનું નામ 'ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆ' રાખેલું.

તેમના પ્રયત્નોથી હાઈસ્કૂલનું પોતાનું મકાન બનાવવાના ચક્રો ગતિમાન થયા અને મરહૂમ જ. ઈબ્રાહીમ નાથલિયા જેઓ ત્યારે કોંગોમાં વસવાટ કરતા હતા તેમના સંપૂર્ણ સહકારથી (૧) મરહૂમ ઈબ્રાહીમ જનાબ (૨) જ. હાજી યાકુબ બાજીભાઈ ભુતાવાલાને નવી શાળા બનાવવા માટે ફાળો એકત્ર કરવા બોલાવેલા. જેમાં લોકોએ સારો સહકાર આપતા હઝરત જુમ્મનશાહ દરગાહની વકફ જમીન જ્યાં અત્યારે હાઈસ્કૂલ છે તે જમીનના બદલામાં ૬ વિંઘા જમીન જોલી શેઠને ખરીદીને તે આપી અને આ જમીન સ્કૂલ માટે ફાળવણી કરી.

હાઈસ્કૂલ સફરી બિલ્ડીંગમાં ચાલતી હતી ત્યારે મરહૂમ જનાબ યુસુફ બાપુ ડેલાવાલાએ ઘણી જ સારી રીતે સંચાલન કર્યું હતું. બાદમાં તેમણે શાંતિપૂર્વક ધી ટંકારીઆ એજ્યુકેશન ઍન્ડ વેલ્ફેર સોસાયટીનો વહીવટ નવી કમિટીને સોંપી દેતાં શાળાનું સંચાલન નવી કમિટીના હસ્તક શરૂ થયેલું.

સફરી બિલ્ડીંગમાંથી શાળા નવી બનેલી બિલ્ડીંગમાં ટ્રાન્સફર થઈ ત્યારે જનાબ હાજી મસ્તાન બંગલાવાલા ચેરમેન રહેલા. ત્યારબાદ મરહૂમ જનાબ ગુલામભાઈ તલાટી ભુતાએ વર્ષો સુધી ચેરમેન રહી શાળાના સંચાલન સાથે વિદ્યાર્થીઓને શિષ્ટના પાઠ ભણાવેલા. એમની દેખરેખ નીચે શાળાએ જિલ્લામાં સારી નામના મેળવી.

સને ૧૯૮૦માં જનાબ રૂસ્તમભાઈ લાલન (ચેરમેન), જનાબ અબ્દુલમજીદ કંબોલિયા (સેક્રેટરી), તથા જનાબ હાજી અબ્દુલહક ભુતાવાલા જોઈન્ટ સેક્રેટરી અને સ્કૂલ મેનેજમેન્ટના અન્ય સભ્યો સાથે મળીને શાળાનો વહીવટ તથા શૈક્ષણિક કાર્ય માટે અથાગ પ્રયત્નો કરી શાળા શિક્ષણ સંકૂલનો વિકાસ કરેલો. સને ૧૯૮૮થી જનાબ ગુલામ અહમદ કાળા ભુતા (પ્રેસિડેન્ટ), જનાબ રૂસ્તમભાઈ લાલન (ચેરમેન) તથા જનાબ અબ્દુલભાઈ ભુતા ઓનરરી જનરલ સેક્રેટરી તરીકે સંચાલન સંભાળતાં આજ દિન સુધી ૨૮ શિક્ષકો, ઓફિસ સ્ટાફ ૩, પટાવાળા ૫ ના સ્ટાફ અને મેનેજમેન્ટના સહકાર અને પ્રયત્નોથી શાળાની નામના જિલ્લામાં થયેલ.

સમય જતાં શાળાનું જૂનું બિલ્ડીંગ જર્જરિત હાલતમાં આવી જતાં, છત ઉપરથી પોપડા પડતા હતા, ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન છતમાંથી

પાણી ટપકતું હતું તેથી નવું મકાન બનાવવાની તાતી જરૂરત જણાતાં શાળાના મકાનના ભંડોળ માટે સંસ્થાએ (૧) જનાબ ઐયુબભાઈ મિયાંજી (૨) હાજી યાકુબભાઈ બાજીભાઈ ભુતાવાલા અને (૩) જનાબ ઈકબાલભાઈ ધોરીવાલાને જવાબદારી સોંપેલી. ગામના હમદર્દ અને શિક્ષણ પ્રેમી વડીલોએ યુ.કે., સાઉથ આફ્રિકા, ઝાંબીયા, કૅનેડા, અમેરિકા વગેરે દેશોમાં પોતાના કીમતી સમયનો ભોગ આપી દાતાઓનો વ્યક્તિગત સંપર્ક કરી દાનની પહેલ નાંખતા આજનું નવું સુવિધાવાળું સ્કૂલ બિલ્ડીંગ તૈયાર થયું છે. નવા બનેલા સ્કૂલ બિલ્ડીંગનું ઉદ્ઘાટન તા. ૧૮/૦૧/૨૦૧૫ (રવિવાર) ના રોજ કરવામાં આવ્યું હતું.

અત્યાર સુધી ટંકારીઆ હાઈસ્કૂલમાંથી શિક્ષણ લઈ ઉચ્ચ અભ્યાસ કરી ઘણાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ડૉક્ટર, એન્જિનિયર, ફાર્મસિસ્ટ, શિક્ષક વિગેરે બની સુખી જીવન જીવે છે. શાળામાં શિક્ષણ લઈ વિદેશોમાં પણ ઘણા છોકરા અને છોકરીઓ સેટ થયા છે. જે આજે પણ આ શાળાને ભૂલ્યા નથી અને શાળા પ્રત્યે એટલુંજ માન ધરાવે છે. શાળાના નવા બિલ્ડીંગના નિર્માણ માટે તેમણે વિદેશથી થયેલા કલેકશનમાં યથાશક્તિ ફાળો આપ્યો છે.

અંતમાં આપણી સ્કૂલ તથા દરેક શિક્ષણ સંસ્થા, સંકુલ સફળ અને પ્રગતિકારક બને એવી અલ્લાહથી દુઆઓ અને શુભેચ્છાઓ છે. (આમીન)

**સઈદ સાહેબ બાપુજી તથા જનાબ યાકુબ બાજીભાઈ ભુતાવાલા.**

ટંકારીઆ હાઈસ્કૂલના માનદમંત્રી/ચેરમેન જનાબ અબ્દુલભાઈ એમ. ભુતાવાલા અને આચાર્યશ્રી જનાબ ગુલામ ઈસ્માઈલ પટેલ દ્વારા મળેલ શાળાની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

હાલમાં માધ્યમિક સ્કૂલમાં કુમાર અને કન્યાની કુલ સંખ્યા ૪૪૨ અને ઉચ્ચતર માધ્યમિકમાં કુમાર અને કન્યાની કુલ સંખ્યા ૪૨૧ છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણ શાખાના વર્ગો ચાલે છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મળીને કુલ ૩૪ કર્મચારીઓ સેવાઓ બજાવે છે.

**એસ.એસ.સી.નું છેલ્લા પાંચ વર્ષનું પરિણામઃ**

માર્ચ ૨૦૧૮: ૭૯.૦૦ %, માર્ચ ૨૦૧૯: ૭૪.૦૭ %,
માર્ચ ૨૦૨૦: ૫૮.૬૯ %, માર્ચ ૨૦૨૧: ૧૦૦ %,
માર્ચ ૨૦૨૨: ૭૫.૯૭ %

**એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું છેલ્લા પાંચ વર્ષનું પરિણામઃ**

માર્ચ ૨૦૧૮: ૯૨.૦૦ %, માર્ચ ૨૦૧૯: ૮૧.૫૮ %,
માર્ચ ૨૦૨૦: ૬૧.૯૪ %, માર્ચ ૨૦૨૧: ૧૦૦ %,
માર્ચ ૨૦૨૨: ૯૦.૧૦ %

**એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું છેલ્લા ૦૪ વર્ષનું પરિણામઃ**

માર્ચ ૨૦૧૯: ૭૮.૯૫ %, માર્ચ ૨૦૨૦: ૭૧.૧૦ %,
માર્ચ ૨૦૨૧: ૧૦૦ %, માર્ચ ૨૦૨૨: ૮૦.૩૯ %

**૩.૭**

## ધી ટંકારીઆ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ
## પ્રિ-પ્રાયમરી, પ્રાયમરી વિભાગ



ધી ટંકારીઆ એજ્યુકેશન ઍન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત પ્રિ-પ્રાયમરી સ્કૂલની શરૂઆત ૧૯૯૪માં થઈ હતી જ્યારે ઈંગ્લીશ મિડિયમની પ્રાયમરી સ્કૂલની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી. આ શાળાનું મકાન ધી ટંકારીઆ હાઈસ્કૂલ ટંકારીઆના સંકુલમાં હાઈસ્કૂલની દક્ષિણે આવેલું છે. પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં હાલમાં ૧૩૯ અને પ્રાયમરી સ્કૂલમાં ૨૯૬ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં કુલ ૧૧ કર્મચારીઓ હાલમાં સેવા આપી રહ્યા છે.

**૩.૮**

## એમ. એ. એમ. હાઈસ્કૂલ

## પ્રિ-પ્રાયમરી સ્કૂલ, પ્રાયમરી સ્કૂલ અને હાઈસ્કૂલ (અંગ્રેજી માધ્યમ)

### ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E3650

સાભાર સ્વીકારઃ મિશન હાઈસ્કૂલની માહિતી **જનાબ ઈશાક મુહમ્મદ પટેલે** લખી મોકલેલ છે.

મિશન હાઈસ્કૂલની સંગે બુનિયાદ (શરૂઆત) અને હાઈસ્કૂલના નવા બનેલા મકાનનું ઉદ્ઘાટન હઝરત સૈયદ મુહમ્મદ મદનીમીયા અશરફીયુલ જીલાનીના હસ્તે તા. ૧૯/૦૩/૨૦૦૭ના રોજ કરવામા આવ્યું હતું. શાળાનો કુલ વિસ્તાર ૧૦,૦૦૦ ચોરસ ફૂટ છે જેમાં ૫૦૦૦ ચોરસ ફૂટ જગ્યામાં બાંધકામ થયેલું છે અને બાકીની કમ્પાઉન્ડ કરેલી ૫૦૦૦ ચોરસ ફૂટ ખુલ્લી જગ્યાનો ઉપયોગ રમતગમત અને વિવિધ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે. ૨૦૦૭માં શાળાની શરૂઆત ગુજરાતી માધ્યમની શાળા તરીકે થઈ હતી. હાલમાં જુનીયર કે.જી.ના ૦૨ વર્ગો, સીનીયર કે.જી.નો ૦૧ વર્ગ, ધોરણ ૦૧ થી ૦૮ (પ્રાયમરી અને અપર પ્રાયમરી)માં દરેકનો એક વર્ગ અને હાઈસ્કૂલમાં ધોરણ ૯ અને ૧૦નો એક એક વર્ગ મળી કુલ ૧૩ વર્ગો ચાલે છે. આ તમામ ૧૩ વર્ગો અંગ્રેજી માધ્યમમાં ચાલે છે. શાળામાં કુલ ૨૧ રૂમ છે. આ ૨૧ રૂમમાં પ્રાર્થના માટેનો રૂમ, કોમ્પ્યુટર રૂમ, સાયન્સ લેબ અને સ્ટોરરૂમનો સમાવેશ થાય છે.



એમ.એ.એમ. હાઈસ્કૂલ અને પ્રાયમરી સ્કૂલમાં કુલ ૨૦૨ કુમાર/કન્યા અભ્યાસ કરે છે જ્યારે પ્રિ-પ્રાયમરી (LKG+UKG)માં ૭૦ કુમાર/કન્યા અભ્યાસ કરે છે. આમ એમ.એ.એમ. હાઈસ્કૂલ પરિસરમાં કુલ ૨૭૨ કુમાર/કન્યા અભ્યાસ કરે છે. હાલમાં શાળાના આચાર્ય તરીકેની જવાબદારી મેડમ મહેતાબ ખાન નિભાવી રહ્યાં છે. શાળામાં જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો છે. શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓ અને સફાઈ કામદાર મળીને કુલ ૨૧નો સ્ટાફ છે. શાળાનું એસ.એસ.સી.નું રિઝલ્ટ ૨૦૨૨માં ૧૦૦ %, ૨૦૨૧માં ૧૦૦ %, ૨૦૨૦માં ૯૨ % અને ૨૦૧૯માં ૮૦% આવેલું છે. શાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં વર્ગ હરીફાઈનું આયોજન કરવામાં આવે છે. સામુહિક બાળકોની હરીફાઈમાં આ શાળાએ તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ સ્થાન મેળવ્યું છે. આ શાળામાં ભણીને આગળ ગયેલા વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર, ફાર્મસીસ્ટ અને લેબ ટેકનીશીયન બન્યા છે, તો કેટલાક વિદેશમાં સ્વતંત્ર ધંધો કરી પોતાના કુટુંબને મદદરૂપ થાય છે.

**એમ. એ. એમ. અને મિશન સ્કૂલની પ્રવૃત્તિઓઃ**

વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરવામાં આવે છે. જરૂરિયાતમંદ બાળકોને નોટબુક, પુસ્તકો, શાળાની ફી ભરવા માટે મદદ કરવામાં આવે છે. બહારગામથી જે વિદ્યાર્થીઓ ભણવા આવે છે તે વિદ્યાર્થીઓ તેમજ

ડ્રાઈવરોને પ્રોત્સાહિત કરી તેમનું સન્માન કરવામાં આવે છે. શાળામાં વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર બાળકોને ટ્રોફી આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૨માં સામાજિક કાર્યકર અબ્દુલભાઈ દ્વારા બાળકોને મેડલ આપવામાં આવેલ છે. શાળાના બાળકો માટે શૈક્ષણિક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવે છે જેમાં બાળકોને પોતાના મનપસંદ વિકલ્પ મુજબ પ્રવેશ મેળવવા તથા આર્થિક સહાય કઈ રીતે મેળવવી તેનું માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. શાળાના શિક્ષકો માટે ટ્રેનિંગનું આયોજન કરવામાં આવે છે. શાળાના બાળકોનો વિદાય સમારંભ યોજવામાં આવે છે. ધોરણ ૧૦નું ૧૦૦% પરિણામ લાવનારા શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે. શાળાના પરિસરમાં મેડિકલ કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, આંખોની સારવાર માટેનો કેમ્પ, હિઝામાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આંખના મોતિયાના ૧૨૫ ઓપરેશન ફ્રીમાં કરાવી આપેલ છે. જરૂરિયાતમંદ એક વ્યક્તિને દાતાઓની મદદથી મકાન બનાવી આપવામાં આવ્યું છે. જરૂરિયાતમંદ એક વ્યક્તિને દાતાઓની મદદથી ઓટો રિક્ષા અપાવી છે. શિયાળામાં જરૂરિયાતમંદ લોકોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવે છે. રમઝાન મહિનામાં જરૂરિયાતમંદ લોકો માટે અનાજની કીટનું વિતરણ કરવામાં આવે છે. અવારનવાર વિદેશથી આવતા સફરી ભાઈઓ તેમજ દાતાઓ શાળાની મુલાકાત લઈ શાળાની પ્રવૃત્તિઓથી ખુશ થઈ જરૂરિયાતની વસ્તુઓ માટે દાન કરે છે.

એમ.એ.એમ. દ્વારા ચાલતી આ શાળા સમાજના તમામ લોકોને કોઈ પણ જાતના ભેદભાવ રાખ્યા વગર સેવાઓ પૂરી પાડે છે. વિદ્યાર્થીઓ પાસેથી ખૂબ જ ઓછી ફી લેવામાં આવે છે. મિશનની આવી તમામ પ્રવૃત્તિઓનો શ્રેય દાતાઓને જાય છે જેઓ પોતાની કમાણીમાંથી, આપણા બાળકો ભણે અને આગળ વધી ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને દેશ-વિદેશમાં નામ રોશન કરે એવા સારા આશયથી યથાશક્તિ મદદરૂપ થાય છે. સંસ્થાના સભ્યો તેમના માટે અંતઃકરણપૂર્વક દુઆ કરે છે. અલ્લાહ તઆલા તેમણે કરેલ ખિદમતનો બદલો બન્ને જહાનમાં આપે. હાલ સંજોગોવશાત્ આ શાળાની ચેરિટીમાં

નોંધણી કરાવેલ છે. જે 'મોહસીન એ આઝમ એજ્યુકેશન ઍન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા ચાલે છે. આ સંસ્થાના સર પરસ્ત હઝરત સૈયદ હસન અસ્કરીમીયા અશરફીઉલ જીલાની કીછોછવી છે. આ સંસ્થા ખાનદાને અશરફી બુઝુર્ગોની દુઆઓથી અલ્હમ્દુલિલ્લાહ પ્રગતિના સોપાન સર કરી રહી છે.

### ૩.૯

## આઈ. એન. વિદ્યાલય

નાના પાદર ખરી ગ્રાઉન્ડ પાસે હાલમાં જ્યાં કન્યાશાળા ટંકારીઆ ચાલે છે એ શૈક્ષણિક સંકુલમાં ઉપરના માળે આઈ. એન. વિદ્યાલય નામની મિશ્ર પ્રાથમિક શાળાની શરૂઆત જૂન-૨૦૦૧માં થઈ હતી. આ શાળા જૂન ૨૦૨૦ સુધી કાર્યરત હતી. આઈ. એન. વિદ્યાલયનું નામકરણ મરહૂમ ઈબ્રાહીમભાઈ નાથલિયાના નામ પરથી કરવામાં આવ્યું હતું. મરહૂમ ઈબ્રાહીમભાઈ નાથલિયાએ પોતે આ મકાનના રૂમોમાં આઈ. એન વિદ્યાલયની શરૂઆત કરેલી. આ શાળા માટે જનાબ યુનુસભાઈ ઈબ્રાહીમ નાથલિયા, ઐયુબભાઈ મિયાંજી, મરહૂમ ડૉ. મુસાભાઈ મિયાંજી, મરહૂમ મુસા સાહેબ બંગલાવાલા વગેરેનું ખાસ યોગદાન હતું. આઈ. એન. વિદ્યાલયનું સંચાલન 'સાર્વજનિક યુવક મંડળ ટંકારીઆ' દ્વારા થતું હતું.

### ૩.૧૦

## જામીઅતુલ બનાત ગર્લ્સ સ્કૂલ

## પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

આ શાળા ટંકારીઆ-પાદરિયા રોડ પર જામીઅતુલ બનાતના મકાનમાં ચાલે છે. જામીઅતુલ બનાત સંચાલિત વિદ્યાર્થીનીઓ માટેની પ્રાથમિક અને માધ્યમિક શાળાની શરૂઆત ૧૦ જૂન ૨૦૧૯ના રોજ થઈ હતી. ૨૦૨૨માં વિદ્યાર્થીનીઓ માટે ઉચ્ચતર માધ્યમિક શાળાની શરૂઆત થઈ છે. આ શાળાના પ્રાથમિક વિભાગમાં ધોરણ ૬, ૭ અને ૮માં કુલ મળીને ૧૩૬, માધ્યમિક વિભાગમાં ૧૫૯ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૫૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહી છે. ૨૦૨૨માં લેવાયેલ એસ.એસ.

સી. પરીક્ષાની પ્રથમ બેચમાં આ શાળાની ૪૬માંથી ૪૩ વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. આ શાળામાં કુલ ૧૦ કર્મચારીઓ ફરજ બજાવે છે.

**૩.૧૧**

## મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. (M.I.T.I.)

### મદ્રસ-એ-મુસ્તફાઈય્યહ ટંકારીઆ, ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં : B-300

મુસ્તફાબાદ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ટંકારીઆ (Mustafabad Industrial Training Institute, Tankaria)ની સ્થાપના ૧૯૮૬માં થઈ હતી. સમગ્ર ભરૂચ તાલુકાના વિસ્તારમાં એ પ્રથમ આઈ.ટી.આઈ. હતી. ૧૯૮૬માં ભરૂચ શહેરમાં કે આજુબાજુના કોઈ પણ ગામમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ન હતી. આઈ.ટી.આઈ. ટંકારીઆ છેલ્લા ૩૬ વર્ષોથી સેવાઓ પૂરી પાડી રહી છે. NCVTની માન્યતા ધરાવતી આ આઈ. ટી.આઈ.નો લાભ ભરૂચ, વડોદરા, સુરત જિલ્લાના શહેર અને ગામડાના અનેક તાલીમાર્થીઓ લઈ ચૂક્યા છે.

વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ ઍન્ડ એન્ટરપ્રેન્યોરશિપ મંત્રાલય હસ્તક, ડાયરેક્ટર જનરલ ઑફ ટ્રેનિંગ (DGT), ન્યુ દિલ્હી દ્વારા ઘડાયેલ આઈ.ટી.આઈ. યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રે કુશળ માનવબળ ઉપલબ્ધ કરવાનો તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકાસ પામતી ટેકનોલોજી અંગે તાલીમ આપી રોજગારી/સ્વરોજગારી મેળવવામાં મદદરૂપ થવાનો છે. રાજ્યમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે અપાતી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઘણા બધા ઉમેદવારો આજે માત્ર દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ ખૂબ સારી રોજગારી મેળવી રહ્યા છે.

મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆ નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) નવી દિલ્હી, શ્રમ અને કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર સાથે જોડાયેલ છે. ૨૦૦૫-૨૦૦૭માં આ સંસ્થાએ 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન' - ઝનોર (NTPC - ઝનોર)ના કર્મચારીઓને ફિટર ટ્રેડમાં બે વર્ષ સુધી તાલીમ આપી હતી. આઈ.ટી.આઈ.નો બે વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ

કર્યા પછી અંતિમ પરીક્ષા (ઓલ ઈન્ડિયા ટ્રેડ ટેસ્ટ) નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ દ્વારા દર વર્ષે ભારતના તમામ રાજ્યોમાં એક જ સમયે લેવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ એક સાથે લેવાતી આ પરીક્ષાના પ્રશ્નપત્રો અંગ્રેજી અને હિન્દીમાં હોય છે. આ પરીક્ષા પાસ કરનારને NCVT દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. પરીક્ષામાં સફળ થયેલા આ સંસ્થાના તાલીમાર્થીઓ ગુજરાતમાં અને વિદેશમાં પણ કામ કરી રહ્યા છે. આ સંસ્થામાંથી પાસ થયેલા ઘણા વાયરમેન ગુજરાત વિદ્યુત બૉર્ડ (જી.ઇ.બી.)માં કામ કરી રહ્યા છે.

આઈ.ટી.આઈ.માં એડમિશન સેન્ટ્રલાઈઝ્ડ પદ્ધતિ દ્વારા થતું હોવાથી ઉમેદવારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી ભરવાનું હોય છે. ૧૯૮૬થી કાર્યરત મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆમાં નીચે મુજબના ટ્રેડને NCVTની માન્યતા પ્રાપ્ત થયેલ છે.

૧. ફિટર ટ્રેડ (૦૩ બૅચ), ૨. વાયરમેન ટ્રેડ (૦૨ બૅચ), ૩. ડ્રાફ્ટ્સમેન સિવિલ ટ્રેડ (૦૧ બૅચ), ૪. કટિંગ ઍન્ડ ટેલરિંગ (છોકરીઓ માટેઃ ૦૧ બૅચ)

**નોંધઃ** ડ્રાફ્ટ્સમેન સિવિલ ટ્રેડ અને કટિંગ ઍન્ડ ટેલરિંગ ટ્રેડમાં બેરોજગારીના ઊંચા દરને કારણે આ બંને ટ્રેડ કેટલાક વર્ષ સુધી ચલાવ્યા બાદ સરકારે બંધ કરેલ છે.

ફિટર અને વાયરમેન ટ્રેડના વિષયો

૧. ટ્રેડ થીયરી, ૨. ટ્રેડ પ્રેક્ટીકલ (વર્કશોપ તાલીમ), ૩. એન્જિનિયરિંગ ડ્રોઈંગ, ૪. વર્કશોપ કેલ્ક્યુલેશન ઍન્ડ સાયન્સ, ૫. સોશ્યલ સ્ટડીઝ

અત્યાર સુધી ટંકારીઆ આઈ.ટી.આઈ.માંથી કુલ મળીને ૧૧૧૩ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ઓલ ઇન્ડિયા ટ્રેડ ટેસ્ટ પાસ કરી NCVT સર્ટિફિકેટ મેળવી ચૂક્યા છે.

આઈ.ટી.આઈ. ટંકારીઆના ફીટર ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા ગામના કેટલાક જાહેર સ્થળોના સ્ટ્રીટ લાઈટના થાંભલાનું ફેબ્રિકેશન અને રીપેરીંગ, સંસ્થાઓના પાણી ઠંડા કરવાના વોટર કુલરની મરામત, કપડાં ધોવાના ઓવારા તથા પાદરમાં વૃક્ષોને પાણી આપવા જેવા જાહેર સ્થળો અને

સંસ્થાઓના વોટર સપ્લાયના કામો, ગ્રામ પંચાયત અને ગામની સંસ્થાઓના સબમર્સીબલ પંપ/મોટર બોરમાંથી બહાર કાઢવા તથા રિપેરિંગ પછી બોરમાં ઉતારવા જેવા અનેક કામો દ્વારા ફિલ્ડ વર્ક (ઑન ધ જોબ ટ્રેનિંગ) નો ખાસ અનુભવ મળતો રહ્યો છે. આઈ.ટી.આઈ. ટંકારીઆના વાયરમેન ટ્રેડના તાલીમાર્થીઓને ગામના જાહેર સ્થળો અને કેટલીક સંસ્થાઓના નવા વાયરીંગ અને તેની મરામત, મોટરો, ઈલેક્ટ્રિકથી ચાલતા સાધનો, સ્ટ્રીટ લાઈટ વગેરેની મરામત કરવા જેવા અનેક કામોનો અનુભવ મળતો રહ્યો છે જે મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆના તાલીમાર્થીઓની ખાસ વિશેષતા છે. ૧૯૮૯થી સંચાલક કમિટીના સભ્યોના માર્ગદર્શન હેઠળ મોટા પાદરનું આધુનિકીકરણ કરવા જેવા ટંકારીઆ ગામના વિકાસના કેટલાક કામોમાં મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆનો ફાળો રહ્યો છે.

મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆના પરિસરમાં કોમ્પ્યુટર વર્ગો અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ દ્વારા ટુ વ્હીલર રીપેરીંગ (સ્કૂટર/મોટર બાઈક) ના વર્ગો પણ કેટલાક વર્ષો સુધી ચલાવવામાં આવ્યા હતા.

સાચી જાણકારીના અભાવે M.I.T.I. Tankariaને મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆના બદલે મીની આઈ.ટી.આઈ. (M ફોર Mustafabad ને બદલે M ફોર મીની) તરીકે ઓળખતા લોકો ઉપરોક્ત માહિતી ધ્યાનથી વાંચશે અને નીચે આપેલ વૅબસાઈટનો ઉપયોગ કરશે તો તેઓને આ આઈ.ટી.આઈ. મીની આઈ.ટી.આઈ. નથી પરંતુ NCVT, New Delhiની માન્યતા ધરાવતી આઈ.ટી.આઈ. છે એવી સાચી માહિતી મળી રહેશે. આ આઈ.ટી.આઈ. સરકારી ગ્રાન્ટથી ચાલતી G.I.A. (હાઈસ્કૂલની જેમ ગ્રાન્ટ ઈન એઈડ) કોડ હેઠળ ચાલતી આઈ.ટી.આઈ. છે. મુસ્તફાબાદ આઈ.ટી.આઈ. ટંકારીઆને ભારત સરકારના તાબા હેઠળના ડાયરેક્ટર જનરલ ઑફ એમ્પ્લોયમેન્ટ ઍન્ડ ટ્રેનિંગ, ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક DGET/6(4)/88/TC થી વર્ષ ૧૯૮૮ થી માન્યતા મળેલ છે. વધુ વિગતો માટે નીચે આપેલ વૅબસાઈટનો ઉપયોગ કરવો. https://www.ncvtmis.gov.in (ભારત દેશમાં આવેલી બધી આઈ.ટી.આઈ.ની માહિતી માટે)

https://www.ncvtonline.com (ઓનલાઈન અભ્યાસ, આઈ.ટી.આઈ. ના જુદા જુદા ટ્રેડના થીયરી/પ્રેક્ટીકલના પુસ્તકો અંગ્રેજી/હિન્દીમાં ફ્રી ડાઉનલોડ કરવા જેવી ઉપયોગી માહિતી માટે)

https://itiadmission.gujarat.gov.in/ (એડમિશનને લગતી માહિતી/ ઓનલાઈન ફોર્મ ભરવા)

**૩.૧૨**

## આંગણવાડી શાળાઓ

| નં | સ્થળ | બાળકોની સંખ્યા | સ્ટાફ |
|---|---|---|---|
| ૧ | ટંકારીઆ-ઘોડી રોડ પર | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૪૨ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૪૬ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૨ | બ્રાન્ચ કન્યાશાળા પાસે નાના પાદરમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૭૩ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૪૫ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૩ | સાપા સ્ટ્રીટમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૫૨ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૩૮ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૪ | એમ.એ.એમ. હાઈસ્કૂલની બાજુમાં મોટા પાદરમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૪૨ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૩૫ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૫ | મોટા પાદરમાં પંચાયત કચેરીની બાજુમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૪૦ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૨૮ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૬ | મોટા પાદરમાં કન્યાશાળાની બાજુમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૬૦ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધીનાંઃ ૩૫ | ૧ આંગણવાડી હેલ્પર |
| ૭ | ટંકારીઆ-પાદરિયા રોડ પર આવેલ જેટ પાર્કમાં | ૩ વર્ષની ઉંમર સુધીનાંઃ ૨૬ | ૧ આંગણવાડી કાર્યકર |
| | | ૩ થી ૬ વર્ષ સુધનાંઃ ૧૭ | ૧ આંગણવાડી હેલ્પર |

**૩.૧૩**

## ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે. (ઈ.સ. ૧૯૬૭)

ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ઈંગ્લેન્ડની રચના ૧૯૬૭માં કરવામાં આવી હતી. તેનું હાથથી લખેલું પ્રથમ બંધારણ ૧૯૬૭માં અપનાવવામાં આવ્યું હતું ત્યારે આ સંસ્થાનું નામ 'ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ઈંગ્લેન્ડ' હતું. ત્યારબાદ ૨૫ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ નવું બંધારણ અપનાવવામાં આવ્યું

હતું. નવું બંધારણ અમલમાં આવ્યું ત્યારે આ સંસ્થાને નવું નામ આપી તેની નોંધણી ચેરિટી કમિશન યુ.કે.માં 'ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.' તરીકે ૨૯ જાન્યુઆરી ૧૯૮૫ના રોજ કરવામાં આવી હતી. ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.નો રજિસ્ટર્ડ ચેરિટી નંબરઃ ૨૯૦૯૭૯ છે.

**ઈતિહાસઃ**

ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ઈંગ્લેન્ડની રચના ૧૯૬૭માં થઈ ત્યારે તેનું પ્રથમ બંધારણ પ્રેસ્ટનના અબ્દુલ્લાહ કમાલ પટેલ (કમાલ માસ્તર) દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.

૧૯૬૭માં શરૂઆતમાં, જે સભ્યોના નામ સોસાયટીની સભ્ય યાદીમાં નોંધવામાં આવ્યા હતા તે નીચે મુજબ છે.

હાજી યાકુબ ઉમરજી મેન્ક (બોલ્ટન), હાજી યાકુબ બાજીભાઈ ભુતા (બોલ્ટન), હાજી ગુલામ અહમદ વલી ભુતા (બોલ્ટન), હાજી દાઉદ મુહમ્મદ ઘોડીવાલા (બોલ્ટન), હાજી ઈસ્માઈલ અહમદ કાપડિયા (બોલ્ટન), હાજી મુહમ્મદ લાલી (બોલ્ટન), હાજી અહમદ વલી સોલિસિટર (બોલ્ટન), હાજી ઈબ્રાહીમ ઈસ્માઈલ ગાંડાવાલા (બોલ્ટન), હાજી રૂસ્તમ ઈસ્માઈલ ગાંડાવાલા (બોલ્ટન), હાજી ઐયુબ હાજી એ કરીમ (લંડન), હાજી યાકુબ હાજી અહમદ કરીમ (લંડન), હાજી અહમદ ઉમરજી પટેલ સાહેબ (લંડન), હાજી મસ્તાન ઉમરજી મુસા બક્ષ (લંડન), હાજી મુસા હાજી અહમદ ઉમરજી (લંડન), હાજી અબ્દુલ્લાહ મુસા ઘોડીવાલા (લંડન), હાજી યાકુબ ગુલામ મુહમ્મદ બાપુજી (બ્લેકબર્ન), હાજી યાકુબ હાજી અહમદ પાઈ (બ્લેકબર્ન), હાજી એ રશીદ અહમદ માસ્તર (બ્લેકબર્ન), હાજી મુસા ઉમર કીડી (લેન્કાસ્ટર), હાજી ઈસ્માઈલ હાજી અહમદ ઉમરજી (લેન્કાસ્ટર), હાજી એ. યાકુબ મુસા પટેલ (લેન્કાસ્ટર), હાજી ગુલામ અહમદ ઈબ્રાહીમ માસ્તર (નનીટન), હાજી યુસુફ ઈબ્રાહીમ માસ્તર (નનીટન), હાજી આદમ હાજી ઈસા પટેલ (ડ્યુઝબરી), હાજી અબ્દુલ્લાહ કમાલ પટેલ (પ્રેસ્ટન).

પ્રમુખ તરીકે યાકુબ બાજીભાઈ ભુતાવાલા, સેક્રેટરી તરીકે યાકુબ મેન્ક અને અન્ય વરિષ્ઠ ટંકારવીઓએ સાથે મળીને ૨૫ વર્ષથી વધુ સમય સુધી સોસાયટીનું

કાર્ય ચાલુ રાખ્યું હતું. તેઓ સભ્યપદ ફી, દાન, વિશેષ ભંડોળ એકત્ર કરતા હતા, હિસાબો અને અહેવાલ તૈયાર કરતા હતા અને વાર્ષિક સભા યોજતા હતા. તે પછી મરહૂમ મુસાભાઈ કીડી, મરહૂમ ઈબ્રાહીમભાઈ કબીર, ઈકબાલભાઈ ગજ્જર અને અન્યોને આ સંસ્થાની જવાબદારી સોંપવામાં આવી હતી. દાઉદ માસ્તર કાપડિયા, રૂસ્તમ ગાંડા, યાકુબ મુસા ખોડા, હાજી કમાલ માસ્તર સાહેબ, મરહૂમ હાજી ઈબ્રાહીમભાઈ નાથલિયા, ઈબ્રાહીમ માસ્તર કબીર, ઈબ્રાહીમ બચ્ચા, હાજી રહેમતુલ્લાહ ભાલોડા, મરહૂમ હાજી ઈસ્માઈલ સાહેબ હાફેજી ભુતા, હાજી ઈસ્માઈલ સાહેબ ખુણાવાલા, અબ્દુલમજીદ દાઢીવાલા, ગુલામ માસ્તર લલ્લા, બાબુ દેગ માસ્તર, મરહૂમ હાજી ગુલામભાઈ લાલન, ઈકબાલભાઈ કાયમ, મરહૂમ હાજી ઈબ્રાહીમભાઈ ઈસ્માઈલ ગાંડા માસ્તર, હાજી અશફાકભાઈ ગુલામ જેટ અને બીજા ટંકારવીઓનો સક્રિય સભ્યો/સમર્થકો તરીકે આ સંસ્થાને મજબૂત ટેકો મળ્યો છે. પાછળથી, સોસાયટીનું મુખ્ય મથક ડ્યુઝબરીમાં ખસેડવામાં આવ્યું, જેમાં યાકુબ પટેલ ભુતા તેના પ્રમુખ તરીકે અને ઈકબાલભાઈ ધોરીવાલા અન્ય સભ્યો સાથે સેક્રેટરી તરીકે કામ કરી રહ્યા હતા. થોડા વર્ષ પછી લંડન ખાતે, પછી લેસ્ટર ખાતે અને પછી ફરીથી મરહૂમ મુસાભાઈ કીડી, મરહૂમ ઈબ્રાહીમભાઈ કબીર અને ઈકબાલભાઈ ગજ્જરને સંસ્થાની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે ટંકારીઆ ગામના સરપંચ મરહૂમ અહમદભાઈ ખોડા યુ.કે.ની મુલાકાતે ગયા હતા ત્યારે ફરીથી સોસાયટીનું મુખ્ય મથક ડ્યુઝબરીમાં ખસેડવામાં આવ્યું હતું. તે સમયે નવી કમિટીમાં ટ્રસ્ટી તરીકે બશીર હલાલત અને અફરોઝ ખાંધિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

શફીક પટેલ, હબીબ ભુતા, ફારૂક ઉમરજી ઉઘરાદાર (હોટ પ્રિન્ટ), સલીમ વરૂ, યાકુબ વરૂ, અબ્દુલ્લાહ છેલ્યા, બશીર હલાલત, અફરોઝ ખાંધિયા, ઐય્યુબ મુહમ્મદ ભુતા (ઉઘરાદાર), અલ્તાફ દશુ, અફઝલ ધેરીવાલા, અજમતુલ્લાહ ખાંધિયા, હારૂન ભુતા, ઈલ્યાસ ગોદર, મેહબુબ સુતરીયા, અફઝલ સુતરીયા, મુસ્તાક હાજી રાંધવાવાલા, ઈલ્યાસ નગીઆ, અમીન ચામડ, નાસીર ખાંધિયા, સઈદ ગાંડા, બાબુ ઈસ્માઈલ ઘોડીવાલા, હમઝા ઐયુબ ઉઘરાદાર અને અન્ય પણ છેલ્લા ઘણા સમયથી સોસાયટીના કાર્યમાં સક્રિયપણે જોડાયેલા છે. ઈમ્તિયાઝભાઈ પટેલ વરેડિયાવાલા આ સંસ્થાના

કામોમાં અને સભાઓમાં જે ઉત્સાહપૂર્વક ભાગ લઈ કીમતી સેવાઓ આપી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

છેલ્લા ઘણા વર્ષો દરમિયાન યુ.કે. અને દેશ-વિદેશમાં રહેતા ટંકારીઆના લોકોના દાનની મદદથી ટંકારીઆમાં ગ્રામ કલ્યાણના કામો હાથ ધરવામાં આવ્યા છે. મોટા પાદરના ખરી ગ્રાઉન્ડ નજીક આવેલા હાઈસ્કૂલના જૂના મકાનનું બાંધકામ, પાદરમાં આવેલી લાયબ્રેરીના મકાનનું કામ, કુમારશાળાનું સમારકામ, ગામના પાદરમાં એપ્રોચ રોડનું બાકી રહેલું કામ જેવા કામોમાં ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ના દાનનો ફાળો રહ્યો છે. આ સંસ્થા દ્વારા ટંકારીઆમાં કોવિડ રોગચાળાના સમયગાળા દરમિયાન અત્યંત સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

**ટ્રસ્ટીઓ** (ઓક્ટોબર ૨૦૨૨ની સ્થિતિએ)

(૧) અજમતુલ્લાહ ખાંધિયા
(૨) સલીમ મુસા વરૂ
(૩) મુહમ્મદ શફીક પટેલ
(૪) યાકુબ મુસા વરૂ
(૫) હબીબરેહમાન ગુલામ ભુતા
(૬) ઈકબાલ ધોરીવાલા
(૭) બશીર હલાલત
(૮) એમ. ફારૂક ઉઘરાદાર
(૯) અફઝલ ધેરીવાલા
(૧૦) ઇલ્યાસ ઈસ્માઇલ ગોદર (અંભેરવાલા)

ઓક્ટોબર ૦૨, ૨૦૨૨ના રોજ બોલ્ટન ખાતે યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં સોસાયટીના પ્રમુખ શફીક્ભાઈ પટેલે તેમની સામાજિક પ્રતિબદ્ધતાના કારણે હોદ્દા પરથી રાજીનામું આપતાં નવા પ્રમુખ તરીકેની જવાબદારી એમ. ફારૂકભાઈ ઉઘરાદાર (હોટપ્રિન્ટ)ને સોંપવામાં આવી હતી. સોસાયટીના ઉપપ્રમુખ તરીકે હબીબભાઈ ભુતાની પુનઃ નિમણૂક કરવામાં આવી હતી. સંસ્થાના માનદ સેક્રેટરી સલીમભાઈ વરૂએ પણ તેમની અન્ય પ્રતિબદ્ધતાના કારણે હોદ્દા પરથી રાજીનામું આપતાં નવા સેક્રેટરી તરીકે અફઝલભાઈ ધેરીવાલાને જવાબદારી સોંપવામાં આવી હતી. સમિતિના બાકીના સભ્યો તેમની સેવાઓ આપવાનું ચાલુ રાખશે. સમિતિના અગાઉના પ્રમુખ અને સેક્રેટરીએ ગામની પ્રગતિ અને વિકાસ માટે સમિતિના નવા નીમાયેલા હોદ્દેદારોની સાથે રહી કામ કરવાની ખાતરી આપી હતી. સોસાયટીના નવા

હોદ્દેદારોએ ગામના વિકાસના કામો કરવાનું ચાલુ રાખી ટંકારીઆ ગામના મહાન વારસાને આગળ ધપાવવા શ્રેષ્ઠ પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. બોલ્ટનમાં યોજાયેલી આ સામાન્ય સભામાં ટંકારીઆ ગામના કેટલાક ખાસ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

**મહિલા પાંખ (બહેનોનું ગ્રુપ):**

ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ની મહિલા પાંખ કેટલાક સમયથી સક્રિય રીતે સોસાયટીની કામગીરીમાં ભાગ લે છે. મહિલા પાંખની વિગતો નીચે મુજબ છે.

**લેસ્ટરઃ** મદીના પઠાન ધોરીવાલા, રહીમા સલીમ વરૂ, નફીસા અબ્દુલ્લાહ છેલ્યા, યાસ્મીન અલ્તાફ બાદી-પટેલ

**લંડનઃ** રૂકૈયા અહમદ પટેલ, યાસ્મીન મુસા મુહમ્મદ ભુતાવાલા, હાજરા મો. ઈકબાલ બચ્ચા

**બોલ્ટનઃ** ઝુલેખા ઐયુબ ભાલોડા, અસ્મા પટેલ, મુમતાઝ આઈ. ઈપલી

**બ્લેકબર્નઃ** સાજેદા રીઝવાન ઈકબાલ પટેલ-ગજ્જર (MBE), મરીયમબેન ઈકબાલ વાડીવાલા, જુબેદા ઈકબાલ પટેલ-ગજ્જર, નીલમ મુસ્તાક હાજી, શેહનાઝ ઢીલ્યા, શમીમ નઝીર માસ્તર, નશીમા ગુલામ હલાલત

**ડ્યુઝબરીઃ** સબીહાબાનુ અફરોઝ અશરફી (ખાંધિયા)

**બર્મિંગહામઃ** શમીમ અબ્બાસ મુહમ્મદ, શાહીના ખાંધિયા

**પ્રેસ્ટનઃ** ફરઝાનાબેન અઝીઝ ટંકારવી, નફીશા ઓમર ઉઘરાદાર

**૩.૧૪**

## ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆ

### સ્થાપનાઃ ૦૪-૦૨-૧૯૬૮. ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. E 764 ભરૂચ

'ઈ.સ. ૧૯૬૮માં એસ.એસ.સી. પાસ થયેલા યુવાનોએ એક સંસ્થાની સ્થાપના કરી. જે સંસ્થાનું નામ 'ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆ'

રાખેલું. તેમના પ્રયત્નોથી હાઈસ્કૂલનું પોતાનું મકાન બનાવવાના ચક્રો ગતિમાન થયા અને મરહૂમ જ. ઈબ્રાહીમ નાથલિયા જેઓ ત્યારે કોંગોમાં વસવાટ કરતા હતા તેમના સંપૂર્ણ સહકારથી (૧) જ. મરહૂમ ઈબ્રાહીમ જનાબ (૨) જ. હાજી યાકુબ બાજીભાઈ ભુતાવાલાને નવી શાળા બનાવવા માટે ફાળો એકત્ર કરવા બોલાવેલા. જેમાં લોકોએ સારો સહકાર આપતા હઝરત જુમ્મનશાહ દરગાહની વકફ જમીન, જયાં અત્યારે હાઈસ્કૂલ છે તે જમીનના બદલામાં ૬ વિંઘા જમીન જોલી શેઠને ખરીદીને આપી અને આ જમીન સ્કૂલ માટે ફાળવણી કરી.'

ઉપરોક્ત માહિતી ટંકારીઆ હાઈસ્કૂલના નવા મકાનના ઉદ્ઘાટન પ્રસંગે પ્રકાશિત થયેલ 'સ્મરણિકા' પુસ્તિકાના પેજ ૧૫માંથી લીધી છે.

**સંસ્થાના બંધારણમાં સમાવિષ્ટ હેતુઓઃ**

(૧) ગામમાં સામુદાયિક હિતના કામો કરવા જેવા કે ગામના બાળકોને કેળવણી માટેની પૂરતી સગવડો અને તકો પ્રાપ્ત કરવી.

(૨) શિક્ષણની સંસ્થાઓ માટે મકાનો બાંધવાની પ્રવૃત્તિ હાથ ધરવી, ગરીબ દર્દીઓને તબીબી સહાય મળી રહે તે માટે પ્રબંધ કરવો.

ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆ, જિ. ભરૂચની નોંધણી ૧૯૬૮માં જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, સુરત ખાતે રજીસ્ટ્રેશન નંબર E 764 ભરૂચથી કરવામાં આવી હતી.

**બંધારણમાં સમાવિષ્ટ આજીવન સભ્યો (લાઈફ મેમ્બર્સ) :**

**બંધારણના મુદ્દા નં. ૨ અ મુજબ સંસ્થાની સ્થાપનામાં અર્પેલી સેવાની કદર રૂપે આપવામાં આવેલું આજીવન સામાન્ય સભ્યપદઃ**

(૧) જનાબ ઈબ્રાહીમ વી. નાથલિયા (૨) જનાબ ઈબ્રાહીમભાઈ એમ. જનાબ (૩) જનાબ મસ્તાન યુ. એમ. (૪) જનાબ યાકુબ બાજીભાઈ ભુતા (૫) જનાબ મુહમ્મદ દાદાભાઈ ચોકવાલા (૬) જનાબ ઘોડીવાલા આદમભાઈ મુસા (૭) જનાબ ઈસ્માઈલ મુહમ્મદ ખોડા માસ્તર (૮) જનાબ ભડ વલીભાઈ અહમદ (૯) જનાબ બંગલાવાલા એમ. આઈ.

(૧૦) જનાબ દાઢીવાલા આદમ એ. (૧૧) જનાબ અહમદભાઈ એમ. દશુ (૧૨) જનાબ આદમ મુસા ચવડી (૧૩) જનાબ મુહમ્મદ દાઉદ રખડા.

**બંધારણના મુદ્દા નં. ૨ બ મુજબ ગામના નવયુવાન શિક્ષિત વ્યક્તિઓને આપવામાં આવેલ સંસ્થાનું આજીવન સામાન્ય સભ્યપદ:**

(૧) જનાબ બારીવાલા અહમદ વલી (૨) જનાબ છેલા ઈબ્રાહીમ મુહમ્મદ (૩) જનાબ લોટીયા અહમદ વી. (૪) જનાબ કીડી વલી આદમ (૫) જનાબ ઈસ્માઈલ આઈ. પાઈ (૬) જનાબ ઈસ્માઈલ આઈ. પટેલ (૭) જનાબ વલીભાઈ એ. પાટીદાર મુન્શી (૮) જનાબ યાકુબ અહમદ ખોડા (૯) જનાબ મુસા મુહમ્મદ માસ્તર (૧૦) જનાબ હકીમ એમ. એ. (૧૧) જનાબ ભીમ અલી. એ. (૧૨) જનાબ અબ્દુલસત્તાર યુ. નગીઆ (૧૩) જનાબ યુનુસ વી. લોટીયા માસ્તર (૧૪) જનાબ અબ્દુલ એમ. ગોદર (૧૫) જનાબ યાકુબ એ. કીડી

**બંધારણના મુદ્દા નં. ૩ મુજબ કાર્યવાહક કમિટી (ગવર્નિંગ બોડી)ના ૯ સભ્યો (૧૯૭૦-૭૧):**

(૧) શ્રી આઈ. એમ. જનાબ (પ્રમુખ) (૨) શ્રી એમ.ડી. રખડા (ઉપપ્રમુખ) (૩) શ્રી એમ.ડી. ચોક્વાલા (ખજાનચી) (૪) શ્રી. આદમ એ. દાઢીવાલા (સેક્રેટરી) (૫) શ્રી મુસાભાઈ આઈ. બંગલાવાલા (જો. સેક્રેટરી) (૬) શ્રી. ઈસ્માઈલ એમ. ખોડા માસ્તર (ઓડિટર) (૭) શ્રી વલીભાઈ એ. કીડી (સભ્ય) (૮) શ્રી અહમદ વી. લોટીયા મુન્શી (સભ્ય) (૯) શ્રી ઈસ્માઈલ આઈ. પાઈ. (સભ્ય)

**૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના હિસાબી વર્ષના પ્રથમ વખત પ્રકાશિત થયેલા દ્વિ-વાર્ષિક રિપોર્ટમાં છપાયેલ કેટલીક રસપ્રદ માહિતી:**

‘જનાબ અલીભાઈ ઈસ્માઈલ ગોરધન તથા જનાબ હાજી મુસા ઠેબા સાહેબ સાઉથ આફ્રિકા ખાતે રહી આ સંસ્થાને મજબૂત ટેકો આપતા રહ્યા છે. એમના પ્રયત્નોથી સંસ્થાનું ખોરંભે ચડેલું કામ ઠેકાણે લાગ્યું છે. ૧૯૬૯-૭૦ના હાઈસ્કૂલના બાંધકામના અંતિમ તબક્કે આ બેઉ મુરબ્બીઓએ

ગામની શાળાઓના બાંધકામના હેતુસર ખાસ મુલાકાત યોજી ગામના લોકોએ ઉપાડેલા કામને પ્રત્યક્ષ જોઈ સંતોષ વ્યક્ત કર્યો છે. કોંગો ખાતે રહી ગામ ટંકારીઆની ઉન્નતિના સ્વપ્નોને સાકાર કરવા પ્રયત્નો કરનાર ઈબ્રાહીમભાઈના માર્ગદર્શનથી ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆ જે કામગીરી બજાવી રહ્યું છે તેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા છે. જનાબ અલીભાઈ ઈસ્માઈલ ગોરધન જનાબ મુસા સાહેબ ઠેબા કરતાં લાંબો સમય અમારી વચ્ચે રહ્યા. ગામ એકસંપે પ્રગતિ કરે અને યુગના આધુનિક પ્રવાહો સાથે રહે એવો ભાવ વ્યક્ત કરી ગામમાં ઘણી સારી ફિઝા ઉભી કરવામાં એમનો ફાળો નાનોસૂનો નથી.'

'ટૂંકમાં એમની ટૂંકા ગાળાની મુલાકાત દરમિયાન એમણે પોતાના મિલનસાર સ્વભાવ તથા રમૂજી પરંતુ ચોટદાર વાક્ચાતુર્યથી ગામના આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષોમાં ચાહના મેળવી એક સફળ નેતા તરીકેની ખાતરી કરાવી હતી. એમના મુબારક હસ્તે ટંકારીઆ ખાતે ખળીમાં કન્યાશાળાના મકાનનો પાયો તા. ૨૭-૦૯-૧૯૭૦ના રોજ નંખાયો હતો ત્યારે એમણે ખુદા પાસે જે દુઆ માંગી હતી તેમાં રહેલ હમદર્દી અને ખુલુસીયત લોકોને વિહવળ કરી મૂકે તેવી હતી.'

**દાનવીરો:** ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના પ્રથમ વખત છપાયેલા સંસ્થાના દ્વિ-વાર્ષિક રિપોર્ટમાં નોંધાયા મુજબ ટંકારીઆ હાઈસ્કૂલના મકાનના બાંધકામ માટે દાન આપનાર કેટલાક દાનવીરો નીચે મુજબ છે.

કોંગોથી સર્કલના હાર્ડ સમા જનાબ ઈબ્રાહીમભાઈ વલી નાથલિયા, હાઈસ્કૂલ બિલ્ડીંગમાં જંગી ફાળો આપનાર જનાબ ઉમરજીભાઈ હીરાવાલા (UMICO), ચમકતા સિતારા અહમદ વલી નાથલિયા તથા કોંગોમાં વસતા ગામના દરેક યુવાનો, રીયુનિયનથી મરહૂમ જનાબ હાજી વલી સુલેમાન આછોદિયા સાહેબ, હાતિમ દિલ પિતાના દરિયાદિલ ચિરાગ હાઈસ્કૂલ બિલ્ડીંગના બાંધકામમાં બાદશાહી દાન અને સક્રિય સહકાર આપનાર જનાબ હાજી મુહમ્મદભાઈ વલી સુલેમાન આછોદિયા સાહેબ તથા જેમણે હાઈસ્કૂલ બિલ્ડીંગ ફંડમાં મોટો ભોગ આપ્યો છે એવા દાનવીર શેઠ ઈસ્માઈલભાઈ લાલી

સાહેબ, જનાબ હાજી મુહમ્મદ ઉમરજી સાહેબ, જનાબ મુસાભાઈ ગંજા, જનાબ અબ્દુલ વલી ખાંધિયા સાહેબ, જનાબ મૌલાના ઈસ્માઈલ સાહેબ તથા ગામવાસીઓ, સાઉથ આફ્રિકાથી સ્કૂલોના બાંધકામના ખાસ ઉદ્દેશ સાથે ટંકારીઆ ગામની મુલાકાત લેનાર જનાબ અલીભાઈ ઈસ્માઈલ ગોરધન અને જનાબ હાજી મુસા ઠેબા સાહેબ, ઝામ્બિઆથી જનાબ અહમદભાઈ આઈ મુન્શી સાહેબ, જનાબ ઝંઘારિયા મુન્શી સાહેબ, જનાબ ગુલામભાઈ લુબાત, તથા ઝામ્બિઆમાં રહેતા લોકો, દારેસલામથી જનાબ આઈ. એ. કબીર અને યુ.કે. થી ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ઈંગ્લેન્ડના સભ્ય મિત્રો તથા જનાબ યાકુબ બાજીભાઈ ભુતા, જેમણે યુ. કે.માં હમદર્દી દાખવી ગામની ખિદમત કરી છે એવા જનાબ દાઉદ માસ્તર કાપડિયા, જનાબ આદમભાઈ જનાબ, જનાબ કમાલ માસ્તર, જનાબ યાકુબભાઈ મેન્ક, જનાબ ગુલામ વલી ભુતા, જનાબ એ.યુ. પટેલ, જનાબ ઐયુબભાઈ કરીમ, જનાબ મુસા હાજી અહમદ ખોડા અને બીરાદરો, કંથારિયાવાલા હુસેનભાઈ તથા યુ.કે.માં રહેતા સર્વે ગામવાસી મિત્રો અને મૂક સેવક એવા જનાબ હાજી ઉમરજી ઈબ્રાહીમ અભલી સાહેબ, જનાબ ઈસ્માઈલ ભાઈ હીરાવાલા અને ટંકારીઆમાં રહેતા યુવાનો અને બુઝુર્ગો તરફથી અમૂલ્ય દાન અને સહકાર મળ્યો છે.

ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆના સંચાલન હેઠળ ગામના કેટલાક નામી-અનામી લોકોએ ગામની શાળાઓના મકાનના બાંધકામ માટે યથાશક્તિ દાન આપ્યું હતું. આ સંસ્થાના સંચાલન હેઠળ હાઈસ્કૂલના મકાનનું બાંધકામ થયું હતું જેની પાયાવિધિ કોંગોમાં રહેતા જનાબ ઈબ્રાહીમભાઈ નાથલિયાના હસ્તે ૩૧ માર્ચ ૧૯૬૯ના રોજ થઈ હતી. હાઈસ્કૂલની પાયાવિધિના આ કાર્યક્રમમાં આફ્રિકાના સફરી ભાઈઓએ ખાસ ઉપસ્થિત રહી ત્રણ લાખ જેવી માતબર રકમનું દાન આપી એક ઉમદા દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું. ટંકારીઆના સેવાભાવી અને દાનવીર લોકોના દાનની મદદથી ધી ટંકારીઆ હાઈસ્કૂલ ટંકારીઆના ૧૮ રૂમ ધરાવતા મકાનનું બાંધકામ ૧૯૬૯-૭૦ના ગાળામાં થયું હતું.

કન્યાશાળાના મકાનનું બાંધકામ પણ ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલ ટંકારીઆના સંચાલન હેઠળ થયું હતું. જેની પાયાવિધિ તારીખ ૨૭-૦૯-૧૯૭૦ના રોજ

સાઉથ આફ્રિકામાં રહેતા જનાબ અલીભાઈ ઈસ્માઈલ ગોરધન સાહેબના હસ્તે થઈ હતી. કન્યાશાળા ટંકારીઆના મુખ્ય માળખાનું બાંધકામ મહદઅંશે ૧૯૭૮માં પૂર્ણ થયું હતું. ત્યારબાદ કેટલાક તબક્કાઓમાં કન્યાશાળાના આ મકાનનું વિસ્તરણ અને મરામતનું કામ થતું રહ્યું હતું જેમાં ગામના લોકોનો ફાળો ઉપરાંત સરકાર તરફથી કન્યાશાળાના મકાનના ભાડા પેટે મળતી રકમનો ઉપયોગ કરી ઉપરના માળનું બાંધકામ થયું હતું.

શિક્ષણની સંસ્થાઓ માટે મકાનો બાંધવાની પ્રવૃત્તિ હાથ ધરવાના આ સંસ્થાના બંધારણના પાયાના હેતુને ધ્યાનમાં રાખીને ટંકારીઆ હાઈસ્કૂલ અને ટંકારીઆ કન્યાશાળા, એમ બે શાળાના મકાનોનું જે બાંધકામ થયું તે સંસ્થાની સફળતાનું દ્રષ્ટાંત છે.

ખરી ગ્રાઉન્ડ પાસેના ટંકારીઆ હાઈસ્કૂલના મકાન (જૂનું મકાન) અને ખરી ગ્રાઉન્ડ પાસેના કન્યાશાળાના મકાનની બાંધકામની રોજેરોજની વ્યવસ્થા અને દેખરેખની જવાબદારી ખાસ કરીને ધી ટંકારીઆ વેલ્ફેર સર્કલના જનાબ ઈસ્માઈલ માસ્તર ખોડા અને જનાબ આદમ માસ્તર દાઢીવાલાએ સંભાળી હતી.

સાભાર સ્વીકારઃ સંસ્થાનું બંધારણ, સંસ્થાના પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અને ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ પ્રેસનોટની માહિતી આ લખાણમાં ખપ લાગી છે.

**૩.૧૫**

## મુસ્તફાબાદ યુથ કલબ ટંકારીઆ (ઈ.સ. ૧૯૭૪)

મુસ્તફાબાદ યુથ ક્લબ ટંકારીઆની પ્રાથમિક પ્રવૃત્તિઓની શરૂઆત ૧૯૭૪માં થઈ હતી. શરૂઆતમાં ૦૩ દૈનિક સમાચારપત્રોનું લવાજમ ભરી આ સમાચારપત્રો મુખ્ય બજારમાં જુમ્મા મસ્જિદની બાજુમાં આવેલા દેગ કુટુંબના માલિકીના મકાનના ઓટલા પર લોકોને વાંચવા માટે જાહેરમાં મૂકવામાં આવતા હતા. તે સમયે વડોદરા ગ્રંથાલયના પઠાણ સાહેબના માર્ગદર્શનથી ગામમાં એક એવા સાર્વજનિક પુસ્તકાલયની

સ્થાપના કરવાનું નક્કી થયું જે પુસ્તકાલયને સરકાર દ્વારા કેટલીક રકમ ગ્રાન્ટ પેટે મળે જેથી આ પુસ્તકાલય ચલાવવામાં થોડી નાણાકીય રાહત થાય. લોકોપયોગી સેવાના કામો કરી શકાય એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને સૌ પ્રથમ 'મુસ્તફાબાદ યુથ ક્લબ ટંકારીઆ' નામથી એક ટ્રસ્ટની રચના કરવામાં આવી. ૦૧/૦૪/૧૯૭૬ના રોજ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E/862/ભરૂચ હેઠળ આ ટ્રસ્ટની વિધિવત્ નોંધણીની પ્રક્રિયા પૂરી થઈ. સદર ટ્રસ્ટના સંચાલન હેઠળ ધી મુસ્તફાબાદ સાર્વજનિક પુસ્તકાલય ટંકારીઆની વિધિવત્ રચના ૧૯૭૬માં થઈ.

મુસ્તફાબાદ યુથ ક્લબના સ્થાપકોમાં (૧) રૂસ્તમ વલી લાલન - પ્રમુખ (૨) ગુલામ સાહેબ ડેલાવાલા - ઉપપ્રમુખ (૩) અલ્લી માસ્તર દેગ (૪) ગુલામ માસ્તર બટલી (૫) સુબા માસ્તર દેવરામ (૬) ગુલામ મુસા ભુતા (બાબુ માસ્તર) (૭) અબ્દુલ માસ્તર ખાંધિયા (૮) બચુ ઈબ્રાહીમ ડેલાવાલા (૯) અહમદ આદમ ભુતા (૧૦) યાકુબ માસ્તર કબીર (ખજાનચી તરીકે) (૧૧) ઐયુબભાઈ ચટી (ઓડીટર તરીકે) હતા.

ઈતિહાસ પર નજર કરતાં આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓમાં સાર્વજનિક પુસ્તકાલય, શિક્ષણ અને રમતગમત ક્ષેત્રની પ્રવૃત્તિઓ મોખરે રહી છે. મુસ્તફાબાદ યુથ ક્લબની રમતગમત ક્ષેત્રની પ્રવૃત્તિઓની માહિતી આ પુસ્તકના રમતગમત વિભાગમાં આપેલ છે.

ભૂતકાળમાં ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે. દ્વારા ગરીબ હકદાર/વિધવા બહેનોને કેટલાક વર્ષો સુધી જે આર્થિક સહાય આપવામાં આવતી હતી તેનું વિતરણ મુસ્તફાબાદ યુથ ક્લબ મારફતે રમઝાન માસમાં કરવામાં આવતું હતું. બીજી ખાસ ધ્યાન ખેંચે એવી સરાહનીય પ્રવૃત્તિ ગુલામ મુહમ્મદ મુસા બટલી સાહેબ દ્વારા મુસ્તફાબાદ યુથ ક્લબમાં કરવામાં આવે છે. ગુલામ સાહેબ ગામના લોકોના મરણની નોંધણીનું રજીસ્ટર ૨૦૦૮થી નિભાવે છે. તારીખ ૧૧/૦૬/૨૦૦૮ થી તારીખ ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં ૬૩૩ પુરુષો, ૫૩૮ સ્ત્રીઓ અને ૧૪ નાના બાળકો મળી કુલ ૧૧૮૫ લોકોના મૃત્યુ એમના દ્વારા નિભાવવામાં આવતા રજીસ્ટરમાં નોંધાયા છે. ટંકારીઆ ગામમાં રહેતા લોકો ઉપરાંત દેશ-વિદેશમાં રહેતા ટંકારીઆના જે લોકોના

મરણ અંગેની માહિતી તેમને મળે છે તેની નોંધ પણ આ મરણના નોંધણી રજીસ્ટરમાં તેઓ કરે છે.

### ૩.૧૬

## ધી મુસ્તફાબાદ સાર્વજનિક પુસ્તકાલય ટંકારીઆ

૦૧/૦૪/૧૯૭૬ના રોજ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E/862/ભરૂચ હેઠળ 'મુસ્તફાબાદ યુથ ક્લબ ટંકારીઆ' ટ્રસ્ટની નોંધણીની પ્રક્રિયા પૂરી થતાં આ ટ્રસ્ટના સંચાલન હેઠળ ધી મુસ્તફાબાદ સાર્વજનિક પુસ્તકાલય ટંકારીઆની વિધિવત્ શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં કેટલાક વર્ષ સુધી ભાડાના મકાનમાં પુસ્તકાલયનું કામકાજ ચાલતું હતું.

ધોરણ ૦૫ થી ધોરણ ૧૦ સુધીના બાળકોને બાઈન્ડીંગ કરેલાં પાઠ્યપુસ્તકો આ પુસ્તકાલય દ્વારા આપવામાં આવતાં હતાં. પાઠ્યપુસ્તકોના બાઈન્ડીંગનું કામ આ સંસ્થાના કેટલાક સભ્યો ભેગા મળી કરતા હતા. કેટલાક સમય પછી ઈસ્માઈલભાઈ હીરા અને હીરા ફેમિલી તરફથી સંસ્થાને મળેલ આર્થિક સહાયથી ધોરણ ૧૧ અને ૧૨ના પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને આપવાનું શરૂ કર્યું હતું. હીરા ફેમિલી તરફથી કેટલાક વર્ષ સુધી 'મુંબઈ સમાચાર'નું લવાજમ પણ ભરવામાં આવતું હતું. આ ઉપરાંત મોટા પાદર બસ સ્ટેન્ડ પાસે જયારે લાયબ્રેરીનું નવું મકાન બનાવવામાં આવ્યું ત્યારે પણ હીરા ફેમિલી તરફથી કેટલીક રકમ દાનમાં આ સંસ્થાને મળી હતી. આ ઉપરાંત ગામના દેશ-વિદેશમાં રહેતા કેટલાક નામી-અનામી સખી દાતાઓએ પણ આ સંસ્થાને યથાશક્તિ મદદ કરી સંસ્થાને મજબૂત બનાવવામાં સહકાર આપ્યો હતો. ધી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે. તરફથી પણ કેટલીક રકમ મકાનના બાંધકામ માટે દાનમાં મળી હતી. પાદરમાં બનેલા નવા મકાનના પ્રથમ માળે હાજી યાકુબ ગુલામ બાપુજીના દાનથી લાયબ્રેરીનો હોલ બનાવવામાં આવ્યો હતો.

રાજારામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન કલકત્તા તરફથી રૂ. ૧,૦૨,૧૯૧ ની કિંમતના ૧૬૫૬ પુસ્તકો ધી મુસ્તફાબાદ સાર્વજનિક પુસ્તકાલય ટંકારીઆને ભેટ તરીકે આપવામાં આવ્યાં હતાં. સંસ્થા દ્વારા ૦૬ દૈનિક

સમાચારપત્રો અને ૧૦ સામયિકોનું લવાજમ ભરી તેનો લાભ ગામલોકોને સતત મળી રહે તે મુજબનું આયોજન ઘણા વર્ષો સુધી થતું હતું.

હાલ ૨૦૨૨માં સંસ્થા દ્વારા (૧) ગુજરાત સમાચાર (૨) સંદેશ (૩) દિવ્ય ભાસ્કર અને (૪) ગુજરાત ટુડે દૈનિક સમાચારપત્રો મંગાવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ના ઓડિટ રિપોર્ટ મુજબ આ પુસ્તકાલયમાં ગુજરાતી ભાષામાં છપાયેલા ૬૮૮૩ પુસ્તકો, હિન્દી ભાષામાં છપાયેલા ૨૦૦ પુસ્તકો અને અંગ્રેજી ભાષામાં છપાયેલા ૧૩૮ પુસ્તકો મળી કુલ ૭૨૨૧ પુસ્તકો છે જેની કુલ કિંમત રૂ. ૬,૫૧,૯૭૯ છે.

**૩.૧૭**

## સાર્વજનિક યુવક મંડળ ટંકારીઆ

સાર્વજનિક યુવક મંડળ ટંકારીઆ દ્વારા આઈ.એન. વિદ્યાલયનું સંચાલન થતું હતું ત્યારે તેના સંચાલકો પૈકી મકબુલભાઈ અભલી- પ્રમુખ, યુસુફ માસ્તર જેટ- ઉપપ્રમુખ, હનીફ માસ્તર પાવડીયા- સેક્રેટરી, શબ્બીર માસ્તર ભીમ- જો. સેક્રેટરી તરીકે હતા. આ ઉપરાંત કારોબારી સભ્યોનો એમને સહકાર મળતો હતો.

**૩.૧૮**

## હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર ટંકારીઆ (સરકારી દવાખાનું)

મૂળ ટંકારીઆ ગામના હાજી ઉમરજી ઈબ્રાહીમ અભલી વર્ષોથી ટંકારીઆની ભૂમિ છોડી વિદેશની ધરતી પર ધંધાર્થે સ્થાયી થયા હતા. એમના પુત્રી ડૉ. અમીનાબેન હાજી ઉમરજી અભલીનો જન્મ કેપ્ટાઉનમાં થયો હતો. તેઓ MBBSની ડિગ્રી પ્રાપ્ત કરનાર ભરૂચી મુસ્લિમ વહોરા પટેલ સમાજના પ્રથમ મહિલા ડૉક્ટર બનવાનું સન્માન ધરાવે છે. ૧૯૫૦ના દાયકામાં અમીનાબેન પોતાના વાલીદ સાહેબ સાથે જ્યારે ટંકારીઆ આવ્યાં હતાં ત્યારે ગામમાં એક નર્સિંગ હોમ અથવા પ્રસુતિગૃહ બાંધી ગામની ઓરતો માટે સ્વાસ્થ્ય સુવિધા ઊભી કરવાનો પ્રસ્તાવ તેમના સખી વાલીદ સાહેબ

સામે મૂકતાં એમણે એ પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો. તે વેળાની ગ્રામ પંચાયત અને ગામના આગેવાનોની સલાહ મસલત અને સાથ સહકારથી આજે ભડ ભાગ કબ્રસ્તાનની સામે જ્યાં જિલ્લા પંચાયત હસ્તકનું સરકારી દવાખાનું છે તે મકાને આકાર લીધો હતો. કેટલીક સમસ્યાઓ અને પ્રતિકૂળ સંજોગોને લઈ આ મકાનમાં આયોજન મુજબની સેવાઓનો વિકાસ ન થઈ શક્યો અને અમીનાબેનને સાઉથ આફ્રિકા પાછા જવાનું થયું.

હાલમાં જિલ્લા પંચાયત ભરૂચ દ્વારા ચલાવવામાં આવતા આ દવાખાનાને 'હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર ટંકારીઆ' તરીકે ઓળખવામાં આવે છે. આમ ટંકારીઆ ગામનું હાલમાં અસ્તિત્વમાં છે એ સરકારી દવાખાનું પણ ટંકારીઆના લોકોના દાન, ખાસ પ્રયાસો અને સહકારથી બનાવવામાં આવ્યું હતું જે હકીકત છે.

**નોંધઃ** ઉપરોક્ત માહિતી 'કહાં ગયે વો લોગ' શીર્ષક હેઠળની શ્રેણી પૈકી જનાબ ઈસ્માઈલ સાહેબ ખૂણાવાલા દ્વારા સંપાદિત 'ડૉ. અમીનાબેન હાજી ઉમરજી અભલી'ના લેખમાંથી લીધી છે.

હાલમાં આ દવાખાનું સંપૂર્ણ રીતે જિલ્લા પંચાયત ભરૂચ હસ્તક ચાલે છે જેમાં કેટલીક સારી સુવિધાઓ મળે છે. કોવિડની રસી તથા બાળકોને સરકાર દ્વારા આપવામાં આવતી બીજી રસીઓનું સંચાલન આ દવાખાના મારફત થાય છે.

**૩.૧૯**

## અંજુમન સાર્વજનિક દવાખાનું (ઈ.સ. ૨૦૦૨)

### અંજુમને નુસરતુલ મુસ્લિમીન, ટંકારીઆ, તા.જી. ભરૂચ. (ઈ.સ. ૧૯૮૪)

### ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર B-900-ભરૂચ

સંપાદનઃ પ્રથમ આવૃત્તિ - મરહૂમ ઈકબાલ ભુતાવાલા, કેનેડા

નવીનતમ આવૃત્તિઃ મૌ. લુકમાન અબ્દુલ્લાહ ભુતા, મૌ. ઈરફાન યાકુબ ભીમ.

## અંજુમનના ઈતિહાસ પર એક નજર

અંજુમનની સ્થાપના ૧૦ જુલાઈ ૧૯૮૪ના રોજ કરવામાં આવી. કારણ એ બન્યું કે ગામમાં એક ગરીબ માણસનો ઈન્તેકાલ થતાં ગરીબીના કારણે ઘરના વાસણો વેચી કફન-દફન માટે વ્યવસ્થા કરવામાં આવી, આ હાલત જોઈ ગામના ઉલમાએ કિરામનું દિલ ભરાઈ આવ્યું અને તરત જ આવા ગરીબ લોકોની મદદના હેતુસર એક સંસ્થા સ્થાપી. આ સંસ્થાને 'અંજુમને નુસરતુલ મુસ્લિમીન' નામ આપી લોકસેવા શરૂ કરી. આ સંસ્થાની શરૂઆત ગરીબોને સહાય આપવાના કામથી થઈ હતી. ૩૮ વર્ષના એક લાંબા સમયગાળા દરમ્યાન ગામ-પરગામ અને સમાજના લોકોની અનેક સેવાઓ સંસ્થાએ અત્યાર સુધી કરી છે. અલ્હમ્દુલિલ્લાહ.

## અંજુમન સાર્વજનિક દવાખાનું

ટંકારીઆ ગામ ભરૂચ તાલુકાનું વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ એક મોટું ગામ છે. આસપાસના ઘણા બધા ગામો ટંકારીઆથી જોડાયેલા છે. અંજુમન સાર્વજનિક દવાખાનું ૨૦૦૨માં વિધિવત્ રીતે દેગ સ્ટ્રીટમાં ચાલુ કરવામાં આવ્યું હતું ત્યારથી તબીબી ક્ષેત્રમાં લોકસેવામાં આગળ વધી એક પછી એક સફળતા હાસિલ કરી છે. હાલમાં અંજુમન દવાખાનું પોતાના નાનકડા બે મકાનમાં ચાલે છે. જેમાં સવાર સાંજ જનરલ ઓ.પી.ડી. તરીકે બે ડૉક્ટરોની સેવા, દાંત વિભાગ, ફિઝિયોથૅરાપી વિભાગ, સચોટ રિઝલ્ટ આપતી બિલકુલ રાહતદરે ચાલતી કામયાબ લેબોરેટરી, દરરોજ સવારમાં એક થી દોઢ કલાક એમ.ડી. ફિઝિશિયન ડૉક્ટરની સેવા, ચોવીસ કલાક એકસ-રે, ઈસીજી ટેસ્ટ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઓર્થોપેડિક, ગાયનેક, કાન-નાક-ગળાના રોગો, આંખની સંપૂર્ણ તપાસ, બાળ રોગોના નિષ્ણાંત, ચામડીના રોગો માટેના ડૉક્ટરો અઠવાડિયામાં એક વાર વિઝિટ માટે આવે છે, જેમાં દર્દીઓ નજીવી ૫૦ રૂપિયા ફી આપી પોતાની સંપૂર્ણ તપાસ કરાવી લાભ ઉઠાવી રહ્યા છે. મેડિકલ સ્ટોરમાં સારી કંપનીની દવાઓ રાહત દરે આપવામાં આવે છે. ગરીબ દર્દીઓને નાના-મોટા ઓપરેશનોમાં આર્થિક સહાય આપવામાં આવે છે. અલ્હમ્દુલિલ્લાહ અત્યાર સુધીમાં અંજુમન દવાખાનાથી




લાખો લોકો, પુરુષ, સ્ત્રી, બાળકો, વૃદ્ધો, પ્રેગનન્ટ સ્ત્રીઓએ લાભ ઉઠાવ્યો છે. અંજુમન દવાખાનાની સેવાઓથી ગામ-પરગામના લોકો ખૂબ સારી રીતે વાકેફ છે. ઈન્શા અલ્લાહ લોકોના હિત માટે સ્થપાયેલ અંજુમન હજુ પણ લોક સેવામાં આગળ રહેશે. સંસ્થાનો મુખ્ય હેતુ નાત-જાતના ભેદભાવ વિના તમામ લોકોને સરળ,રાહતદરે ઉપલબ્ધ હોય તેવી ગુણવત્તાસભર સચોટ નિદાન સાથેની તબીબી સેવા આપવાનો અને આજના મોંઘવારીના યુગમાં મેડિકલ ક્ષેત્રમાં ગરીબો તથા તમામ લોકોને સહાયરૂપ થવાનો છે.

## અંજુમન સાર્વજનિક હોસ્પિટલના નવા મકાનનું બાંધકામ

આજના સમયે ગામમાં અદ્યતન સુવિધાઓ સાથેની હોસ્પિટલની ખૂબ જ જરૂર છે. એવી હોસ્પિટલ જ્યાં તમામ બાબતોનો ખ્યાલ રાખવામાં આવે. વસ્તીના પ્રમાણમાં સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ સેવાઓ પૂરતી નથી. પ્રાઈવેટ હોસ્પિટલોમાં સામાન્ય ઓપરેશન માટે પણ હજારોનો ખર્ચ થાય છે. આ ઉપરાંત ઘણી જ મોંઘી દવાઓ, ક્યારેક બિન જરૂરી ઓપરેશનો, લેબોરેટરીના મોંઘા ટેસ્ટ ગરીબો માટે અસહ્ય હોય છે. આ બધી બાબતો ધ્યાનમાં લેતાં સારી સુવિધાઓ સાથેની રાહતદરની હોસ્પિટલની ખાસ જરૂરત છે.

ટંકારીઆ ગામ ભરૂચ તાલુકાનું મોટું ગામ છે. જે આજુબાજુના ગામો માટે કસ્બા સમાન છે. મેડિકલ ક્ષેત્રમાં વધતી જતી મોંઘવારી અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અંજુમન ટંકારીઆ ગામે પારખેત રોડ પર સાડા આઠ વીઘા જમીન ખરીદી અલ્લાહની જાતથી ઉમ્મીદ રાખી એક મોટી હોસ્પિટલનું નિર્માણ કરવા જઈ રહી છે. આ નવી હોસ્પિટલ ટંકારીઆ ગામથી પારખેત તરફ જતાં આશરે દોઢ કિલોમીટરના અંતરે આવેલ છે. અલ્લાહ પર ભરોસો કરી હોસ્પિટલનું કન્સ્ટ્રકશનનું કામકાજ હાલમાં ચાલી રહ્યું છે. બે વર્ષના સમયગાળામાં હોસ્પિટલનું કામ પૂર્ણ થાય એવા પ્રયત્નો અંજુમન દ્વારા થઈ રહ્યા છે.

## અંજુમને નુસરતુલ મુસ્લિમીનના ટ્રસ્ટીઓઃ

(૧) લુકમાન હકીમ અબ્દુલ્લાહ ભુતા (૨) સાજીદ યાકુબ ઈસ્માઈલ બચ્ચા (૩) ઈરફાનમુહમ્મદ યાકુબ ભીમ (૪) સફવાન યાકુબહાજી યુસુફ ભુતા (૫) સોએબ ઈકબાલ અહમદ ડેગ (૬) યુનુસ અબ્દુલ્લાહ હાજી ઈસ્માઈલ જારીવાલા (૭) ઈમ્તિયાઝહુસેન અહમદ મુન્શી

## અંજુમન સાર્વજનિક હોસ્પિટલની એમ્બ્યુલન્સ સેવા માટે કોન્ટેક્ટ નંબરોઃ

| | |
|---|---|
| (૧) અંજુમન હોસ્પિટલ | : ૭૨૦૨૦૭૧૦૮૮ |
| (૨) મૌ. સાજીદ વાય. બચ્ચા | : ૯૫૭૪૮૦૫૯૫૦ |
| (૩) મૌ. અબ્દુલમતીન એમ. બચ્ચા | : ૯૭૨૫૨૬૭૨૩૬ |

**અંજુમન સાર્વજનિક હોસ્પિટલને લગતા કામ માટેના કોન્ટેક્ટ નંબરોઃ**

| | |
|---|---|
| (૧) મૌ. લુકમાન અબ્દુલ્લાહ ભુતા (પ્રમુખ) | : ૯૭૩૭૮૨૮૨૦૨ |
| (૨) મૌ. ઈરફાન વાય. ભીમ (સેક્રેટરી) | : ૯૭૩૭૨૦૩૨૦૯ |
| (૩) મૌ. અબ્દુલમતીન એમ. બચ્ચા | : ૯૭૨૫૨૬૭૨૩૬ |

**૩.૨૦**

# મદની શિફાખાના (મદની હોસ્પિટલ) (ઈ.સ. ૨૦૨૦)
# શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆ. (ઈ.સ. ૨૦૧૮)
## ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E/3636

**શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆઃ**

શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆની શરૂઆત ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સમાજસેવાના મુખ્ય ઉદ્દેશ સાથે થઈ હતી. શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટની નોંધણી No. IV 47/17 હેઠળ ઉત્તરપ્રદેશમાં થયેલી છે. ટંકારીઆ ગામની શાખા શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટની ૭૧ નંબરની શાખા છે. આ શાખાનું રજીસ્ટ્રેશન જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, ભરૂચ ખાતે ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E/3636 થી થયેલ છે. શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆ દ્વારા બિલકુલ રાહતદરે દવાખાનું ચલાવવું, ઝકાતના હકદાર જરૂરતમંદ લોકોને દવાખાનાની તમામ સેવાઓ હંમેશા મફતમાં આપવી, કેટલાક ખાસ દિવસોએ તમામ દર્દીઓને સેવાઓ મફતમાં આપવી, દાનવીરોની સહાયથી ગરીબોને અનાજનું વિતરણ કરવું, ઉનાળામાં જાહેર સ્થળોએ પાણીના કુલરો નિયમિત રીતે મૂકવાં, શિયાળામાં ગામ અને આજુબાજુના વિસ્તારમાં જાહેર જગ્યા પર ખુલ્લામાં વસવાટ કરતા હોય એવા મજબૂર હકદાર લોકો સુધી પહોંચી એમને ગરમ ધાબળાનું મફત વિતરણ કરવું, ચોમાસામાં વૃક્ષો વાવીને એની સંભાળ રાખવી, કુદરતી આપત્તિના સમયે રાહત કામગીરી કરવી, ગરીબ જરૂરતમંદ લોકોની મદદ કરવી જેવા સેવાના કાર્યો હાલમાં અગ્રતાક્રમે છે.

## શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆના ટ્રસ્ટીઓઃ

(૧) મુસ્તાકભાઈ વલીભાઈ બાબરીયા (પ્રમુખ)
(૨) અઝીઝ ઈસા ભા (સેક્રેટરી)
(૩) મુહમ્મદ અમીન અબ્દુલ મજીદ કદા (ટ્રસ્ટી)
(૪) ઈલ્યાસ યુનુસ મુન્શી ઝંઘારીયા (ટ્રસ્ટી)
(૫) ઈસ્હાક યાકુબભાઈ ડબગર (ટ્રસ્ટી)
(૬) ઈરફાન ગુલામ મેલા (ટ્રસ્ટી)

## મદની શિફાખાના (મદની હોસ્પિટલ)

મદની શિફાખાનાનું સંચાલન શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ટંકારીઆ (શાખા નં. ૭૧) દ્વારા કરવામાં આવે છે. મદની શિફાખાનાનો મુખ્ય ઉદ્દેશ લોકોની સેવા કરવાનો હોવાથી એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને દર્દીઓ પાસેથી સામાન્ય ચેકઅપ અને એક દિવસની દવાઓ માટે માત્ર રૂપીયા ૨૦ જેવી નજીવી ફી લેવામાં છે.

કોરોના વાયરસ રોગ (કોવિડ-૧૯)ના ખૂબ મુશ્કેલ સમયમાં, ઘણી નવી મેડિકલ સુવિધાઓ/હોસ્પિટલોની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. મદની શિફાખાનાની શરૂઆત ૦૪/૧૧/૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી. કોરોના વાયરસ રોગચાળાના સમયે ૫૦ ઓક્સિજનના બોટલની તાત્કાલિક વ્યવસ્થા કરી ગામના દર્દીઓને વિનામૂલ્યે પહોંચાડવામાં આવ્યા



હતા. મદની શિફાખાનામાં ટંકારીઆ ગામ અને આજુબાજુના ગામોના વિવિધ રોગોના દર્દીઓ કોઈ પણ જાતના ભેદભાવ વિના ડૉક્ટરોની સતત સેવાઓ મેળવી રહ્યા છે. હાલમાં મદની હોસ્પિટલ પાસે ભાડાના ૧૦ રૂમ છે જેનું માસિક ભાડું ૧૫,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે.

હાલમાં, ૦૧ રૂમનો ઉપયોગ 'વિશેષ સારવાર વિભાગ' તરીકે થાય છે જેમાં વિશેષ સારવારની જરૂર હોય એવા દર્દીઓને દાખલ કરવામાં આવે છે. ખૂબ જ ટૂંકા ગાળામાં ૩૩૦ દર્દીઓએ વિશેષ સારવાર વિભાગની સેવાઓનો લાભ લીધો છે. ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં ૪૦૭૪૦થી વધુ દર્દીઓએ મદની શિફાખાના (મદની હોસ્પિટલ)ની સેવાઓનો લાભ લીધો છે. મદની શિફાખાનામાં અદ્યતન સુવિધાઓ ધરાવતી એમ્બ્યુલન્સ સેવા ૨૪ કલાક માટે બિલકુલ રાહતદરે ઉપલબ્ધ છે. એમ્બ્યુલન્સનો ઉપયોગ સબવાહીની તરીકે દફનવિધિ માટે પણ કરવામાં આવે છે; આ સેવા સંસ્થા દ્વારા મફત પૂરી પાડવામાં આવે છે. હોસ્પિટલમાં એક્સ-રે સુવિધા, સુસજ્જ અદ્યતન લેબોરેટરી, ઈસીજી ટેસ્ટની સુવિધા બિલકુલ ઓછા દરે ઉપલબ્ધ છે. હોસ્પિટલમાં જરૂરિયાત મુજબ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.

દવાખાનામાં સવાર-સાંજ સેવાઓ આપતા કાયમી ડૉક્ટરો અને સ્ટાફ ઉપરાંત બાળ રોગ, સ્ત્રી રોગ, હાડકાના રોગ, ચામડીના રોગ, જનરલ સર્જન, ફિઝિયોથૅરાપિસ્ટ, એમ.ડી. જેવા ડૉક્ટરો અઠવાડિયામાં એકવાર સેવાઓ આપે છે. દવાખાના દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, બાળ રોગ, સ્ત્રી રોગ અને રસીકરણ જેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે; આવા કેટલાક કેમ્પોમાં બિલકુલ મફત અથવા મામુલી ફી લેવામાં આવે છે. બાળ રોગ અને સ્ત્રી રોગના મફત નિદાન કેમ્પનું આયોજન નિયમિત રીતે વેલ્ફેર હોસ્પિટલ ભરૂચ અને મદની શિફાખાના દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે જેમાં વેલ્ફેર હોસ્પિટલ ભરૂચના ચેરમેન જનાબ ખાલિદ ફાંસીવાલા અને હોસ્પિટલના નામાંકિત ડૉક્ટરોનો ખાસ સહયોગ અને સેવાઓ મળી રહી છે. મદની શિફાખાના હોસ્પિટલે ટૂંકા સમયગાળામાં ખૂબ સારી એવી સફળતા મેળવી જાહેર સેવાના અનેક કામો કર્યા છે.

**એમ્બ્યુલન્સ સેવા માટે તથા મદની શિફાખાના (હોસ્પિટલ)ને લગતા કામ માટે કોન્ટેક્ટ નંબરોઃ**

(૧) મુસ્તાકભાઈ વલીભાઈ બાબરીયા : ૭૩૫૯૭૮૭૯૮૦
(૨) અઝીઝ ઈસા ભા : ૯૯૦૪૭૪૪૧૬૦
(૩) મુહમ્મદ અમીન અબ્દુલ મજીદ ક્દા : ૮૧૪૧૭૨૬૬૨૮
(૪) ઈલ્યાસ યુનુસ મુન્શી ઝંઘારીયા : ૯૯૨૪૦૬૫૭૨૧

**૩.૨૧**

## ટંકારીઆ કોવિડ કેર સેન્ટર

કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન એપ્રિલ ૨૦૨૧માં રમજાન મહિનામાં ટંકારીઆમાં રોજના ૨,૩, કે ૪ ગ્રામજનો, નવયુવાનો આ બીમારીનો શીકાર બની અકાળે આ દુનિયાથી વિદાય લઈ રહ્યા હતા. છેલ્લી સદીમાં ક્યારેય અનુભવ ન થયો હોય એટલી ગંભીર અને બેકાબુ બનતી જતી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી કોઈ પણ જાતના વિલંબ કર્યા વિના માય ટંકારીઆ વૉટ્સઅપ ગ્રુપ ૦૧ અને ગ્રુપ ૦૨ માં, ગ્રેટ ટંકારીઆ વોઈસ વૉટ્સઅપ ગ્રુપમાં અને માય ટંકારીઆ વૅબસાઈટ પર ૧૭ એપ્રીલ ૨૦૨૧ના રોજ બપોરના ૩.૦૦ વાગે કોવિડ કેર સેન્ટર શરૂ કરવા બાબતે એક ઈમરજન્સી મેસેજ એક સાથે મૂકવામાં આવ્યો હતો. બે-ત્રણ મિનિટમાં જ અબ્દુલ્લાહ ગુલામ દેસાઈના સકારાત્મક પ્રતિભાવથી શરૂ થયેલ મેસેજનો જાણે અવિરત પ્રવાહ ચાલુ થયો અને બધાનો ખૂબ ઝડપી અને અભૂતપૂર્વ સહકાર મળવાનો શરૂ થયો હતો. ૧૮ એપ્રિલના દિવસ દરમિયાન પ્રાથમિક જરૂરિયાત એવા ઑક્સીજનના બોટલની ઉપલબ્ધતા અંગે સર્વે કરવામાં આવ્યો અને રાત્રે તરાવીહ પહેલાં અંજુમન સાર્વજનિક હોસ્પિટલ અને મદની શિફાખાનાના હોદ્દેદારોને સાથે રાખી એક તાબડતોડ મુલાકાત કરવામાં આવી હતી. ૧૯ એપ્રિલ ૨૦૨૧ની રાત્રે તરાવીહની નમાજ પછી જામે મસ્જિદના લાઉડસ્પીકરના માધ્યમથી ગામમાં દુઆ અને સદકહના આયોજન પછી તરત મોટા પાદર દારૂલ ઉલૂમના હોલમાં એક મિટિંગનું આયોજન થયું. બધાની સહમતીથી અને સંયુક્ત પ્રયાસોથી

ટંકારીઆ કોવિડ કેર સેન્ટર પાદરિયા રોડ પર આવેલા દારૂલ બનાતમાં શરૂ કરવાનો અત્યંત ઝડપી નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોવિડ કેર સેન્ટર શરુ કરવા માટેની પરવાનગી અને અનેક મૂળભૂત પાયાની સુવિધાઓ તાત્કાલિક ઊભી કરવાનું કામ ગ્રામજનોના અભૂતપૂર્વ સાથ-સહકારથી એક સાથે સમાંતર શરૂ કરી ખૂબ ટૂંકા સમયમાં ૨૫ એપ્રિલ ૨૦૨૧ના રોજ ટંકારીઆ કોવિડ કેર સેન્ટર વિધિવત્ રીતે શરૂ થયું હતું. લોકોના મૂલ્યવાન દાનની મદદથી દર્દીઓને લેટેસ્ટ મોંઘી દવાઓ, આધુનિક મેડિકલ સાધનો દ્વારા ટ્રીટમેન્ટ, ભરૂચ શહેરના અનુભવી ડૉક્ટરોની કોવિડ સેન્ટરની મુલાકાતનું પ્રયોજન, ઓક્સિજનની સેન્ટ્રલ લાઈન અને મોટી સાઈઝની ટાંકીઓ મારફતે ઓક્સિજનનો અવિરત સપ્લાય, હેવી લોડ માટે નવેસરથી કરવામાં આવેલું હેવી વાયરીંગ, સ્ટેન્ડબાય પાવર સપ્લાય માટે મોટી ક્ષમતાવાળું જનરેટર, એમ્બ્યુલન્સ, દર્દીઓ માટે એરકંડીશન રૂમ, ફાયર સેફટી અને ઈમરજન્સી એલાર્મ સિસ્ટમ જેવી સુવિધાઓ સાથે ૧૦૦ દર્દીઓને કોઈ પણ જાતની અડચણ વિના અવિરત સેવાઓ મળતી રહે એ માટે સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. કોવિડના દર્દીઓ ગામથી દૂર કોવિડ સેન્ટરમાં દાખલ થતાં ટંકારીઆ ગામમાં સંક્રમણ ઉપર ધીરે ધીરે મહદઅંશે કાબુ મેળવી શકાયો હતો. ૨૫ એપ્રિલ ૨૦૨૧થી ૧૫ જૂન ૨૦૨૧ સુધીના ૫૨ દિવસો દરમિયાન ટંકારીઆ અને આજુબાજુના વિસ્તારના કુલ ૧૪૭ દર્દીઓએ ટંકારીઆ કોવીડ કેર સેન્ટરમાં કોઈ પણ પ્રકારની ફી ચૂકવ્યા વિના મફત સારવારનો લાભ લીધો હતો. ટંકારીઆ ગામના ૧૧ ડૉક્ટરો તથા ગામના જ નર્સિંગ સ્ટાફ અને વોલન્ટિયરોએ સેવાઓ આપી હતી જેમાંના કેટલાક સ્ટાફે પોતાના પગારની રકમ કોવિડ કેર સેન્ટરમાં દાન પેટે પરત જમા કરાવી ઉમદા સેવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કોવિડ કેર સેન્ટરમાં ભરૂચના ખ્યાતનામ ડૉક્ટરોનો પણ સહકાર મળ્યો હતો. કોવિડ કેર સેન્ટરના સમાપન પ્રસંગે તારીખ ૧૯ જૂન ૨૦૨૧ની રાત્રે મોટા પાદર દારૂલ ઉલૂમના હોલમાં થયેલા કાર્યક્રમમાં કોવિડ સેન્ટરમાં સેવા આપનાર કોરોના યોદ્ધાઓ ઉપરાંત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સામાજિક કાર્યકરો અને દાનવીરોને ટ્રોફી અને સન્માન પત્ર આપી સન્માનિત કરાયા હતા. પ્રિન્ટ મીડિયા અને

ટેલિવિઝન ચેનલોના પ્રતિનિધિઓની હાજરીમાં લાઈવ ટેલિકાસ્ટ કરાયેલા આ કાર્યક્રમમાં ટંકારીઆ કોવિડ કેર સેન્ટરમાં થયેલ કામગીરીની તથા શરૂથી અંત સુધીના એક એક રૂપિયાના ખર્ચની સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી જેને શ્રોતાગણે તાળીઓથી વધાવી લીધી હતી.

કોવિડ-૧૯થી સંક્રમિત થયા હોય એવા ટંકારીઆ ગામના ૯૦થી વધુ લોકો, નવયુવાનો ખૂબ ટૂંકા સમયગાળામાં મૃત્યુ પામ્યા હતા.

**કોવિડ કેર કમિટીના ૦૯ સભ્યોઃ** (૧) યુનુસભાઈ અહમદ દાદાભાઈ ખાંધિયા (૨) નાસીરહુસેન અહમદ લોટીયા (૩) યુસુફભાઈ મુસા જેટ (૪) મૌ. લુકમાન અબ્દુલ્લાહ ભુતા (પ્રમુખ, અંજુમન સાર્વજનિક હોસ્પિટલ) (૫) મૌ. ઈરફાન યાકુબ ભીમ (સેક્રેટરી, અંજુમન સાર્વજનિક હોસ્પિટલ) (૬) હા. સફવાન યાકુબહાજી યુસુફ ભુતા (ટ્રસ્ટી, અંજુમન સાર્વજનિક હોસ્પિટલ) (૭) મૌ. અબ્દુલમતીન એમ. બચ્ચા (૮) અઝીઝ ઈસા ભા (સેક્રેટરી, મદની શિફાખાના) (૯) મુહમ્મદ અમીન અબ્દુલ મજીદ કદા (ટ્રસ્ટી, મદની શિફાખાના)/મુસ્તાકભાઈ વલીભાઈ બાબરીયા (પ્રમુખ, મદની શિફાખાના)

**નોંધઃ** મુહમ્મદ અમીનભાઈ કદા વિદેશ ગયા ત્યારે એમનું સ્થાન મુસ્તાકભાઈ બાબરીયાએ લીધું હતું.

**૩.૨૨**

# ગામની મસ્જિદો

| ક્રમ | મસ્જિદનું નામ | કયાં આવેલી છે |
|---|---|---|
| ૧ | જામે મસ્જિદ (મોટી મસ્જિદ) | આ મસ્જિદ મુખ્ય બજારમાં ગામની મધ્યમાં આવેલી છે. સ્થાપનાઃ ૨૦ માર્ચ ઈ.સ.૧૪૫૩. ૯ રબીઉલ અવ્વલ હિજરી ૮૫૭. |
| ૨ | મસ્જિદે ઝિનતુલ ઈસ્લામ | આ મસ્જિદ નાના પાદરમાં જૂની કુમારશાળાના મકાન પાસે આવેલી છે. સ્થાપનાઃ ઇ.સ.૧૯૬૦ |

| | | |
|---|---|---|
| ૩ | મસ્જિદે મુસ્તફાઈય્યહ | આ મસ્જિદ મોટા પાદરમાં બસ સ્ટેન્ડ પાસે આવેલી છે. સ્થાપના: ઈ.સ.૧૯૮૪. હિજરી ૧૪૦૪ |
| ૪ | મસ્જિદે નૂરે મુહમ્મદી | આ મસ્જિદ બંગલા સ્ટેન્ડ પાસે ટંકારીઆ-પારખેત રોડ પર આવેલી છે. સ્થાપના: ઈ.સ.૧૯૯૨ |
| ૫ | મદીના મસ્જિદ | આ મસ્જિદ દૂધવાલા કોલોનીમાં ટંકારીઆ-અડોલ રોડ પાસે આવેલી છે. સ્થાપના: ૧૯૯૫-૯૬ |
| ૬ | ફૈઝ મસ્જિદ (મસ્જિદે ફૈઝાને વજીહ) | આ મસ્જિદ ફૈઝ કોલોનીમાં ટંકારીઆ-અડોલ રોડ પર આવેલી છે. સ્થાપના: ૧૮-૦૩-૨૦૦૦ |
| ૭ | મસ્જિદે તયબહ | આ મસ્જિદ પટેલની વાડી પાસે નાના પાદરમાં આવેલી છે. સ્થાપના: ઈ.સ.૧૯૯૬ |
| ૮ | મસ્જિદે બિલાલ | આ મસ્જિદ ખાંધિયા કોલોનીમાં આવેલી છે. સ્થાપના: ઈ.સ.૧૯૯૭ |
| ૯ | મસ્જિદે સિદ્દીકી | આ મસ્જિદ જેટ પાર્ક પાસે ટંકારીઆ-પાદરિયા રોડ પર આવેલી છે. સ્થાપના: ઈ.સ.૨૦૦૧ |
| ૧૦ | મસ્જિદે ઉસ્માની | આ મસ્જિદ ટંકારીઆ-વાંતરસા રોડ પર રીલીફ કોલોનીમાં બોમ્બે પાર્કની બાજુમાં આવેલી છે. સ્થાપના: ઈ.સ.૨૦૦૮ |
| ૧૧ | નૂર મસ્જિદ | આ મસ્જિદ ટંકારીઆ-ઘોડી રોડ પર બોખાની ચાલી પાસે/બટલીના ઘરો પાસે આવેલી છે. સ્થાપના: ૨૮-૧૦-૨૦૦૩/ ૦૧ રમજાન હિજરી ૧૪૨૪ |
| ૧૨ | મસ્જિદે અલી | આ મસ્જિદ આંબાવાડી બસ સ્ટેન્ડ પાસે ટંકારીઆ-કંબોલી રોડ પર આવેલી છે. સ્થાપના: ઈ.સ.૨૦૧૫ |
| ૧૩ | નુરાની મસ્જિદ | આ મસ્જિદ પીર યુસુફ દરગાહ સંકુલમાં ઈદગાહ રોડ પર આવેલી છે. સ્થાપના: ૧૨-૦૫-૨૦૧૪ સોમવાર. ૧૨ રજબ ૧૪૩૫ હિજરી |

| | | |
|---|---|---|
| ૧૪ | મક્કા મસ્જિદ | આ મસ્જિદ ટંકારીઆથી પારખેત તરફ જતાં રોડ પરના પહેલા વળાંક પાસે રોડની જમણી બાજુ છે. સ્થાપના: ૧૪-૦૫-૨૦૧૭ રવિવાર |
| ૧૫ | મસ્જિદે ઈબ્રાહીમ | આ મસ્જિદ ટંકારીઆથી પારખેત તરફ જતાં રોડની જમણી બાજુએ આવેલ અલીફ પાર્કમાં આવેલી છે. સ્થાપના: ઈ.સ.૨૦૨૦ |

તારીખ ૧૬ ઓક્ટોબરના ૨૦૨૨ના રોજ એક નવી મસ્જિદ ટંકારીઆથી સિતપોણ જવાના રસ્તા ઉપર મસ્જિદ-એ-ફૈઝાને મખદૂમ અશરફના બાંધકામની પાયાવિધિ થઈ છે.

**૩.૨૩**

## મદ્રસાઓ અને દારૂલ ઉલૂમો

| ક્રમ | મદ્રસા/દારૂલ ઉલૂમનું નામ | ક્યાં આવેલ છે |
|---|---|---|
| ૧ | મદ્રસ-એ-મુસ્તફાઈય્યહ ટંકારીઆ | આ મદ્રસાના વર્ગો મોટા પાદર બસ સ્ટેન્ડ પાસે અને જામે મસ્જીદ પાસે બજારમાં આવેલ છે. |
| ૨ | મદ્રસએ કુવ્વ્તુલ ઈસ્લામ | નાના પાદર પાણીની ટાંકી પાસે આવેલ છે. સ્થાપના: ઈ.સ.૧૯૫૮ |
| ૩ | દારૂલ ઉલૂમ અશરફીય્યાહ મુસ્તફાઈય્યહ | આ દારૂલ ઉલૂમ મોટા પાદર બસ સ્ટેન્ડ પાસે આવેલ છે. સ્થાપના: ઈ.સ.૧૯૮૪ |
| ૪ | દારૂલ બનાત | આ દારૂલ ઉલૂમ ટંકારીઆ-પાદરિયા રોડ પર આવેલ છે. સ્થાપના: ઈ.સ.૨૦૦૧ |
| ૫ | દારૂલ કુરઆન વલ હદીષ | આ દારૂલ ઉલૂમ પટેલની વાડી પાસે આવેલ છે. સ્થાપના: ઈ.સ.૨૦૦૦ |

## ૩.૨૪

# ટંકારીઆ સબ-પોષ્ટ ઓફિસ

ટંકારીઆ ગામમાં સબ-પોષ્ટ ઓફિસની શરૂઆત ૧૯૬૬માં થઈ હતી. ૧૯૬૬માં પોષ્ટ ઓફિસના ઉદ્ઘાટનના દિવસે ડૉ. ગીરીજાપ્રસાદ શુકલ સાહેબે રૂપિયા ૫૦૦નું સેવીંગ સર્ટિફિકેટ ખરીદેલું. મરહૂમ દાઉદ મુહમ્મદ ખાંધિયાની નિમણૂક પ્રથમ પોષ્ટ માસ્તર તરીકે ટંકારીઆ સબ-પોષ્ટ ઓફિસમાં થઈ હતી. અગાઉ ઘણા વર્ષો સુધી રેલવે મેઈલ સર્વિસ (R.M.S.) વરેડિયાથી ટંકારીઆ ગામની ટપાલોનું સંચાલન થતું હતું. તે સમયે પાલેજ, વરેડિયા, નબીપુર, ભરૂચ અને અંકલેશ્વર વડોદરા ડીવીઝનમાં આવતા હોવાથી તેનું સંચાલન વડોદરાથી થતું હતું. તારીખ ૦૧-૦૨-૧૯૭૨ના રોજ ભરૂચ ડીવીઝનની રચના થતાં વરેડિયા રેલવે મેઈલ સર્વિસનો ભરૂચ ડીવીઝનમાં સમાવેશ થયો હતો ત્યારે પણ ટંકારીઆ ગામની ટપાલ વાયા વરેડિયા થઈને આવતી હતી. છેલ્લા કેટલાક દાયકાઓથી ટંકારીઆ ગામની ટપાલો ભરૂચથી બસ મારફતે ટંકારીઆ સીધી આવે છે.

હાલમાં મોટા પાદરમાં આવેલ પંચાયત શોપિંગ સેન્ટરમાં આ પોષ્ટ ઓફિસ ચાલે છે. આ અગાઉ બેંક ઑફ બરોડા ટંકારીઆની બાજુમાં આવેલા લાલન ફેમિલીના મકાનમાં અને એ પહેલાં ટંકારીઆના મુખ્ય બજારમાં હાલમાં બચ્ચાની શાકભાજીની દુકાન ચાલે છે એ મકાનમાં ટંકારીઆ સબ-પોષ્ટ ઓફિસ કાર્યરત હતી.

## ૩.૨૫

# બેંક ઑફ બરોડા ટંકારીઆ બ્રાન્ચ

ટંકારીઆમાં બેંક ઑફ બરોડાની સેવા ૧૯૭૪માં શરૂ થઈ હતી ત્યારે અઠવાડિયામાં બે દિવસ આ બેંકનું કામકાજ નિર્ધારિત કલાકો પૂરતું ચાલતું હતું. આ બેંકની ટંકારીઆમાં સૌ પ્રથમ શરૂઆત ટંકારીઆના મુખ્ય બજારથી પંચાયત તરફ જતાં જમણા હાથે અસલીવાલાના ઘરની બાજુમાં આવેલ કાગરીનાથાના મકાનમાં થઈ હતી. ત્યાર પછી આ બેંક અલ્લીભાઈ

કાપડિયા હાલમાં જે ઘરમાં રહે છે તે (મૂળ માલિક ભડ કુટુંબ) નાના પાદરમાં આવેલ મકાનમાં ૧૧ ડિસેમ્બર ૧૯૭૯ના રોજ તબદીલ થતાં એની સેવા પૂર્ણ સમયની બેંક તરીકે મળતી થઈ હતી. દશ વર્ષ પછી ૧૯૮૯-૯૦માં આ બેંક રૂસ્તમભાઈ લાલનના મોટા પાદરમાં આવેલ ભાડાના મકાનમાં ટ્રાન્સફર થઈ ત્યારથી ત્યાં ચાલે છે.

### ૩.૨૬

## ધી ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી. ટંકારીઆ બ્રાન્ચ

કાગરીનાથાના મકાનમાં (અસલીવાલાના ઘરની બાજુમાં) ચાલતી બેંક ઑફ બરોડા બીજા મકાનમાં ટ્રાન્સફર થયા પછી ૮૦ના દાયકામાં એ મકાન ખાલી પડતાં ત્યાં ધી ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી. ભરૂચની ટંકારીઆ બ્રાંચની શરૂઆત થઈ હતી. ૧૯૯૪થી બેંકની ટંકારીઆ બ્રાંચ બંધ થઈ ત્યાં સુધી આ બેંક મુખ્ય બજાર તરફથી પંચાયત ઓફિસ તરફ જતાં મુખ્ય રસ્તા પર ડાબા હાથ પર આવેલ રૂસ્તમભાઈ લાલનના નવા બનેલા મકાનમાં ભાડેથી ચાલતી હતી.

### ૩.૨૭

## સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ટંકારીઆ બ્રાંચ

સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ટંકારીઆ બ્રાંચની શરૂઆત જુલાઈ ૨૦૧૧માં થઈ હતી. આ બેંકની બ્રાંચ ટંકારીઆમાં લાવવા માટે પત્રકાર, સાહિત્યકાર જનાબ ઉમરજી સાહેબ ઉઘરાદાર - અઝીઝ ટંકારવીના પ્રયાસોનો ખૂબ અગત્યનો ફાળો રહ્યો છે. મદ્રસ-એ-મુસ્તુફાઈય્યહ ટંકારીઆની કમિટીએ બેંકની જરૂરિયાત મુજબ જગ્યા અને મકાન સંબંધિત ત્વરિત અને અગત્યનો નિર્ણય લઈ તમામ જરૂરી સહયોગ આપી બેંકની શાખા ટંકારીઆમાં શરૂ થાય એ માટેનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. આમ ટંકારીઆ ગામની વસ્તી, તથા આજુબાજુના ગામોના લોકોની જરૂરિયાતને ધ્યાને લઇ ગામમાં બીજી રાષ્ટ્રીયકૃત બેંક શરૂ થવાથી લોકોને ઘણો ફાયદો થયો છે.

આ બેંક તેની સ્થાપના ૨૦૧૧માં થઈ ત્યારથી મોટા પાદર બસ સ્ટેન્ડની બાજુમાં મદ્રસ-એ-મુસ્તુફાઈય્યહ ટંકારીઆના પરિસરમાં ચાલે છે.

**૩.૨૮**

## ધી ભરૂચ તાલુકા ઉચ્ચતર વિભાગ પ્રાથમિક શિક્ષક કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી-ટંકારીઆ

૧૯૯૪માં દશ-પંદર જેટલા પ્રાથમિક શિક્ષકોએ ભેગા મળી એવું નક્કી કર્યું કે પ્રાથમિક શિક્ષકો માટે એક એવી મંડળીનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવે જે જરૂરતના સમયે વગર વ્યાજની લોન આપે જેથી વ્યાજના નુકશાનથી પ્રાથમિક શિક્ષકોને બચાવી શકાય. આ વિચારને બધાનું અનુમોદન મળતાં ધી ભરૂચ તાલુકા ઉચ્ચતર વિભાગ પ્રાથમિક શિક્ષક કો-ઓ. ક્રેડીટ સોસાયટી-ટંકારીઆની સ્થાપના ૩૦/૧૦/૧૯૯૪ના રોજ કરવામાં આવી હતી. આ મંડળીની વિધિવત્ નોંધણી જિલ્લા સબ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત ભરૂચમાં રજીસ્ટ્રેશન નં. સે/૨૬-૬૭૯/૯૫થી થયેલ છે. મંડળીનું વહીવટી કામકાજ ટંકારીઆ ગામના મોટા પાદરમાં આવેલ દારૂલ ઉલૂમ શોપિંગ સેન્ટરમાં આવેલી સોસાયટીની વડી કચેરી દ્વારા થાય છે. આ મંડળીમાં ૨૮૨ સભાસદો પૈકી ટંકારીઆ ગામના ૫૧ સભાસદો છે. મંડળીના સભાસદોને મકાન બનાવવા, બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે, લગ્ન પ્રસંગના ખર્ચ માટે, બીમારીમાં સારવાર જેવા કોઈ આકસ્મિક ખર્ચ માટે ધીરાણ આપવામાં આવે છે. આ ધીરાણની રકમ સભાસદના પગારમાંથી મંડળીના બેંક ખાતામાં તબક્કાવાર સીધેસીધી જમા થાય એવી જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૨૦-૨૧ના હિસાબી વર્ષના આંકડાઓ મુજબ મંડળીનું શેર ભંડોળ રૂ. ૭૬,૧૭,૦૭૦, કાયમી થાપણ રૂ. ૩,૧૯,૭૦,૦૯૦ તથા બચત થાપણ રૂ. ૨૫,૬૧,૨૧૫ હતી જ્યારે સભાસદોને આપવામાં આવેલું ધીરાણ રૂ. ૩,૯૯,૮૯,૫૦૦ હતું. મંડળી દ્વારા શરૂઆતમાં (૧૯૯૪માં) રૂ. ૩,૦૦૦નું ધીરાણ આપવામાં આવતું હતું જેમાં તબક્કાવાર વધારો કરી હાલમાં મંડળી દ્વારા રૂ. ૪,૦૦,૦૦૦ સુધીનું ધીરાણ સભાસદોને આપવામાં આવે છે. આ ધીરાણ માટે કોઈ પણ

વ્યાજ લેવામાં આવતું નથી. ઓફિસનું ભાડું, સેક્રેટરી અને જો. સેક્રેટરીનો પગાર, ઓડીટ ફી, લાઈટબીલ, સ્ટેશનરી તથા છપામણી ખર્ચ જેવા મંડળીના વહીવટી ખર્ચ માટે સભાસદને ધીરાણ આપવામાં આવે ત્યારે ૧ % જેટલી રકમ સભાસદ પાસેથી વહીવટી ખર્ચ પેટે લેવામાં આવે છે. વર્ષ દરમિયાન થયેલા વહીવટી ખર્ચને બાદ કરી વર્ષના અંતે જે રકમની બચત થાય તેમાંથી દરેક સભાસદને ભેટ આપવામાં આવે છે. આ મંડળીએ અનેક સભાસદોને ધીરાણ આપી તેમને વ્યાજના બોજથી બચાવી સરાહનીય કામગીરી કરી છે.

**મંડળીના હોદ્દેદારોઃ** (૧) ગુલામમુહમ્મદ ઉમરજી ઈપલી (ચેરમેન) (૨) ફારૂક મુહમ્મદ કારી (વા. ચેરમેન) (૩) મુહમ્મદરફીક ઈબ્રાહીમ અભલી (સેક્રેટરી) (૪) સલીમ દાઉદ પટેલ (જો. સેક્રેટરી) (૫) સલીમ સુલેમાન સાપા (કારોબારી સભ્ય) (૬) અનવર ઈબ્રાહીમ મીરું (કારોબારી સભ્ય) (૭) આબેદા અબ્દુલ કૈયુમ પટેલ (જેટ) (કારોબારી સભ્ય) (૮) હિંગ્લોટા અખ્તર હુસેન (કારોબારી સભ્ય) (૯) રૂક્ષાના અહમદ કોઠીયા (જેટ) (કારોબારી સભ્ય) (૧૦) મુનાફ ઐયુબ ટીનકી (કારોબારી સભ્ય) (૧૧) આસીફ ઈકબાલ પટેલ (કારોબારી સભ્ય)

**૩.૨૯**

## ટંકારીઆ ગામના લોકો દ્વારા વ્યક્તિગત રીતે ચાલતી સેવાભાવી પ્રવૃત્તિઓ

ગામના કેટલાક જાગૃત, સેવાભાવી અને ઉત્સાહી લોકોની દૂરંદેશી અને તેમના વ્યક્તિગત પ્રયાસોથી ગામની વિધવા માં-બહેનો, અનાથ બાળકો, ગામના ગરીબ અને હકદાર લોકો, તથા ઉચ્ચ શિક્ષણ માટે ફી ભરવાની વ્યવસ્થા ન કરી શકે એવા ગરીબ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને જરૂરી સહાય આપવાનું કામ ખૂબ સારી રીતે અવિરત ચાલી રહ્યું છે. સમાજસેવાના એક માત્ર ઉદ્દેશથી થઈ રહેલા આવા કામોના આકર્ષક પરિણામો છેલ્લા કેટલાક દાયકાઓથી ગામમાં જોવા મળી રહ્યા છે. સેવાના આ કામોથી આજની અને આવનારી પેઢીઓને પણ ફાયદો પહોંચશે એ નિર્વિવાદ હકીકત છે.

‘ટંકારીઆ 108’ ગ્રુપ દ્વારા કબ્રસ્તાનમાં માટી પુરાણ, સફાઈકામ, કબરો ખોદવાનું કામ, લાઈટ અને લાઈટના થાંભલા અંગેના કામો ઇલેક્ટ્રિશિયન યુનુસભાઈ ગણપતી અને તેમની ટીમના અનેક નિસ્વાર્થ સભ્યો દ્વારા કરવામાં આવે છે. કોરોના મહામારીના સમયગાળામાં અને સમગ્ર ગામના લોકોને ન્યાજમાં દાવત આપવામાં આવે છે એવા જાહેર સેવાના બીજા કામોમાં પણ આ ટીમના સભ્યો દ્વારા ખૂબ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત ગામના બીજા કેટલાક નવયુવાનો દ્વારા પણ અલગ અલગ ગ્રુપ બનાવી કબરો ખોદવાના, કબ્રસ્તાનમાં સાફસફાઈ કરવાના, માટી પુરાણ કરવાના અને બીજા સેવાના કામો વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે. ગામના આવા સેવાભાવી લોકોના ઉમદા વિચારો, એમના દ્વારા થઈ રહેલા સતત પ્રયાસો અને તેઓની સખત મહેનતની નોંધ લઈ જેટલી સરાહના કરવામાં આવે એટલી ઓછી છે. ગામના આવા પરોપકારી લોકોના સેવાના કામો આવનારી પેઢીઓને પણ પ્રેરણા આપવાનું કામ કરશે એ હકીકત છે.

### ૩.૩૦

## દેશવિદેશની વિવિધ સંસ્થાઓમાં ટંકારીઆના લોકોનું યોગદાન

ટંકારીઆ ગામની સંસ્થાઓ ઉપરાંત દેશવિદેશમાં આવેલી વહોરા પટેલોની અને બીજી અનેક દીની દુન્યવી સંસ્થાઓમાં ટંકારીઆ મૂળના લોકોનું ખૂબ અગત્યનું યોગદાન રહેલું છે.

ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ, અમદાવાદ (સ્થાપના તારીખ ૦૮/૧૦/૧૯૫૦) દ્વારા રાયખડ, અમદાવાદમાં આવેલ પટેલ મુસાફરખાનાની સેવાઓ ઉપરાંત માસિક નિયમિત વિધવા સહાય, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સહાય અને પ્રોત્સાહન આપવા જેવા અનેક સેવાના કામો દાયકાઓથી થતા રહ્યા છે. આ સંસ્થામાં જ. મુહમ્મદભાઈ વલીભાઈ મુકરદમ (ગુલામ માસ્તર), જ. અહમદ ઈસ્માઈલ છેલા, જ. મુહમ્મદ ઈસ્માઈલ છેલા, જ. મુહમ્મદ વલીભાઈ કાજીબુ, જ. અલી ઈસ્માઈલ મઢી, જ. મુખ્ત્યાર ઈબ્રાહીમ ગોપાળજી, જ. મુસ્તાકઅહમદ ગુલામઅહમદ ઘોડીવાલા, જ. અબ્દુલમજીદ ઈબ્રાહીમ છેલા, જ. ઐયુબ અલ્લીભાઈ મઢી, જ. ઐયુબ મુહમ્મદ મુકરદમ,

જ. મકસુદ ઈસ્માઈલ મુકરદમ, જ. યુનુસભાઈ ખાંધિયા, જ. યુનુસ મુહમ્મદ ગાંધી, જ. મુનાફ ઘોડીવાલા, જ. યુનુસ ઘોડીવાલા, જ. ગુલામ ઘોડીવાલા, જ. ઈલ્યાસ હસન મુકરદમ, જ. સઈદ હસન મુકરદમ, જ. મુસ્તાકઅલી મુહમ્મદ (ગુલામ માસ્તર) મુકરદમ, જ. મુબારક-અલી મુહમ્મદ ઘીઘા જેવા અમદાવાદમાં સ્થાયી થયેલા મૂળ ટંકારીઆ ગામના લોકોનું ખાસ યોગદાન આ સંસ્થામાં રહ્યું છે. જૂના સમયની સંસ્થાઓમાં મોભાનું સ્થાન ધરાવતી આ પ્રગતિશીલ સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી ખાસ કરીને અમદાવાદમાં રહેતા ટંકારીઆના લોકો વિવિધ જવાબદારીનો સ્વીકાર કરી આ સંસ્થાના કાર્યશીલ સભ્યો અને હોદ્દેદારો તરીકે સતત સેવાઓ આપતા રહ્યા છે જે ટંકારીઆ ગામ માટે ખરેખર ગર્વની વાત છે.

ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી (સ્થાપના: ૧૨/૦૨/૧૯૫૮) દ્વારા પટેલ મુસાફરખાના મુંબઈની સેવાઓ ઉપરાંત વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને સહાય આપવાનું કામ તથા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જેવા સેવાના અનેક કામો દાયકાઓથી થતા રહ્યા છે. આ સંસ્થામાં મુંબઈમાં સ્થાયી થયેલા ટંકારીઆ ગામના જનાબ ઈસ્માઈલભાઈ હીરાવાલાનું સંસ્થાના ટ્રસ્ટી/હોદ્દેદાર તરીકે તથા દાનવીર તરીકે ખૂબ અગત્યનું યોગદાન રહ્યું છે. મુસાફરખાનામાં આવતા લોકો માટે રમજાન માસમાં સેહરી અને ઈફ્તારી માટેનું આયોજન વર્ષો સુધી તેમના તરફથી કરવા જેવા ઘણા સરાહનીય કામો તેમણે આ સંસ્થામાં રહીને કર્યા છે. ટંકારીઆના જ. ઈસ્માઈલ જનાબ પાવડીયાએ ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટીના કારોબારી સભ્ય (સ્થાનિક) તરીકે કેટલાક વર્ષો સુધી સેવાઓ આપેલ છે.

જરૂરીયાતમંદ લોકોને સહાય અને વગર વ્યાજની લોન આપવાનું સરાહનીય કામ કરતી 'પટેલ અર્બન સોસાયટી'ના ટ્રેઝરર તરીકે ટંકારીઆના જનાબ ઈસ્માઈલભાઈ હીરાવાલાનુ મહત્વનું યોગદાન રહ્યું છે.

ગુજરાત ટુડે દૈનિક સમાચારપત્રનું પ્રકાશન જેના દ્વારા થાય છે તે 'લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ'ના ટ્રસ્ટી તરીકે ટંકારીઆના જ. આદમ ઘોડીવાલા - અદમ ટંકારવી, જ. ઉમરજી ઉઘરાદાર - અઝીઝ ટંકારવી, જ. ગુલામ મુકરદમ પટેલ અને જ. યુનુસ ખાંધિયાની મહત્વની સેવાઓ મળતી રહી છે. આ

ઉપરાંત ગુજરાત ટુડે દૈનિક સમાચારપત્રના પ્રકાશક તરીકે પત્રકાર જ. અઝીઝ ટંકારવી તથા પત્રકાર તરીકે જ. મુસ્તાક દૌલા સુંદર કામગીરી બજાવી રહ્યા છે.

અલઅમીન લોકહિત ચેરિટેબલ ટ્રસ્ટ મુસ્લિમ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. અમદાવાદ ખાતે ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે નોંધણી થયેલ આ સંસ્થાના પ્રમુખ તરીકે ટંકારીઆના જ. યુનુસભાઈ ખાંધિયા સેવા બજાવે છે.

અમેરિકાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય કાયદાની પેઢીઓમાંની એક 'White and Case'ના જીદ્દાહ બ્રાંચના 'ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર' તરીકેની મહત્વની ફરજ બજાવતા મૂળ ટંકારીઆના સમાજસેવક અને શિક્ષણ પ્રેમી જનાબ મુહમ્મદભાઈ ભાયજી કામની વ્યસ્તતા છતાં જીદ્દાહમાં રહીને સુરતની સમાજસેવાના કામો કરતી સંસ્થાઓમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હતા. નિવૃત્તિ પછી હવે સુરતમાં રહીને ઉચ્ચ શિક્ષણ (GPSC, CA, NEET, ડૉક્ટર, ઈજનેર) માટે કામ કરતી સંસ્થાઓ Gifted 30, પ્રોગ્રેસીવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટની પ્રવુત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ આ સંસ્થાઓના સ્થાપક અને ટ્રસ્ટી છે. સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીના સભ્ય તરીકે પણ સક્રિય કામગીરી બજાવી રહ્યા છે.

ભરૂચમાં હેડ ઓફિસ ધરાવતી ઉચ્ચ શિક્ષણ માટે કામ કરતી તથા જરૂરીયાતમંદ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને સહાય આપતી 'મહાસાગર ફાઉન્ડેશન' સંસ્થાના સ્થાપક અને પ્રમુખ તરીકે ટંકારીઆના જનાબ દિલાવરભાઈ દરબાર બચ્ચા છે.

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન (WBVF)માં ટંકારીઆ મૂળના યુ.કે.માં રહેતા જનાબ ઈકબાલભાઈ ધોરીવાલા ડાયરેક્ટર તરીકે, કૅનેડામાં રહેતા જનાબ ઐયુબભાઈ મિયાંજી બંગલાવાલા કોર કમિટીના સભ્ય, સુરતમાં સ્થાયી થયેલા જનાબ મુહમ્મદભાઈ ભાયજી શિક્ષણ સમિતિના સભ્ય, ટંકારીઆમાં રહેતા જનાબ યુસુફભાઈ જેટ બ્લોક સંયોજક, જનાબ મજીદભાઈ અંભેરવાલા શિક્ષણ સમિતિના અધ્યક્ષ, મોહતરમા શાહેદાબેન ફારૂક કારી મહિલા પાંખના સંયોજક તરીકે માનદ સેવા બજાવે છે. હાલમાં જનાબ

અસ્ફાક ગુલામ જેટ આ સંસ્થામાં જોડાઈને સેવાઓ આપી રહ્યા છે. જનાબ આદમ ઘોડીવાલા અને જનાબ મહેક ટંકારવી આ સંસ્થાના સલાહકાર તરીકેની સેવા આપી રહ્યા છે.

વહોરા વોઈસ યુ.કે. (VVUK)માં ટંકારીઆના ઈકબાલભાઈ ધોરીવાલા, હબીબભાઈ ભુતા, ફારૂકભાઈ ઉઘરાદાર પોતાની સેવાઓ આપી રહ્યા છે.

ઈકબાલભાઈ ધોરીવાલાએ WBVF અને VVUKની સ્થાપના અને વિકાસ માટે વહોરા સમુદાયની વસ્તીવાળા દુનિયાના કેટલાક શહેરોની મુલાકાત લઈ અગત્યની કામગીરી કરી છે.

૧૯૭૦માં પ્રેસ્ટનમાં કદમ ટંકારવી (કમાલ માસ્તર) સાહેબના નિવાસ્થાને ‘ગુજરાત સાહિત્ય મંડળ’ની સ્થાપના થઈ હતી ત્યારે તેના સ્થાપકોમાં મહેક ટંકારવી હતા. ૧૯૭૩માં આ મંડળનું ‘ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.’માં રૂપાંતર થયું ત્યારથી જ. મહેક ટંકારવી તેના પ્રમુખ છે. હાલ જ. અદમ ટંકારવી ‘ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.’ના ઉપપ્રમુખ છે. ભરૂચી વહોરા પટેલ પુસ્તકનું સંપાદન જ. આદમ ઘોડીવાલા અને જ. યાકુબ મેન્ક દ્વારા વર્ષ ૨૦૧૧માં થયું છે. આ ઉપરાંત ભરૂચી વહોરા પટેલ પુસ્તકના સંપાદનમાં ટંકારીઆના લોકોનું ખાસ યોગદાન રહેલું છે. આ પુસ્તકમાં ભરૂચ જિલ્લાના વહોરા પટેલોની વર્તમાન સ્થિતિ અને ભાવિ દિશા અંગેનું વિસ્તૃત પ્રકરણ પણ જ. અઝીઝ ટંકારવી દ્વારા તૈયાર થયું છે.

દેશ અને વિદેશની દીની દુન્યવી અનેક સંસ્થાઓમાં ટંકારીઆના લોકોનું ખાસ યોગદાન રહેલું છે. આ યાદી ખૂબ લાંબી હોવાથી અહીં ફક્ત કેટલાક દ્રષ્ટાંત આપ્યા છે.

## ૩.૩૧

## રમતગમત

ટંકારીઆ ગામ રમતગમત ક્ષેત્રે પણ જિલ્લામાં મહત્વનું સ્થાન ધરાવે છે. જેમ ટંકારીઆને ‘શિક્ષણનું ધામ’ તરીકે ઓળખવામાં આવે છે એમ ટંકારીઆને ‘ક્રિકેટનું ધામ’ પણ કહેવામાં આવે તો તે અતિશયોક્તિ ગણાશે નહીં.

ભારત દેશની ક્રિકેટ ટીમના જેઓ સભ્ય રહી ચૂક્યા છે એવા મુંબઈના ચપળ ફિલ્ડર અને બેટ્સમેન ગુલામ પારકર, કંબોલી ગામના રશીદ પટેલ, ઈખર ગામના મુનાફ પટેલ, વડોદરાના યુસુફ પઠાણ ટંકારીઆના પ્રખ્યાત ખરી ગ્રાઉન્ડ તરીકે ઓળખાતા ઐતિહાસિક ગ્રાઉન્ડ પર યોજાતી ટુર્નામેન્ટની મેચો રમી ચૂક્યા છે. ભારતની ટીમના સફળ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ આ ગ્રાઉન્ડ પર ખાસ મહેમાન તરીકે હાજરી આપી ચૂક્યા છે. ટંકારીઆ ગામના અહમદ અલીભાઈ ઘોડીવાલા આઝાદી પૂર્વે અને સલીમ વેરાગી આઝાદી પછી રણજી ટ્રોફીમાં રમવાનું સૌભાગ્ય ધરાવે છે. આ ઉપરાંત રણજી ટ્રોફીના ઘણા બધા ખેલાડીઓ, ગુજરાતના અને મુંબઈના (મુંબઈ જીમખાના સહિતના) કેટલાય ખ્યાતનામ ખેલાડીઓ, ટંકારીઆ ગામ અને તેની આજુબાજુના વિસ્તારના અગણિત ખેલાડીઓ આ ગ્રાઉન્ડ પર રમીને સુંદર દેખાવો કરી ચૂક્યા છે.

ટંકારીઆ સ્પોર્ટસ ક્લબ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થાય છે એ ઐતિહાસિક ખરી ગ્રાઉન્ડમાં ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી ટંકારીઆના મરહૂમ અબ્દુલરઝઝાક બારીવાલાએ જેની સ્થાપના કરી હતી એ 'બારીવાલા ક્રિકેટ ક્લબના' ગ્રાઉન્ડ પર રમાતી મેચોમાં ભાગ લેવા અને મેચો જોવા દૂર દૂરના વિસ્તારથી લોકો ટંકારીઆ આવે છે; ખાસ કરીને ટુર્નામેન્ટની ફાઈનલ મેચ હોય ત્યારે ટંકારીઆમાં કોઈ મોટા ઉત્સવની સામુહિક ઉજવણી થતી હોય એવો માહોલ હોય છે. સ્થાનિક લોકોની ખૂબ મોટી સંખ્યા ઉપરાંત ક્યારેક કલેક્ટર, ડી.એસ.પી. સહિતના સરકારી અમલદારો, સામાજિક કાર્યકરો, સ્થાનિક રાજકારણીઓ, વિદેશથી વતનની મુલાકાતે આવતા સફરી ભાઈઓ પણ ખાસ હાજરી આપી આનંદ લૂંટતા હોય છે. છેલ્લા ઘણા વર્ષોથી ટંકારીઆ સ્પોર્ટસ ક્લબ ટંકારીઆના ઉત્સાહી સભ્યો દ્વારા ટુર્નામેન્ટનું સુંદર આયોજન થાય છે. ખરી ગ્રાઉન્ડ પરના ક્રિકેટ મેચોના આયોજકોમાં મરહૂમ અબ્દુલ્લાહ સાલેહ, ઐયુબ દાદાભાઈ સરથલાવાલા, ફારૂક ઈબ્રાહીમ બશેરી, મરહૂમ દિલાવરભાઈ બશેરી, આરીફ બાપુજી, સાજીદ લાલન, જાકીર ઉમટા, અબ્દુલ રઝઝાક કામઠી, મુસ્તાક દૌલા અને બીજા કેટલાક સભ્યોનું મહત્વનું યોગદાન રહ્યું છે. ગામના ક્રિકેટ રમતા

ખેલાડીઓ, ક્રિકેટ રસિકો, આગેવાનો ઉપરાંત સેમી ફાઈનલ અને ફાઈનલ જેવી અગત્યની મેચોમાં હાલમાં ભરૂચમાં સ્થાયી થયેલા મૂળ ટંકારીઆના રહેવાસી એવા સામાજિક કાર્યકર અબ્દુલ રઝ્ઝાક કામઠી ખાસ ભરૂચથી આવે છે અને સુંદર માહોલ વચ્ચે સમાપન કાર્યક્રમ યોજાય છે. મિત્ર મુસ્તાક દૌલા અગત્યની મેચોનું રસપૂર્વક રીપોર્ટીંગ કરી દેશ-વિદેશમાં રહેતા ટંકારવીઓને આ માહોલમાં પરોક્ષ રીતે સામેલ કરવાનું કામ કરે છે.

'બારીવાલા ક્રિકેટ ક્લબના' ગ્રાઉન્ડ પર મરહૂમ અબ્દુલ રઝ્ઝાક બારીવાલાના નામ પરથી A. R. B. ક્રિકેટ એકેડેમી દ્વારા છોકરાઓને ક્રિકેટનું કોચિંગ આપવામાં આવે છે. દીવી ગામના રણજી ટ્રોફીના ખેલાડી ઈકરામ જાંપાવાલા હાલમાં કોચિંગ આપે છે. મરહૂમ અબ્દુલ રઝ્ઝાક બારીવાલાના ઈંતેકાલ પછી એમના પુત્ર સઈદ બારીવાલાએ બારીવાલા ક્રિકેટ ક્લબના ગ્રાઉન્ડનું સંચાલન આરીફભાઈ બાપુજીને સોંપેલ છે જેમને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફભાઈ ઘોડીવાલાનો સાથ સહકાર મળે છે.

'ધ વીનર ક્રિકેટ કલબ', 'ધ ફેમસ ક્રિકેટ ક્લબ', 'નાઝ ક્રિકેટ ક્લબ', 'એન.પી.સી.સી.' (નાના પાદર ક્રિકેટ ક્લબ), 'રેસ્ટ ઑફ ટંકારીઆ', 'કે.જી.એન. ક્રિકેટ ટીમ', 'આલિયા ઈલેવન ક્રિકેટ ટીમ' ઉપરાંત કેટલીયે ક્રિકેટ ટીમોનું ટંકારીઆને ભરૂચ જિલ્લામાં ક્રિકેટ ક્ષેત્રે અનોખું સ્થાન અપાવવામાં ખાસ યોગદાન રહ્યું છે.

મુસ્તફાબાદ યુથ ક્લબ દ્વારા ૧૯૭૬ અને ૧૯૭૭ એમ બે વર્ષ સુધી ક્રિકેટ ટુર્નામિન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મૂળ ટંકારીઆ ગામના વડોદરામાં રહી ઈન્કમટેક્ષ ઈન્સ્પેક્ટરની સેવા બજાવતા મરહૂમ મુસા મુહમ્મદ માસ્તર (ઘોડીવાલા હનીફના પિતાશ્રી)નો ઈંતેકાલ ૧૯૭૩માં નાની ઉંમરે થયો હતો જેમની યાદમાં એમના નામથી આ ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન થયું હતું. બે વર્ષના ક્રિકેટ ટુર્નામિન્ટના સફળ આયોજન પછી ટુર્નામિન્ટમાં અમ્પાયરની સેવા બજાવતા જનાબ ઈસ્માઈલભાઈ સાલેહનું કમોસમી વરસાદના કારણે ઘરની દીવાલ પડી જતાં દુઃખદ અવસાન થતાં કેટલાક સમય માટે ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન મોકૂફ રહ્યું હતું.

મુસ્તફાબાદ યુથ ક્લબ ટંકારીઆ દ્વારા સતત પાંચ વર્ષ સુધી ટંકારીઆ ખરી ગ્રાઉન્ડ ઉપર વોલીબોલ ટુર્નામેન્ટનું પણ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વોલીબોલના ૧૫ ગ્રાઉન્ડ પર એક સાથે મેચો રમાતી હતી. જેમાં ભરૂચ, સુરત અને વડોદરા જિલ્લાની અનેક ટીમો ભાગ લેતી હતી. આ ટુર્નામેન્ટમાં ટંકારીઆ ગામના અમ્પાયરો મરહૂમ મુહમ્મદ મુસા વરૂ, મરહૂમ અબ્દુલ્લાહ આદમ આમા, સુબા સાહેબ દેવરામ, અબ્દુલ સત્તાર નગીઆ, મરહૂમ ઈસ્માઈલભાઈ સાલેહ, અહમદ સાહેબ લોટીયા ઉપરાંત હાંસોટના અમ્પાયરો સેવા બજાવતા હતા. વોલીબોલની ટુર્નામેન્ટના ગ્રાઉન્ડ પરના આયોજનની મુખ્ય જવાબદારી મુસ્તફાબાદ યુથ ક્લબ ટંકારીઆના સુબા સાહેબ દેવરામ (સી.પી.એડ.) બીજા સભ્યોની મદદથી સંભાળતા હતા.

રમતગમત ક્ષેત્રે અલ્લીભાઈ કાપડિયાનું યોગદાન પણ મહત્વનું રહ્યું છે. તેમના દ્વારા ટંકારીઆના ખરી ગ્રાઉન્ડ પર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ૧૯૭૦-૮૦ના ગાળામાં બે વર્ષ સુધી થયેલું. આ ઉપરાંત તેઓ મુંબઈ જીમખાના સહિત મુંબઈના અનેક પ્રખ્યાત ખેલાડીઓને ટંકારીઆના ગ્રાઉન્ડ પર ક્રિકેટ રમવા માટે લઈ આવતા હતા જેથી તે સમયના કેટલાક પ્રખ્યાત ખેલાડીઓની રમત જોવાનો મોકો લોકોને મળતો હતો. ટંકારીઆમાં તેમના દ્વારા કેરમ બૉર્ડની ટુર્નામેન્ટ યોજી વિજેતાઓને ટ્રોફી આપવાનું આયોજન ૧૯૭૫ અને ૧૯૭૬માં થયું હતું. કેરમ બૉર્ડના પ્રખ્યાત અને ચુનંદા ૫૦-૬૦ ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા અનેક સ્થળેથી ટંકારીઆ આવતા હતા.

ટંકારીઆના ખેલાડીઓ ટંકારીઆ ગામની બહાર આફ્રિકા, યુ.કે., અમેરિકા, કૅનેડા જેવા દેશોમાં ક્રિકેટની ટીમ બનાવી ખૂબ સારો દેખાવ કરતા રહે છે.

લંડનમાં રહેતા ટંકારીઆના જનાબ બશીરભાઈ ખોડાએ મોટી ઉંમરની ફિકર ચિંતા કર્યા સિવાય બોલીંગની રમતમાં ૨૦૧૦માં ટ્રોફી જીતીને ટંકારીઆનું નામ રોશન કર્યું છે. એમની સાથે ભરૂચીઓ માટે નવી કહી શકાય એવી આ રમતમાં ટંકારીઆના દિલાવરભાઈ ખોડા માસ્તર, યુસુફભાઈ બાપુજી,

ઈસ્માઈલભાઈ ખૂણાવાલા, યાકુબભાઈ કરીમ, ઈકબાલભાઈ કાયમ મુન્શી, મુહમ્મદ હનીફ મુન્શી, દિલાવરભાઈ દશુ, મજીદભાઈ કાગદી, મરહૂમ સાદીકભાઈ બંગલાવાલા 'પ્લેશેટ પાર્ક બોલીંગ ક્લબ'ના હોનહાર ખેલાડીઓ અને સભ્યો રહ્યા છે.

રમતગમતના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ટંકારીઆ મૂળના અયાઝ મજીદ ભુતા (જન્મ ૧૭ એપ્રિલ ૧૯૮૯)નું યોગદાન આપણને બધાને ગૌરવની લાગણી કરાવનારું છે. ટંકારીઆ મૂળના અયાઝ મજીદ ભુતા MBEનો જન્મ રોબર્ટ્સ સિન્ડ્રોમ સાથે ઈંગ્લેન્ડમાં થયો હતો, જે એક દુર્લભ જન્મજાત વિકલાંગતા છે જે શરીર અને અંગોના વિકાસને અસર કરે છે. અયાઝ શરૂઆતમાં વ્હીલચેર બાસ્કેટબોલ રમતા હતા. અયાઝ હાલના વ્હીલચેર રગ્બી એથ્લેટ છે. પેરાલિમ્પિક વ્હીલચેર રગ્બી સ્પર્ધા જાપાનના ટોક્યો શહેરમાં ૨૦૨૦માં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ઈંગ્લેન્ડની ટીમના તેઓ સભ્ય હતા. ઈંગ્લેન્ડની ટીમે આ ચેમ્પિયનશિપ જીતી હતી; અયાઝને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. આ અગાઉ ૨૦૧૬ની પેરાલિમ્પિકમાં પણ તેઓ ઈંગ્લેન્ડની ટીમના સભ્ય રહી ચૂક્યા છે. અયાઝ ડબલ યુરોપિયન ચેમ્પિયન પણ છે. અયાઝને બ્રિટનની રાણી દ્વારા MBEની પદવી એનાયત કરવામાં આવી હતી. ફક્ત ટંકારીઆ જ નહીં પરંતુ સમગ્ર ભરૂચી વહોરા પટેલ સમાજને ગૌરવ અપાવનારી આ મહાન સિદ્ધિ છે. અયાઝને તેમની રમતગમત અને બોલ્ટન સમુદાય પ્રત્યેની સેવાઓ માટે તેમની ભૂતપૂર્વ અને સ્થાનિક યુનિવર્સિટી તરફથી માનદ ડૉક્ટરેટની પદવી આપવામાં આવી છે. અયાઝ નિયમિતપણે શાળાઓની મુલાકાત લે છે અને તેમની પોતાની સામુદાયિક કંપની AB10 રિવોલ્યુશનની સ્થાપના કરી છે જેનો હેતુ શારીરિક પ્રવૃત્તિ વર્કશોપ, વર્ગખંડના સત્રો અને પ્રેરણાત્મક સભાઓ દ્વારા યુવાનોને પ્રેરણા આપવા અને શિક્ષિત કરવાનો છે.

અયાઝ ભુતા અંગેની ઉપરોક્ત માહિતી જનાબ ઈસ્માઈલ સાહેબ ખૂણાવાલાએ લંડનથી લખીને મોકલી છે.

## ૩.૩૨

# ટંકારીઆ ગામની વૅબસાઈટ

**“ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,**
**અહીં આપણે તો જવું હતું, ફકત એકમેકના મન સુધી”**

- ગની દહીંવાલા

(૧) **Tankaria વૅબસાઈટ (Tankaria Wetpaint)**

હોસ્ટિંગ કંપની: Wetpaint New York, U.S.
વૅબસાઈટ શરૂ થયા તારીખ: ૧૬ ફેબ્રુઆરી ૨૦૦૭.
સમય: ૦૬:૩૫ (કલાક:મિનીટ)

**સંચાલકો (Admins):**

(૧) નાસીરહુસેન અહમદ લોટીયા
(૧૬ ફેબ્રુઆરી ૨૦૦૭થી ૦૧ જૂન ૨૦૨૧)

(૨) મુસ્તાક સુલેમાન દૌલા
(૦૪ એપ્રિલ ૨૦૦૭થી ૦૧ જૂન ૨૦૨૧)

(૩) મરહૂમ ઈકબાલ તલાટી ભુતા
(૦૧ જાન્યુઆરી ૨૦૧૦ થી ૦૨ સપ્ટેમ્બર ૨૦૧૫)

(૪) મુહમ્મદમતીન બશીર મનમન
(૦૧ જાન્યુઆરી ૨૦૧૦થી ૦૧ જૂન ૨૦૨૧)

Tankaria વૅબસાઈટના હોસ્ટિંગના સમયે Tankaria domain એક કંપની દ્વારા રજીસ્ટર થયેલ હતું એટલે Tankaria.com નામથી વૅબસાઈટ રજીસ્ટર કરવાનું શક્ય ન હતું. અંતે Tankaria Wetpaint તરીકે પ્રચલિત હતી એ Tankaria વૅબસાઈટ શરૂ કરવામાં આવી હતી. આ વૅબસાઈટમાં સમાચાર વિભાગ એ મુખ્ય આકર્ષણ અને સૌથી વધુ જોવાતું પેજ હતું. શરૂઆતમાં કેટલાક સમયને બાદ કરતાં મોટા ભાગના સમાચાર આ વૅબસાઈટના સંચાલક અને ખૂબ સક્રિય એવા મિત્ર મુસ્તાક સુલેમાન દૌલા દ્વારા પ્રસિદ્ધ થતા

હતા. સમાચાર વિભાગમાં શરૂઆતમાં નાસીરહુસેન લોટીયા અને ત્યારબાદ મુહમ્મદમતીન બશીર મનમનનો સહકાર મુસ્તાકને મળતો હતો. મુહમ્મદમતીન બશીર મનમને ખાસ કરીને નવી હાઈસ્કૂલના બાંધકામના સમયે હાઈસ્કૂલની અવારનવાર મુલાકાત લઈ નિયમિત રીતે અહેવાલો રજૂ કરી સરાહનીય કામગીરી કરી હતી. ટંકારીઆ વૅબસાઈટ અને માય ટંકારીઆ વૅબસાઈટ પર એકસરખા સમાચારો એક જ સમયે પ્રસિદ્ધ કરવાનું બેવડું કામ અને તેનું ખૂબ મોટું બેવડું ભારણ મિત્ર મુસ્તાક પર સતત રહેતું હતું. અંતે નવેમ્બર ૨૦૧૫માં નાસીરહુસેન લોટીયા અને શકીલ ભા વચ્ચે થયેલ વિસ્તૃત ચર્ચાના અંતે ટંકારીઆ ગામની એક જ વૅબસાઈટ ચાલુ રાખી બીજી વૅબસાઈટ કાયમ માટે બંધ કરવી એવું નક્કી થયું. Tankaria વૅબસાઈટ પરના ગામની સંસ્થાઓના પેજ અને 'ટંકારીઆનો ઈતિહાસ' જેવા થોડા ઉપયોગી પેજ My Tankaria વૅબસાઈટમાં સમાવવામાં આવ્યા. નવેમ્બર ૨૦૧૫ થી ૩૧ મે ૨૦૨૧ (૫ વર્ષ અને ૬ મહિના) સુધી ટંકારીઆ વૅબસાઈટ અપડેટ કર્યા વિના સુષુપ્ત અવસ્થા (Sleep Mode)માં ચાલુ રાખવામાં આવી હતી. 'My Tankaria'ના, 'Websites' નામના પેજ પર 'Tankaria' વૅબસાઈટના ૨-૩ પેજ pdf ફોર્મમાં મુકવામાં આવ્યા છે. આમ આ વૅબસાઈટ ૧૪ વર્ષ સુધી જીવંત (Live) રાખ્યા પછી અંતે ૦૧ જૂન ૨૦૨૧ના રોજ સંપૂર્ણપણે બંધ કરવામાં આવી હતી. અહીં આ વિવરણ આપવાનો ઉદ્દેશ એ પુરવાર કરવાનો છે કે, સાચી નિષ્ઠા, સાલસ વ્યવહાર, હકારાત્મક વાર્તાલાપ, દૂરંદેશી, સમજદારી, વિવેક અને આપસી સમજૂતીથી કોઈપણ બાબતનો ઉત્કૃષ્ટ અને સર્વમાન્ય ઉકેલ લાવી શકાય છે.

Tankaria website ઉપરાંત 'Tankaria' મોબાઈલ એપ્લીકેશન પણ હંમેશા માટે બંધ કરવામાં આવી હતી.

ટંકારીઆ વૅબસાઈટ અને ગામના ઈતિહાસના આ પુસ્તક વચ્ચે સીધો સંબંધ છે. વૅબસાઈટની શરૂઆત થઈ ત્યારે તેના હેતુઓ અને પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ વૅબસાઈટનો એક

હેતુ, 'આપણી ઓળખ જાળવી આપણા મૂળ અને આપણા મહાન પૂર્વજો સંબંધિત જાગૃતિ કેળવવી' ને ધ્યાનમાં રાખી ગામના ઇતિહાસ અંગેની માહિતી મેળવવાનું કામ વૅબસાઈટની શરૂઆતની સાથે જ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૭માં શરૂ કરવામાં આવ્યું હતું. ઇતિહાસના આ પુસ્તકનું પ્રકાશન વૅબસાઈટના હેતુઓ પૈકી એક હેતુ પ્રાપ્ત કરવાની દિશામાં એક કદમ જરૂર કહી શકાય.

(૨) **My Tankaria વૅબસાઈટ**

હોસ્ટિંગ કંપનીઃ Unlimited Web Hosting U.K.
વૅબસાઈટ શરૂ થયા તારીખઃ ૦૬ માર્ચ ૨૦૦૭.
સમયઃ ૦૨:૦૬:૨૭ (કલાકઃમિનીટઃસેકન્ડ)

**સંચાલકો (Admins):**

(૧) શકીલ અબ્દુલ્લાહ ભા (૦૬ માર્ચ ૨૦૦૭થી)
(૨) યાકુબ મેન્ક (૨૦૦૭થી)
(૩) સોએબ રેઠડા (૨૦૦૭થી)
(૪) મુસ્તાક દૌલા (૨૦૧૨થી)
(૫) નાસીરહુસેન લોટીયા (૦૭ નવેમ્બર ૨૦૧૫થી)

આ ઉપરાંત સૈફુલ્લાહ બંગલાવાલા, સુહેલ બંગલાવાલા, અનવર ખાંધિયા, મરહૂમ મુહમ્મદ ડૉ. યુસુફ ખોડાનું યોગદાન પણ આ વૅબસાઈટમાં રહ્યું છે. વૅબસાઈટમાં કોઈ ટેકનિકલ ખામી ઉભી થાય તો તેને હલ કરવાનું કામ અનીસ યાકુબ મેન્ક કરે છે. માર્ચ ૨૦૦૭માં ડૉમેઈન રજીસ્ટ્રેશન ફી અને ત્યારબાદ થોડા વર્ષો સુધી વૅબસાઈટની વાર્ષિક ફી અને માય ટંકારીઆ મોબાઈલ એપ્લીકેશનની વાર્ષિક ફી આ વૅબસાઈટના સંચાલકો પૈકી વૅબસાઈટ સાથે શરૂઆતથી જ જોડાયેલા અને ખૂબ ઉત્સાહી એવા શકીલ અબ્દુલ્લાહ ભા દ્વારા ચૂકવવામાં આવી છે. ઈન્ટરનેટનો ખર્ચ, કેમેરા, મોબાઈલ ફોન, મૉડેમ, રાઉટર, કોમ્પ્યુટર/ લેપટોપ અને બીજા બધા ઓવરહેડ ખર્ચ વૅબસાઈટના બધા સંચાલકો (Admins) પોતપોતાની રીતે ભોગવે છે. ગામની વૅબસાઈટ ચલાવવામાં અત્યાર સુધી એક માતબર રકમનો ખર્ચ થયો છે. વૅબસાઈટના સંચાલકોએ અગણિત કલાકો

ગામની આ વૅબસાઈટ માટે ફાળવી, વિવિધ રસપ્રદ વિષયોનો વૅબસાઈટમાં સતત ઉમેરો કરતા રહી અત્યાર સુધી તેને જીવંત રાખવાના ભરપૂર પ્રયાસો કર્યા છે.

આ વૅબસાઈટના માધ્યમથી ઘણા સરાહનીય કામો પણ થયા છે. ગામના સમાચાર, ઉપયોગી માહિતી, ગામમાં થતા વિકાસના વિવિધ કામો અને કાર્યક્રમોના વિગતવાર અહેવાલ નિયમિત રીતે લોકો સુધી પહોંચાડવા ઉપરાંત જરૂરતમંદ લોકોને મદદ માટેની અપીલ, ગામની વિવિધ સંસ્થાઓની ઉપલબ્ધિઓ અને જરૂરિયાતો વિષેની જાણકારી નિયમિત રીતે લોકો સુધી પહોંચાડવાનું કામ, ગામના તેજસ્વી તારલાઓની ઉપલબ્ધિઓ ઉજાગર કરી પ્રોત્સાહન આપવાનું કામ, ગામનો ભવ્ય ઈતિહાસ લોકો સુધી પહોંચાડી લોકોને પોતાના મૂળ સાથે જોડવાનું કામ જેવા કેટલાક કામોમાં આ વૅબસાઈટનું યોગદાન રહ્યું છે. લોકોને એક-બીજા સાથે જોડવાના ખાસ ઉદ્દેશથી શરૂ થયેલ આ વૅબસાઈટના માધ્યમથી કેટલાક લક્ષ્યો સુધી પહોંચવામાં પણ થોડી મદદ મળી છે એવું કહી શકાય.

**લક્ષ્યો અને પ્રાથમિકતાઓ:**

https://www.mytankaria.com/organisations/aims-and-priorities

My Tankaria વૅબસાઈટ ઉપરાંત My Tankaria મોબાઈલ એપ્લીકેશન, ટ્વીટર, ફેસબુક અને વૉટ્સઅપ ગ્રુપ પણ ચાલે છે.

**3.33**

## ટંકારીઆ ચેનલ

Tankaria YouTube Channel ૦૪ જૂન, ૨૦૨૨ના રોજ શરૂ થઈ હતી. આ ચેનલનો મુખ્ય ઉદ્દેશ ગામને લગતી ખાસ ઉપયોગી માહિતી વીડિયોના માધ્યમથી ગ્રામજનો સુધી પહોંચાડવાનો છે. ટંકારીઆના ઈતિહાસના આ પુસ્તકના પૃષ્ઠ વધી ગયાં હોવાથી અને ગામની સંસ્થાઓની સંખ્યા ઘણી

વધારે હોવાથી દરેક સંસ્થાઓના ફોટા આ પુસ્તકમાં સમાવી શકાય એમ નથી. આ ઊણપ પૂરી કરવા આ ચેનલ પર ગામની સંસ્થાઓના વીડિયો અપલોડ કરવાનું કામ ચાલુ છે. આ ઉપરાંત ટંકારીઆના ઘણા મોટા વિસ્તારને આવરી લેતા ડ્રોન કેમેરાની મદદથી લીધેલા આકર્ષક અને સ્પષ્ટ દેખાતા સુંદર વીડિયો પણ આ ચેનલ પર ટૂંક સમયમાં અપલોડ કરવામાં આવશે. ટંકારીઆ ગામ, ગામની સંસ્થાઓ, દરગાહો, આપણા વીતેલા વખતની યાદો તાજી કરાવતા અસલ, ઐતિહાસિક, રમણીય જૂના મકાનો તથા સાંપ્રત સમયની પ્રગતિની ઝાંખી કરાવતા ભવ્ય અને અદ્યતન મકાનો જોવા અહીં આપેલ લિંકનો ઉપયોગ કરો.

https://www.youtube.com/c/TankariaChannel

https://youtube.com/@TankariaChannel



# ભાગ-૪

## ટંકારીઆના લોકો

*સંપાદકઃ નાસીરહુસેન લોટીયા*

ટંકારીઆ એ ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાના મોટા ગામો પૈકી અગ્રતા ક્રમમાં આવતું ગામ છે. છેલ્લે ૨૦૧૧માં થયેલી વસ્તી ગણતરીના સરકારી આંકડાઓ મુજબ ટંકારીઆ ગામના કુલ ૧૮૭૯ પરિવારોના ૯૫૯૫ લોકો ૨૦૧૧માં ટંકારીઆમાં રહેતા હતા; જેમાંથી ૪૮૧૫ પુરૂષો જ્યારે ૪૭૮૦ મહિલાઓ હતી.

૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ ટંકારીઆમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ વસ્તી ૯૭ હતી જે પૈકી ૪૮ પુરુષો અને ૪૯ સ્ત્રીઓ હતી. અનુસૂચિત જનજાતિના લોકોની કુલ વસ્તી ૧૩૪૭ હતી જે પૈકી ૬૮૭ પુરુષો અને ૬૬૦ સ્ત્રીઓ હતી. અહીં આપેલા આંકડા વૅબસાઈટની માહિતીના આધારે જાણકારી માટે આપેલ છે.

૨૦૨૧-૨૨ના ગ્રામ પંચાયત ટંકારીઆના આકારણી રજીસ્ટરના આંકડા મુજબ ૩૨૦૦થી વધુ મિલકતોની આકારણી થઈ છે જેમાં બાંધકામ ન થયું હોય એવા ખુલ્લા પ્લોટો બાદ કરવામાં આવે તો હાલમાં ટંકારીઆમાં આશરે ૨૫૦૦-૨૭૦૦ જેટલા મકાનોમાં ગામના લોકો રહે છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાનમાં રાખીને એક સામાન્ય અંદાજ મુજબ ૨૦૨૨માં આ ગામની વસ્તી ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ હોવાનું ફક્ત

અનુમાન કરી શકાય. જ્યાં સુધી હવે પછીની વસ્તી ગણતરી થશે નહીં ત્યાં સુધી ગામની અત્યારની (૨૦૨૨ની) વસ્તી અંગે કોઈ ચોક્કસ આંકડો મળી શકે એમ નથી.

